સુપર હિટ નીવડેલી બે આત્મકથા : ઉસ્માન ખ્વાજાએ ક્રિકેટના મેદાનને અને સોનિયા ગાંધીએ રાજકીય વર્તુળમાં ચર્ચા જગાવી

આત્મકથા : ઇતિહાસના બંધ દરવાજાની ચાવી

વિવિધા

ભવેન કચ્છી

હાલમાં બે આત્મકથાનક પુસ્તકો ભારે ચર્ચામાં છે.ખ્વાજા અને સોનિયા ગાંધીની આત્મકથાએ પ્રકાશન જગતમાં આશા જગાવી છે. ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર ઉસ્માન ખ્વાજાના પુસ્તક 'Sabr' ને કારણે ક્રિકેટ જગતમાં હલચલ મચી છે. ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં રમાયેલી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના કેમેરોન બેનક્રોફ્ટને સેન્ડપેપર વડે બોલ સાથે ચેડાં કરતા કેમેરામાં ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યાર પછી સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર અને બેનક્રોફ્ટ સામે કાર્યવાહી થઈ. સ્મિથ અને વોર્નર પર એક વર્ષનો અને બેનક્રોફ્ટ પર નવ મહિનાનો પ્રતિબંધ મૂકાયો.

ઓસ્ટ્રેલિયન ક્રિકેટની પ્રતિષ્ઠાને મોટો આંચકો લાગ્યો. ત્યાર પછી વર્ષો સુધી આ ઘટના અંગે ચર્ચા થતી રહી, પરંતુ જવાબદારી મુખ્યત્વે આ ત્રણ ખેલાડીઓની આસપાસ જ રહી. હવે આઠ વર્ષ પછી ખ્વાજાએ પોતાના પુસ્તકમાં દાવો કર્યો છે કે બોલ સાથે ચેડાં કરવાની વાત માત્ર આ ત્રણ ખેલાડીઓ પૂરતી મર્યાદિત નહોતી. તેના કહેવા પ્રમાણે અગાઉની પોર્ટ એલિઝાબેથ ટેસ્ટમાં પણ બોલ પર કાચ કાગળ ઘસવાનો કાંડ થયો હતો એટલું જ નહીં ટીમમાં આ અંગે મીટીંગ યોજાઈ હતી અને તમામ ખેલાડીઓ તેમાં સામેલ હતા. ખ્વાજાએ એવો પણ ઉલ્લેખ કર્યો છે કે તેણે ત્યારે જ આખી ટીમે સામૂહિક જવાબદારી સ્વીકારવી જોઈએ એવી વાત કરી હતી, પરંતુ તેની વાતને પૂરતું સમર્થન મળ્યું નહોતું. આ ખુલાસા પછી ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર કમિન્સ અને હેઝલવુડે તેની વાતનો વિરોધ કર્યો છે. તેઓએ કહ્યું કે અમે બોલ ટેમ્પર કરવાનો છે તે વાતથી તદ્દન અજાણ હતા. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પણ પોતાની અગાઉની તપાસના તારણો બદલવાની જરૂર ન હોવાનું જણાવ્યું છે. એટલે આ દાવાઓ અંગે મતભેદ હજી યથાવત્ છે.

સોનિયાની જર્ની

સોનિયા ગાંધીનું પુસ્તક 'Belonging: A Journey of Love'. ૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ પ્રકાશિત થયું. આ ૫૪૪ પાનાંના સ્મૃતિગ્રંથમાં સોનિયા ગાંધીએ પોતાના જીવનની એવી ઘટનાઓને સ્પર્શી છે જેનો ઉલ્લેખ જાહેર જીવનમાં ભાગ્યે જ કર્યો હતો. ઇટાલીના નાના શહેરમાંથી ભારત આવવું, રાજીવ ગાંધી સાથેનો સંબંધ, ઇન્દિરા ગાંધી સાથેનું જીવન, પરિવારની અંદરની લાગણીઓ, રાજકીય જવાબદારીઓ અને બે મોટી હત્યાઓએ તેમના જીવનને કેવી રીતે બદલી નાખ્યું તેની વાતો પુસ્તકમાં છે. આ પુસ્તકમાં એક ચોંકાવનારો અંગત પ્રસંગ ૧૯૬૯નો છે. સોનિયા અને રાજીવ ગાંધીના પ્રથમ સંતાનનો જન્મ સમય પહેલાં થયો હતો અને થોડા સમય પછી તેનું અવસાન થયું હતું. સોનિયાએ આ અંગત દુઃખ વિશે પ્રથમ વખત આટલી વિગતવાર વાત કરી છે. જાહેર જીવનમાં દાયકાઓ સુધી રહેલી વ્યક્તિના જીવનમાં આવી અંગત ઘટના કેટલી ઊંડી અસર કરતી હશે તેનો અંદાજ લગાવી શકાય છે. પુસ્તકમાં ઓપરેશન બ્લૂ સ્ટાર પછી તેમના ઘરના એક રૂમમાં ગ્રેનેડ મળી આવ્યાની ઘટનાનો પણ ઉલ્લેખ છે. ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીની હત્યા અને ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા પછી પરિવાર પર શું વીતી હતી તેનું અંગત વર્ણન પણ છે. સોનિયાએ ૧૯૯૨માં બાબરી મસ્જિદના ધ્વંસની ઘટના અંગે પોતાની લાગણીઓ અને તેને ભારતીય રાજકીય ઇતિહાસનો વળાંક ગણાવતી વાત રજૂ કરી છે. ઇમરજન્સીના સમયગાળાને લઈને પણ તેમણે પોતાના અનુભવ અને પરિવારની અંદરની તણાવપૂર્ણ પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો છે. મેનકા ગાંધી સાથેના સંબંધોમાં આવેલા અંતર અને સંજય ગાંધીના મૃત્યુ પછીના કુટુંબના મતભેદો વિશે પણ લખ્યું છે. વડાપ્રધાનપદ સ્વીકારવાનો ઇનકાર અને તે સમયની રાજકીય પરિસ્થિતિ અંગે પણ પુસ્તકમાં તેમનો પોતાનો દ્રષ્ટિકોણ છે.



પેંગ્વિનનો વિવાદ

આ પુસ્તકનું પ્રકાશન પોતે પણ એક રસપ્રદ પ્રકરણ બન્યું. શરૂઆતમાં પેંગ્વિન રેન્ડમ હાઉસ દ્વારા પુસ્તક પ્રકાશિત થવાનું હતું, પરંતુ પ્રકાશન પહેલાં કરાર આગળ વધ્યો નહીં. કેટલાક અહેવાલોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આરએસએસ અને ચીન સંબંધિત સંદર્ભોમાં ફેરફાર અંગે મતભેદ હોવાનો દાવો થયો. પ્રકાશક તરફથી આ વર્ણન અંગે અસંમતિ વ્યક્ત કરવામાં આવી. ત્યાર પછી પુસ્તક અન્ય પ્રકાશન વ્યવસ્થા હેઠળ બહાર આવ્યું. આ સમગ્ર ઘટનાએ પુસ્તકની સામગ્રી કરતાં પહેલાં જ તેના પ્રકાશનને ચર્ચામાં મૂકી દીધું. સોનિયા ગાંધીના પુસ્તકનું મહત્ત્વ માત્ર કોઈ રાજકીય ખુલાસામાં નથી. એક એવી વ્યક્તિ જેણે દાયકાઓ સુધી પોતાની અંગત જિંદગીને જાહેર ચર્ચાથી દૂર રાખી, તે હવે પોતાના જીવનના સાક્ષી તરીકે બોલે છે. અહીં વાચકને રાજકીય નેતા કરતાં એક પત્ની, માતા, પુત્રવધૂ અને લાંબા સમય સુધી સત્તાના કેન્દ્રની નજીક રહેલી વ્યક્તિની નજરે ભારતના ઇતિહાસને જોવાની તક મળે છે. અલબત્ત, તેમના રાજકીય મૂલ્યાંકન સાથે દરેક વાચક સંમત થાય જ એવું નથી. પરંતુ છ દાયકાના રાજકીય અને સામાજિક પરિવર્તનનો અંગત સાક્ષી તરીકેનો તેમનો અનુભવ પુસ્તકને મહત્ત્વ આપે છે.

સંજય બરુનું નિરીક્ષણ

વર્ષ ૨૦૦૪થી ૨૦૦૮ દરમ્યાન સ્વ. વડાપ્રધાન ડો. મનમોહન સિંઘના મીડિયા સલાહકાર રહેલા સંજય બરુના પુસ્તક 'The Accidental Prime Minister: The Making and Unmaking of Manmohan Singh' એ પણ ખાસ્સી ચર્ચા જગાવી હતી. તેમણે વડાપ્રધાન સાથે નજીકથી કામ કર્યું હતું અને પુસ્તકમાં યુપીએ સરકારના કાર્યકાળની અંદરની અનેક વાતો લખી છે.

આ પુસ્તકનો સૌથી મોટો અને ચોંકાવનારો દાવો એ હતો કે ડો. મનમોહન સિંહ વડાપ્રધાન હતા, પરંતુ સરકારના કેટલાક મહત્ત્વના રાજકીય નિર્ણયો પર તેમનું સંપૂર્ણ નિયંત્રણ નહોતું. બરુના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનું સરકારમાં ઘણું પ્રભુત્વ હતું.

પુસ્તકની ખાસ કરીને એ વાતો ચર્ચામાં આવી હતી કે વડાપ્રધાનના મુખ્ય સચિવ પુલોક ચેટર્જી સોનિયા ગાંધીને નિયમિત મળતા અને મહત્ત્વના નીતિવિષયક મુદ્દાઓ તથા ફાઇલો અંગે તેમની સૂચનાઓ લેતા. જોકે બરુએ પાછળથી સ્પષ્ટતા કરી હતી કે તેમણે પોતે ફાઇલો સોનિયા ગાંધી પાસે લઈ જવાતી હોય તેવું જોયું નહોતું.

રાજકારણની અંતરંગ દુનિયાને ઉઘાડી પાડતી આત્મકથા ઘણી વખત રહસ્ય કથા જેવી વધુ લાગે છે

જો કે વડાપ્રધાન કાર્યાલયે બરુના આ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો. બરુના મતે બીજી વખત સરકાર રચાયા પછી મનમોહન સિંહને લાગ્યું હતું કે હવે તેઓ પોતાની પસંદગીના મંત્રીઓ અને ટીમ બનાવી શકશે. પરંતુ નાણાં મંત્રાલય પ્રણવ મુખરજીને આપવાનો નિર્ણય હાઈ કમાન્ડ દ્વારા કરાયો અને વડાપ્રધાનની પસંદગીને મહત્વ નહોતું અપાયું.

બરુએ એમ પણ લખ્યું કે વડાપ્રધાનની વિદેશયાત્રા દરમિયાન અગાઉ કેટલાક પસંદગીના પત્રકારોને ખાસ સુવિધાઓ મળતી હતી - જેમ કે એરપોર્ટ પર લિમોઝિન, જ્યારે અન્ય પત્રકારો બસમાં જતા. બરુએ આવી પસંદગીની સુવિધાઓ બંધ કરી દીધી હતી.

આ જ નહીં મોટાભાગના વિશ્વના નેતાઓની આત્મકથાનો સાર એવો નીકળતો હોય છે કે કોઈ વ્યક્તિ સત્તાના સર્વોચ્ચ પદે હોય, છતાં તેની પાસે કેટલી સત્તા હોય છે તે હંમેશાં પદ પરથી નક્કી થતું નથી, ક્યારેક તેની આસપાસની રાજકીય વ્યવસ્થા પણ એટલી જ મહત્વની હોય છે.

જસવંત સિંઘનું સસપેન્સ

ભારતના રાજકીય ઇતિહાસમાં પૂર્વ વિદેશમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા જસવંત સિંહનું પુસ્તક 'A Call to Honour: In Service of Emergent India' પણ ચર્ચાસ્પદ બની હતી. ૨૦૦૬માં પ્રકાશિત આ પુસ્તકમાં તેમણે એવો દાવો કર્યો હતો કે પી.વી. નરસિંહરાવના વડાપ્રધાનપદના સમયગાળા દરમિયાન વડાપ્રધાન કાર્યાલયમાં કોઈ વ્યક્તિ ભારતના પરમાણુ કાર્યક્રમને લગતી માહિતી અમેરિકાને પહોંચાડતી હતી. આ વાત તેમણે પોતાના પુસ્તકમાં એક પત્રના આધારે રજૂ કરી હતી. તેમના કહેવા પ્રમાણે આ બાબતની જાણ તેમને વર્ષો પહેલાં થઈ હતી, પરંતુ તેમણે યોગ્ય સમય ન આવે ત્યાં સુધી જાહેર કરી નહોતી.જો કે તેમણે કોઈનું નામ જાહેર નહીં કર્યું હોઈ રહસ્ય કાયમ માટે કેદ થઇ ગયું.

રાજેશ્વરનું પુસ્તક

ભારતના પૂર્વ ગુપ્તચર વડા ટી.વી. રાજેશ્વરનું પુસ્તક 'India: The Crucial Years' પણ આ સંદર્ભમાં યાદ કરવા જેવું છે. તેઓ ઈન્ટેલિજન્સ બ્યુરોના ડિરેક્ટર રહી ચૂક્યા હતા અને ઇન્દિરા ગાંધીના શાસનકાળના અનેક મહત્ત્વના રાજકીય પ્રસંગોના સાક્ષી હતા. પુસ્તકમાં તેમણે ઇમરજન્સી દરમિયાન સંજય ગાંધીની પ્રવૃત્તિઓ અને તેમના દ્વારા થયેલા અતિરેક અંગે ઇન્દિરા ગાંધીને માહિતી હોવા છતાં યોગ્ય પગલાં ન લેવાયાં હોવાનો દાવો કર્યો હતો. પંજાબના રાજકારણમાં જરનૈલ સિંહ ભિંડરાંવાલેના ઉદય પાછળ તત્કાલીન રાજકીય નેતાઓ વચ્ચેની સ્પર્ધા અને સત્તાકીય ગણતરીઓનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે.

નટવર સિંહનો ધડાકો

ભારતના રાજકીય ઇતિહાસમાં નટવર સિંહની આત્મકથા 'One Life Is Not Enough' પણ આવો જ ધડાકો લઈને આવી હતી. ૨૦૧૪માં પુસ્તક પ્રકાશિત થયું ત્યારે સૌથી વધુ ચર્ચા ૨૦૦૪ની લોકસભા ચૂંટણી પછી સોનિયા ગાંધીએ વડાપ્રધાન બનવાનો ઇનકાર શા માટે કર્યો તેની થઈ હતી. જાહેરમાં સોનિયા ગાંધીએ આ નિર્ણયને પોતાની 'અંતરાત્માનો અવાજ' ગણાવ્યો હતો. પરંતુ નટવર સિંહે પુસ્તકમાં એક અલગ જ વાત લખી. તેમના દાવા પ્રમાણે રાહુલ ગાંધીએ પોતાની માતાને વડાપ્રધાન બનતા રોકવા માટે ખૂબ જ મક્કમ વલણ અપનાવ્યું હતું. દાદી ઇન્દિરા ગાંધી અને પિતા રાજીવ ગાંધીની હત્યા થઈ હોવાથી માતાના જીવને પણ જોખમ થઈ શકે એવી રાહુલની ચિંતા હતી. અંતે રાહુલની વાત સોનિયાને માનવી પડી હતી.

જયપ્રકાશની ડાયરી

ભારતમાં ઇમરજન્સી દરમિયાન જયપ્રકાશ નારાયણની જેલ ડાયરી 'Prison Diary' પણ સ્મૃતિસંગ્રહના મહત્ત્વનું ઉદાહરણ છે. ૧૯૭૭માં ઇમરજન્સી જાહેર થયા પછી અનેક રાજકીય નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી. જયપ્રકાશ નારાયણ તે સમયના વિરોધ આંદોલનના મુખ્ય ચહેરા હતા. જેલમાં રહીને તેમણે પોતાના વિચારો, રાજકીય પરિસ્થિતિ અને લોકશાહી અંગેની ચિંતાઓ ડાયરીમાં નોંધેલી. આ લખાણ માત્ર એક કેદીની અંગત નોંધ નહોતું, તે લોકશાહી અધિકારો પર નિયંત્રણના સમયગાળાનું જીવંત સાક્ષ્ય બની ગયું. ઘટના બની રહી હતી ત્યારે લખાયેલી ડાયરી અને વર્ષો પછી યાદ કરીને લખાયેલી આત્મકથામાં મોટો તફાવત હોય છે. ડાયરીમાં ક્ષણની લાગણી અને તાત્કાલિક અવલોકન સચવાય છે. તેથી ઇતિહાસકારો માટે આવી નોંધોનું મૂલ્ય ઘણું વધારે હોય છે.

વ્યક્તિ ઘટનાની સાક્ષી હોય, નિર્ણય લેનાર હોય કે ઘટનાના કેન્દ્રમાં હોય તે વર્ષો પછી જ્યારે પોતાની વાત કહે છે ત્યારે તેની વાતને એક અલગ જ મહત્ત્વ મળે છે.ભારતમાં આમ તો પુસ્તકોનો અલાયદા કબાટ ભરાઈ જાય એટલી બેસ્ટ સેલર આત્મકથા જુદા જુદા ક્ષેત્રોના મહાનુભાવોએ લખી છે. આ લેખમાં તો બહુ જ જૂજ રાજકીય વ્યક્તિવિશેષની ઝલક અપાઈ છે.કેટલીક વિદેશી હસ્તીઓની આત્મકથાની વાત ફરી કોઈ વખત કરીશું.

જ્ઞાન પોસ્ટ

વર્ષો સુધી છુપાવેલાં રહસ્યો જ્યારે પુસ્તકનાં પાનાં પર પ્રગટ થાય છે ત્યારે ઇતિહાસ પણ નવેસરથી લખાય છે!

કાકડી જો હોય તો ચાખી શકો
માનવીની પરખ મુશ્કેલ છે!

યહી હે જિંદગી

મહેશ યાજ્ઞિક

'હરિમામા, અમારા જમાનામાં ખૂબ સારું હતું. તમે આંગળી ચીંધેલી અને હું સ્મિતા જોડે પરણી ગયેલો...' સૌમિલે હસીને વૃદ્ધ મામા સામે જોયું. 'હવે મને અને સ્મિતાને રાત-દિવસ પ્રત્યુષ અને પ્રિયાની ચિંતા થાય છે. પ્રત્યુષ સત્યાવીસનો થયો અને સ્મિતા પણ આ વર્ષે ચોવીસની થશે. બીજા બધા સંબંધીઓ ઠેકાણાં તો બતાવે છે, પણ મન માનતું નથી.'

સૌમિલ બેન્ક અધિકારી હતો. પત્ની સ્મિતા સાથે એ હરિમામાને ત્યાં આવ્યો હતો.

'મામા, તમે એકવાર વડોદરાના બે પરિવારની વાત કરેલી, એ મને યાદ છે...' સ્મિતાએ વડીલ સામે જોયું. 'કાલે રવિવાર છે. તમે વધુ જાણકારી આપો તો અમે બંને વડોદરા જઈને એ બંને ફેમિલીને મળી આવીએ.'

હરિમામાનું મોઢું મલક્યું. 'તમારો આઈડિયા સારો છે. તમે કાલે વડોદરા જાવ તો અતિ ઉત્તમ...' સહેજ અટકીને એમણે ઉમેર્યું. 'પરંતુ ત્યાં જતા પહેલાં એક પ્રોબ્લેમ સમજી લો...'

સૌમિલ અને સ્મિતા ધ્યનથી સાંભળતાં હતાં.

'વડોદરામાં વાઘોડિયા રોડ પર પાસપાસેની સોસાયટીમાં જ આ બંને પરિવાર રહે છે. એમનું પાકું સરનામું હું તમને આપી દઈશ.

અનિલ અને અલકાનો દીકરો આપણી પ્રિયા માટે પરફેક્ટ છે. કોઈ વ્યસન નથી. ઘેર જમાઈ બનીને આવે તો જરાયે ભાર ના લાગે એવો સીધોસાધો છે. પ્રિયા સાથે એની જોડી જાણે રામ-સીતાની જોડી હોય એવું લાગશે.'

લગીર અટકીને હરિમામાએ આગળ કહ્યું. 'હવે બીજી પાર્ટીની વાત સાંભળો. ગિરીશ અને ગીતાની દીકરી આપણા ઘરમાં શોભે એવી છે. આંખે-નાકે નમણી અને બોલવામાં મીઠડી. એકદમ સમજદાર અને ઘરકામમાં હોંશિયાર. ઘેર દસ મહેમાન આવ્યા હોય તો પણ જરાયે કચવાટ વગર પોણા કલાકમાં બધા સમાટે રસોઈ બનાવી નખે એવી ચપળ અને ચાલાક. એવી ખંતીલી છે કે તમને પહેલા જ ધડાકે ગમી જાય એવી પાવરફૂલ છે.'

સૌમિલ અને સ્મિતા મૂંઝાયા. પુત્ર અને પુત્રી બંનેના એક સાથે લગ્નનું એમનું પ્લાનિંગ તો હતું પણ મામાની વાતમાં હજુ ટપ્પી નહોતી પડી.

'મામા, તમે કહ્યું એમ બંને પાર્ટી તો ઉત્તમ છે, તો પછી એમાં પ્રોબ્લેમ ક્યાં છે ?' સ્મિતાએ આશ્ચર્યથી પૂછ્યું. જવાબમાં મામા હસી પડ્યા.

'સ્મિતા, મારી વાત સાંભળ. સૌમિલ તો બેન્કમાં ઓફિસર છે. ખરી-ખોટી નોટને પારખવાની એની પાસે આવડત છે. એની આ સૂઝ માણસને પારખવામાં પણ કામ આવશે. નિર્ણય તમારે લેવાનો છે. એક જ જ્ઞાતિના અને એક જ ગોળના હોવા છતાં એ બંને ફેમિલી વચ્ચે બાપે માર્યા વેર જેવું છે. સાવ નજીક રહે છે છતાં ઉત્તર-દક્ષિણ જેટલું અંતર છે એમની વચ્ચે ! એકબીજા સાથે બોલવાનો વ્યવહાર પણ નથી...'

મામાએ સહેજ અટકીને સૌમિલ અને સ્મિતાને તાકીદ કરી. 'તમે જે ઘેર જાવ ત્યાં ભૂલેચૂકે પણ બીજા ફેમિલીનો ઉલ્લેખ પણ ના કરતા. સમજ્યા મારી વાત ?'

બંનેએ માથું હલાવીને સંમતિ



આપી અને મામાને પ્રણામ કરીને વિદાય લીધી.

બીજી સવારે વડોદરા સુધી કાર ચલાવતી વખતે સૌમિલ ગંભીરતાથી વિચારી રહ્યો હતો. બહાર ગરમી સખત હતી. વડોદરામાં સારી હોટલમાં જમતી વખતે એણે સ્મિતાને સમજાવ્યું. 'મામા આ બંને પરિવારને ઓળખે છે. અનિલ અને અલકાના દીકરામાં કોઈ ખામી નથી. એવી રીતે એમણે કહ્યું એ મુજબ ગિરીશ અને ગીતાની દીકરી પણ સર્વગુણસંપન્ન છે. હવે માત્ર સવાલ રહ્યો એમના મા-બાપનો. ભૂલેચૂકેય જો વિચિત્ર વેવાઈ ભટકાઈ જાય તો જિંદગીભર આ અફસોસ રહે...'

'અમારી દીકરી તેવીસ વર્ષની છે. બાજુની સોસાયટીમાં રહે છે એ અનિલભાઈના દીકરા માટે વાત આવી છે. એ વાત આગળ વધારીએ, એ અગાઉ જ્ઞાતિબંધુ તરીકે ખાનગીમાં તમારો સાચો અભિપ્રાય લેવા આવ્યા છીએ

લગીર અટકીને સૌમિલે સ્મિતા સામે જોયું. 'આમ પણ આપણે આ બેમાંથી એકેય ફેમિલીને ઓળખતા નથી. આપણે એમના ઘરમાં સરપ્રાઈઝ વિઝિટ જ કરવાની છે. એ બંને પરિવારનો સાચો પરિચય મેળવવાનો એક પ્લાન મારા મગજમાં ઘૂંટાય છે....' પ્લાન સમજાવીને એણે સ્મિતાને ધરપત આપી. 'વળી ઘરમાં રહીશું એ દરમિયાન સાવ સ્વાભાવિક રીતે કન્યા અને મુરતિયાને જોવાની પૂરતી તક મળશે. મારી સમજ ઉપર વિશ્વાસ તો છે ને ?'

'આઈડિયા અચ્છા હૈ...' પ્લાન સાંભળીને સ્મિતાએ હસીને હા પાડી.

'સાંભળ. ઊંધા કાન પકડવા માટે આપણે પહેલા અનિલ અને અલકાના ઘેર જઈશું.' સૌમિલે સૂચના આપી. 'એમના ઘેર જઈને ત્યાં તારે કશું બોલવાનું નથી. માત્ર આંખ ઉઘાડી રાખીને એમનો દીકરો ઘરમાં હોય તો એનું નિરીક્ષણ કરી લેજે.'

વાઘોડિયા રોડ પરની સોસાયટીમાં પહોંચીને ડોરબેલ દબાવી એટલે છવ્વીસ વર્ષના યુવાને બારણું ખોલ્યું. ટિશર્ટ અને જીન્સમાં એ ફિલ્મી હીરો જેવો સોહામણો લાગતો હતો. સૌમિલ અને સ્મિતાએ તરત એકબીજાની સામે જોઈને આંખોથી સંતલસ કરી લીધી.

'મમ્મી-પપ્પા છે ?' સૌમિલે એને પૂછ્યું.

'જી... અંદર આવો.' એનો અવાજ પણ દેખાવ જેવો જ પ્રભાવશાળી હતો.

ડ્રોઈંગરૂમમાં ઝભ્ભો-લેંઘો પહેરેલો પુરુષ અખબારની પૂર્તિ વાંચી રહ્યો હતો. પચાસેક વર્ષના બહેન પંખા નીચે બેસીને ભીંડા સમારી રહ્યાં હતાં. એ બંને કામ બંધ કરીને સૌમિલ અને સ્મિતા સામે આશ્ચર્યથી તાકી રહ્યાં.

'અમદાવાદથી આવીએ છીએ...' પોતાનો પરિચય આપીને સૌમિલે કહ્યું. 'દવાવાળા હરિભાઈ મારા મામા થાય. એમણે તમારું નામ આપીને મળવાનું કહેલું, એટલે તકલીફ આપવા આવ્યા છીએ.'

'ટીકુ, મહેમાનો માટે પાણી લાવ...' અનિલે કહ્યું અને પેલો યુવાન પાણી લઈને આવ્યો. 'બોલો, શું કામ હતું ?' અનિલે પૂછ્યું.

'વાત એવી હતી કે મારા દીકરા માટે એક કન્યાની વાત ચાલે છે. હું ચીકણો માણસ છું. સો ગરણે ગાળેલું પાણી પીવાની આદત છે..' સૌમિલે અનિલ-અલકા સામે જોઈને કહ્યું. 'તમે પાડોશમાં રહેતા જ્ઞાતિબંધુ છો એટલે તમારી પાસેથી સાચી માહિતી લેવાની છે. આ ગિરીશભાઈ અને ગીતાબેનની દીકરી કેવી છે ? આ ફેમિલી અમારા માટે અજાણ્યું છે. તમારું નામ ક્યાંય વચ્ચે નહીં આવે. પ્લીઝ, જે હોય એ સ્પષ્ટ અભિપ્રાય આપજો.'

અનિલ અને અલકા એકબીજાની સામે તાકી રહ્યાં.

'તમે મોંઘા ભાવનું પેટ્રોલ બાળીને આવ્યા પણ ધક્કો માથે પડશે...' અનિલે સહેજ વિચારીને કહ્યું. 'મારે કોઈ સ્વાર્થ નથી, પણ તમારા ભલા માટે કહું છું કે એ ફેમિલીમાં પડવા જેવું નથી. ગીરીયાનો સ્વભાવ તોંકલો છે. એને એની સોસાયટીમાં કોઈની સાથે બનતું નથી.'

'છોકરીની મા ગીતાની જીભ કાતર જેવી છે...' અલકાએ પણ તરત સંભળાવ્યું. 'સોસાયટીની એકેએક બૈરી સાથે એ ઝઘડેલી છે. પૈસેટકે ખૂબ સુખી, પણ સ્વભાવ સાવ થર્ડક્લાસ ! છોકરી પણ તુંડમિજાજી અને અભિમાની છે. ગીતાડીની લાંબી જીભ એને વારસામાં મળી છે. લખ્ખણ એવાં છે કે જ્યાં જશે ત્યાંથી ઝઘડો કરીને પાછી આવશે...'

સહેજ અટકીને અલકાએ સ્મિતા સામે જોયું. 'તમે પૂછવા આવ્યા એ સારું કર્યું. ઘરમાં રોજરોજ લોહીઉકાળા કરવાની ઇચ્છા હોય તો તમારા દીકરાને ત્યાં પરણાવજો. રૂપાળું થોબડું જોઈને ભૂલ ના કરતા.'

'અમે આવું કહ્યું છે એની એમને ખબર ના પડે એનું ધ્યાન રાખજો...' અનિલે તાકીદ કરી. 'નહીં તો અમારી સાથે ઝઘડવા આવી જશે.'

'એની ચિંતા ના કરો. માનો કે આપણે મળ્યાં જ નથી...' સૌમિલ ઊભો થયો. અલકાએ ચા માટે કહ્યું પણ સૌમિલ અને સ્મિતા એમનો આભાર માનીને નીકળી ગયાં.

આઠ મિનિટ પછી એમની કાર ગિરીશ અને ગીતાના ઘર પાસે ઊભી રહી. અંદર ગયા ત્યારે ગિરીશભાઈ જમવા બેઠા હતા. એમની પુત્રી ગરમાગરમ રોટલી ઊતારીને એમને પીરસતી હતી. ગીતા છૂંદો બનાવવા

|| અનુસંધાન પાના નં.૦૮ પર





ઉમેશ ફસાઈ ગયો


વહેતું જીવન

ડૉ. હર્ષદ કામદાર

શહેરના નામાંકિત સર્જન ડૉ. મનોજ ચોક્સીના પત્નીનું અચાનક મહિના પહેલા જ કોરોનાથી અવસાન થવાથી ડૉ. ચોક્સી ઢીલા પડી ગયા હતા. ફક્ત બે જ સંતાનો હતા. મોટો પુત્ર હતો, તેનું નામ ડૉ. અજય ચોક્સી, જે પ્લાસ્ટિક સર્જન બની તેના પપ્પા સાથે જ પ્રેક્ટિસ કરી રહ્યો હતો. નાની પુત્રી લીનાએ હજુ બે વર્ષ પહેલા જ તેની સાથે કોલેજમાં ભણતા ઉમેશ સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા. ધીમે ધીમે તેમને બંનેને પિયરવાળાઓએ અપનાવી લીધા હતા.

વહેલી સવારે ચાલુ ઓપરેશને ડૉ. મનોજ ચોક્સી અચાનક જ પહેલા એટેકમાં જ ગુજરી ગયા. તેમણે હજુ તેમની કરોડોની મિલકતોની વહેંચણી માટે કોઈ જ વિલ બનાવેલ ન હતું. તેથી સવા મહિના પછી તેમના પુત્ર ડૉ. અજયે તેમના ફૅમિલી વકીલ વોરા સાહેબને બોલાવી આગળની કાર્યવાહી કરવા જણાવ્યુ.

નવાં સુધારેલ વારસાધારા મુજબ વિલ વગરના કોઈપણ મૃત્યુ બાદ દરેક વારસદાર, પછી તે પુત્ર હોય કે પરિણીત પુત્રી, મિલકતના સરખે સરખા હક્કદાર બને છે. મહિલાઓની તરફેણ કરતો આ કાયદો સાંભળી લીના અને ઉમેશ અચંબામાં પડી ગયા. પપ્પાની અડધી મિલકતની ગણતરી કરતાં તેના ભાગમાં ચારથી પાંચ કરોડની સંપતિ આવતી હતી.



તેનો ભાઈ અજય ચિંતામાં પડી ગયો. જૂની વિચારધારા મુજબ પપ્પાની મિલકતમાં પરિણીત પુત્રીને ભાગ ના હોય, તેવી રજૂઆત સાથે તે ફરીથી તેંમના વકીલ વોરાને મળ્યો. વોરા સાહેબે ચોખ્ખું જણાવી દીધું કે નવા સુધારેલા કાયદા મુજબ લીનાને પણ અર્ધો ભાગ મળશે જ.

આપણે નવા કાયદાને માન આપવું પડશે.

લીનાને પપ્પાના અવસાનનો શોક તો હતો જ. પણ અનાયાસે મળતા કરોડોના વારસાથી બંને જણા ખુશ હતા. હવે તેને નાણાંની મોકળાશ થઈ જાય તેમ હતું. કંઈજ ના કરે અને ફક્ત મૂડી સાચવીને બેસી રહે તો પણ વ્યાજની રકમમાંથી ગુજારો થઈ જાય તેમ હતું.

ડૉ. અજય પાંચ વરસથી પ્લાસ્ટિક સર્જન બની પપ્પાની સાથે જ હોસ્પીટલમાં બેસતો. મહેનત બંનેની હતી, પરંતુ તમામ મિલકતો હજુ પપ્પાના નામે જ હતી, તેમાથી અડધો ભાગ પોતાના બેન બનેવીને આપી દેવાનું તેને હજમ થતું ન હતું. તેણે બીજા બે વકીલોના સંપર્ક કરી જોયા પણ દરેક વકીલનો એક જ જવાબ હતો, નવો સુધારેલ કાયદો મહિલાઓની તરફેણ કરી રહ્યો છે.

અમદાવાદમાં ગરમી વધી રહી હતી. તેથી પ્રેમીપંખીડા લીના અને ઉમેશ અઠવાડિયા માટે આબુ પહોંચી ગયા. બંને વચ્ચે હજી પણ એટલો જ પ્રેમ હતો, ઉમેશ ખરા દિલથી લીનાને પ્રેમ કરી રહ્યો હતો, તેના દિલમાં આવી મિલકતો મળશે તેવી કોઈ ગણતરી જ ન હતી. આ તો અનાયાસે જ તેમના ભાગે નસીબ ખૂલી ગયું હતું.

બે દિવસની મહેનત બાદ માંડમાંડ પોલીસને લીનાનો મૃતદેહ મળી આવ્યો

આખો દિવસ માઉન્ટ આબુમાં ફરી બંને વહેલી સાંજે સનસેટ પોઈન્ટ પહોંચી ગયા. લગ્નને હજુ બે જ વર્ષ થયા હતા, તેથી હજુ બંનેના પ્રેમનો આવેગ ઉછાળા મારી રહ્યો હતો. છેક છેવાડાના એકાંતવાળી જગ્યાએ બંને સનસેટ જોવા બેસી ગયા. રાત ધીમે ધીમે જામતી ગઈ, તેમ લોકો ધીમે ધીમે વિખરાઈ ગયા. છેક છેલ્લા પોઈન્ટ ઉપરથી ઊભા થતાં લીનાનો પગ લપસ્યો અને મોટી ચીસ સાથે જઈ પડી ઊંડી ખીણમાં. ઉમેશ અવાક થઈ ગયો. ખૂબ બુમો પાડી, ખૂબ તપાસ કરી પણ લીનાનો કોઈ જ પત્તો ન લાગ્યો. છેવટે હતપ્રભ બનેલો ઉમેશ આબુ પોલીસ સ્ટેશને મોડી રાત્રે પહોંચી ગયો અને ઈન્સ્પેક્ટર ચૌધરી સાહેબને અકસ્માતની તમામ વિગતો જણાવી. પોલીસની બે દિવસની મહેનત બાદ માંડમાંડ પોલીસને લીનાનો મૃતદેહ મળી આવ્યો. પોલીસે ફોન કરી અમદાવાદથી લીનાના ભાઈભાભીને તત્કાલ આબુ બોલાવી લીધા.

ડૉ. અજય ચોક્સી અને તેમના પત્ની પોતાની બહેનના આવા અપમૃત્યુથી વ્યથિત થઈ ગયા. કુદરત આગળ કોઈનું કશું જ ચાલતું નથી.

બીજા દેવસે ડૉ. અજયે આખી વિગત પોતાના કુટિલ વકીલ મિત્ર ચપટવાળાને સમજાવી. વકીલ ચપટવાલા બાહોશ હતા. તેમણે કહ્યું, 'હવે જે થવાનું હતું તે તો થઈ જ ગયું. તમારા પપ્પાની મિલકત હવે બધી તમારી જ છે, પણ જ્યાં સુધી તમારા બનેવી ઉમેશ છે ત્યાં સુધી અવરોધ તો ખરો જ.'

|| અનુસંધાન પાના નં.૦૮ પર

મનને પૂર્વગ્રહ અને વાસીપણાથી મુક્ત રાખવાના ઉપાયો

એક જ દે ચિનગારી

શશિન્

દિવાળી પછી એક માણસ પોતાના વર્તનની વિગતો આપતાં બીજા માણસને કહે છે : પેલા પડોશીએ મને નમસ્તે કહી 'સાલ મુબારક' કહ્યા પણ મેં એનો ઠંડો પ્રતિસાદ આપ્યો, એટલે એ ઝંખવાણો પડી ગયો. એની સાથે મારે જૂનું વેર છે. મારા આગણાં પાસેની જમીન એ દબાવીને બેઠો છે. એને હું કેવી રીતે માફ કરી શકું ? માફીને મફતના ભાવે વહેંચીએ તો ગુનેગારોને જલસા થઈ જાય.

માણસ દરરોજ નહાય છે, છતાં એનું દિમાગ, એનું હૃદય કેમ વાસી રહે છે ? માણસ બધું જ છોડવા તૈયાર થાય છે, પણ પોતાનું વાસીપણું સહેલાઈથી છોડવા તૈયાર થતો નથી. મગજને ખોપરીના અંદરના ભાગમાં ઈશ્વરે ગોઠવ્યું છે, એટલા માટે કે એ સુરક્ષિત રહે. મગજ તાજગી ગુમાવે એ કુદરતને પણ મંજૂર નથી. બગીચામાં દરરોજ તાજાં ફૂલો ખીલે છે. તાજા જળપ્રવાહ સાથે સરિતા વહેતી રહે છે અને સવિતા (સૂર્ય) પણ તાજાં રશ્મિ દ્વારા જગતને આલોકિત કરે છે. વાયુ પણ તાજો અને વારિ (પાણી) પણ તાજું.

'સરગમ' ના સંપાદક ડૉ. ગૌરાંગ ગાંધીએ પર્વતારોહણ પ્રસંગકથા સંદર્ભે પર્વતારોહણના પ્રશિક્ષક ગુરુનો ઉપદેશ વણી લીધો છે. ગુરુજી સમજાવે : 'રબરનું કામ છે પેન્સિલથી લખેલા લખાણમાં થયેલી ભૂલોને ભૂંસી કાઢવાનું. જો તે ભૂંસી ન કાઢે તો લખાણ ભૂલોથી ભરેલું જ રહેવાનું, તેવી જ રીતે આપણે આપણા વિચારોની ભૂલો છેકી ન નાખીએ, તેને ન સુધારીએ તો જીવન તેના પરમ લક્ષ્યથી ફંટાઈ જવાનું. જીવનમાં થતા રાગદ્વેષ, મત્સર અને ક્રોધ વગેરે જેવી ભૂલો સુધારતા જવાનું કામ નહીં કરીએ તો આપણે આ ભૂલ ભરેલા વર્તનને જ સાચું માની લઈશું, આપણા વિચારોનું કામ પેલા ક્લીનર જેવું છે. તે ન વાપરીએ તો સાફ કરનાર સાધન ઉપર ધૂળના થર જામી જાય. આપણે પણ સતત વિચારોના રબરથી આવી ભૂલો સાફ કરતાં કરતાં આગળ વધવાનું છે, તો જ આપણે આત્માનુભૂતિનું ઉચ્ચ શિખર સર કરી શકીશું.'

ઝેરીલા સાપ જેવા સાપને પણ વાસી કાંચળી ખપતી નથી, જ્યારે માણસ પોતાની હઠ, વટ, જીદ, અહંકાર, અને પકડી રાખેલો અસત્યભર્યો અભિપ્રાય છોડવા કેમ તૈયાર થતો નથી?

માણસને કુદરતે આત્મદર્શનનો અરીસો આપી જીવનમાં થતી ભૂલોને સુધારી લેવાનો મોકો આપ્યો છે. ઝેરીલા સાપ જેવા સાપને પણ વાસી કાંચળી ખપતી નથી. એ જૂની કાંચળીમાંથી બહાર સરકીને જૂની કાંચળીનો પરિત્યાગ કરે છે, પણ માણસ નથી પોતાનું મહોરું બદલવા તૈયાર કે નથી વાસીપણાની કાંચળી બદલવા તૈયાર. આપણે પાળેલા પોષેલા વાસીપણાના રક્ષક બનવામાં આપણને ગર્વ અને આનંદની અનુભૂતિ થાય છે.

કોઈને હરાવી દીધો, કોઈને પછાડી દીધો, કોઈને ચર્ચામાં પરાજિત કર્યો, આક્રમક દલીલ દ્વારા બોલતી બંધ કરી દીધી, મીટિંગમાં બૂમ-બરાડા પાડી પોતાનું ધાર્યું કરાવી લીધું વગેરે બાબતોને આપણે અહંકાર સાથે રજૂ કરતા હોઈએ છીએ. ગંદકીના ગાણાં ગાવામાં પાવરધા બનનારને સજ્જન કહી શકાય ખરો ?

માણસ તરીકે આપણે જૂનાં બંધનોનો ત્યાગ કરીને, જીર્ણ વિચારોને છોડી દઈને, પરિવર્તનને અપનાવવાનું છે. આ જગત બગડી ગયું છે, એવી ફરિયાદ આપણે કરીએ છીએ પણ એને બગાડનાર કોણ ? પ્રકૃતિએ તો સુંદર પૃથ્વીનું નિર્માણ કરી માણસને સોંપી દીધી છે. ઈશ્વરે પોતાના શ્રેષ્ઠ સર્જન તરીકે માણસનું નિર્માણ કરીને તેને જીવવાની સ્વતંત્રતા આપી છે. પણ માણસને અમર્યાદ સ્વતંત્રતાની ભૂખે બેબાકળો કરી દીધો છે. પરિણામે એ વિવેક ચૂક્યો અને ન કરવા જેવાં કામોમાં લલચાયો.

જેને ભાગે જે રોલ આવ્યો, તેને તે ગમતો નથી. ચપરાસીએ ઉત્તમ ચપરાસી બનવું નથી, ધારાસભ્ય ઉત્તમ ધારાસભ્ય બનવાને બદલે મંત્રી બનવાનાં સોણલાં સેવે છે. મંત્રીએ મુખ્યમંત્રી બનવાના અને મુખ્ય મંત્રીએ વડાપ્રધાન બનવાનાં ખ્વાબોમાં રાચવું છે. ધનવાને મહાધનવાનમાં ખપવું છે અને ગુરુએ મહાગુરુમાં પરિણામે, પોતાને ભાગે આવેલા કામને તે ન્યાય આપી શક્તો નથી. એટલે એ કર્મની કુશળતાનો સાધક બની શક્તો નથી. પ્રત્યેક દિવસ એને માટે મહત્વાકાંક્ષાના મહાસાગરનો યાત્રી બનવાનો મોકો બને એવું માણસ ઝંખે છે. માણસ બહારથી જાગે છે, પણ અંદરથી કુંભકર્ણની નિદ્રા તેનો કબજો લઈ લે છે. પરિણામે એનામાં આત્મજાગૃતિ આવતી નથી. જ્હોન રસ્કિને સાચું જ કહ્યું છે કે જ્યારે માણસ પોતાનામાં જ વીંટળાયેલો રહે ત્યારે તે ખરેખર એક નાનકડું પેકેટ બની જાય છે.

માણસની બધી વિકૃતિઓનું મૂળ કારણ છે તૃષ્ણા. માણસ તૃષ્ણાને પહેરે છે, ઓઢે છે અને તૃષ્ણાનું જ ભોજન કરે છે. ખરેખર તો તૃષ્ણાઓને મનની બહાર ધકેલી દેવાની જરૂર છે.

મનને વાસી રાખી જીવનમાં તાજગી અનુભવવાનું શક્ય નથી. આજે કાર્યાલયોમાં ઉદ્યોગ ધંધાઓમાં કે અન્યત્ર કામ કરનારા માણસો જીવનની પ્રતિકૂળતાઓ, નિરાશાઓ અને અતૃપ્ત ઈચ્છાઓના બોજથી એટલા બધાં બેચેન હોય છે કે તેઓ કામ કરતા નથી, પણ કામને પતાવે છે. જીવન ક્યારેય કોઈના માટે નિરર્થક હોતું જ નથી. માણસનું પ્રદુષિત મન જીવનને નિરર્થકતાની નામોશીભરી સ્થિતિમાં હડસેલતું

|| અનુસંધાન પાના નં.૦૮ પર

આવી 'ધાર્મિકતા' કરતાં નાસ્તિકતા વંદનીય

અન્તર્યાત્રા

ડો.સર્વેશ પ્ર. વોરા

છાપામાં લખતા કોલમકારો અને પત્રકારોનાં સરનામાં સાથેની એક પોકેટ સાઇઝની ડિરેકટરી થોડાં વર્ષો પહેલાં બહાર પડેલી. એક સરસ પ્રયત્ન હતો. પરંતુ એમાં અમુક સરનામાંમાં મોટા છબરડા હતા. હવે રમૂજ કે હાસ્યાસ્પદ હાલત એ ઊભી થાય છે કે અમુક કાર્યક્રમોમાં માથાં એકઠા કરવા ઈચ્છતા આયોજકો આ ડિરેકટરીમાંથી સીધેસીધાં, જેમ છે તેમજ સરનામાં ઉઠાવીને આમંત્રણ કાર્ડ કૂરિયર મારફત મોકલી દે છે. બહુ વાંધો નહીં આવતો હોય કારણ કે પોસ્ટમેન પોતાના વિસ્તારનો અચ્છો જાણકાર હોય એટલે ધારો કે સરનામાંમાં બિલ્ડીંગનું નામ સાચું હોય પણ ફલેટ નંબર ૧૧ ને બદલે '૬૨' લખેલ હોય તોય કવર પહોંચાડી દે.

આમાં રમૂજી કે હાસ્યાસ્પદ શું ? રમૂજી વાત એ કે મોકલનારને કાર્યક્રમમાં માથાં એકઠાં કરવા સિવાય કોઈજ અંગત લાગણી નથી, માત્ર યાંત્રિક રીતે રિરેકટરીમાંથી આખી સૂચિ ઝેરોક્ષ કરી, જડતાપૂર્વક કાર્ડ મોકલાયા છે એ રહસ્ય નગ્ન બની જાય ! જો ખરેખર અંગત ભાવ હોત તો એ તમને જથ્થામાંનાં એક ગણત નહીં!

વ્યક્તિની આગવી વ્યક્તિગત સ્વતંત્રતા, એનું બધાંથી અલગ એવું, પ્રભુએ બક્ષેલું સ્વતંત્ર વ્યકિતત્વ, માનવની સૌથી પવિત્ર મૂડી છે. તમે માણસની ધન-સંપત્તિ લૂંટો, માણસનાં ઘરબાર લૂંટો એ મોટી લૂંટ નથી, પણ એની સ્વતંત્ર વિવેકશક્તિને લૂંટી લો એ અત્યંત ભયંકર લૂંટ છે.

પણ માનવજાતના હજારો વર્ષોના ઈતિહાસમાં આ સ્વાતંત્ર્યની અસ્મત કહેવાતા ધર્મો, કહેવાતા સંપ્રદાયો, કહેવાતી આધ્યાત્મિક ટોળકીઓ કે માફિયા દ્વારા સતત લૂંટાતી હોવા છતાં લૂંટનારા હરગીઝ ગુનેગાર નથી કારણ કે લૂંટાનારા સામે ચાલીને સ્વતંત્ર વિચારશક્તિની અસ્મત લૂંટાવે છે. સ્વતંત્ર વિવેકશક્તિ ભલે - માણસની સૌથી કિંમતી આગવી વિશેષતા હોવા છતાં એ તકલીફદાયક છે. ગળે પટ્ટો બાંધીને, કોઈક લેબલ પહેરીને, સાંપ્રદાયિક નશામાં ધૂત બની, ઝનૂની સાંઢ અથવા ગરીબડાં ઘેટાં જેમ રહેવામાં જે અફીણી નશો છે એ નિશ્ચિંતતા સ્વતંત્ર નિર્ણયશક્તિનો 'બોજ' વેંઢારવામાં નથી.

આ પ્રકારની લેબલછાપ ધાર્મિકતા કરતાં - સ્વતંત્ર વિચારશક્તિથી ઓપતી કહેવાતી નાસ્તિકતા કરોડ દરજ્જે વધુ સારી.

નાસ્તિક જે કાંઈ કહેતો હશે એમાં સાચી-ખોટી, કાચી-પાકી પણ આપકમાઈની નિષ્ઠા હશે. એની વાતમાં ઉધારી લીધેલાં, ગોખેલાં 'ધાર્મિક જ્ઞાન'ની ખોખલી જડતા નહીં હોય. અને જો સ્વતંત્ર વિવેકશક્તિ જ માણસમાં રહેલી ઈશ્વરી ચેતના હોય, તો કોણ ઈશ્વરથી વધુ નજીક ? ઉધારી 'ધાર્મિક જ્ઞાન' કે 'લેબલ' લગાડીને ફરતાં માનવ-યંત્રો કે સ્વતંત્ર વિચારશક્તિની ઈશ્વરીય જ્યોત સાચવતા નાસ્તિકો ?

સાંપ્રદાયિક વ્યૂહરચના દ્વારા વિશાળ ટોળાંઓની વિવેકશક્તિનો ગેરકાયદે કબ્જો જમાવતા લોકો - ભૂલી જાય છે કે વિવેકશક્તિની આ લૂંટ જ 'ટાઈમ બોમ્બ' બનશે. નિવૃત્તો, થાકેલા, નિરાશ, અકર્મણ્ય, જાતને છેતરનારાઓ નહીં પણ ખૂણે ખાંચરેથી યુવાનો આ લૂંટ સામે બળવો કરશે. કોઈ જ કથાસપ્તાહો, નીતિમત્તાનાં અફીણી વ્યાખ્યાનો બળવાના ટાઈમબોમ્બને રોકી શકશે નહીં. કહેવાતા ધર્મચુસ્ત પરિવારોના તેજસ્વી યુવાનોનું ગુપ્ત સર્વેક્ષણ કરો. આંખો ખોલનારાં પરિણામો જોવા મળશે.

વિશ્વાસનો અર્થ બુદ્ધિશૂન્ય શ્રદ્ધા કદાપિ નહીં

ગુફ્તેગો

ડો.ચંદ્રકાન્ત મહેતા

પ્રશ્ન : 'વિશ્વાસે વહાણ ચાલે' અને 'સગા બાપનો ય વિશ્વાસ ન કરવો' આ બન્નેમાં સાચું શું ?

પ્રશ્નકર્તા : મનન પંડ્યા, વેલટીસ રેસ્પર, ત્રાગડ, અમદાવાદ

'વિશ્વાસે વહાણ ચાલે' એમ આપણે કહીએ છીએ, પણ છેતરનારા વ્યક્તિ તરત જ એમ પણ કહે છે કે 'આ જમાનામાં સગા ભાઈનો પણ વિશ્વાસ ન કરવો.'

જમાનો બદલાઈ ગયો છે. માણસ આત્મકેન્દ્રી, સ્વાર્થી, અને ધનલોલુપ બની ગયો છે. એટલે એની દાનત બગાડતાં વાર નથી લાગતી.

વિશ્વાસઘાતના નાના નાના ઘણા અનુભવો આપણને રોજિંદા જીવનમાં જોવા મળે છે. પોતાના પુત્રના ગાલ પર ધડાધડ ચાર તમાચા ચોડી દેતાં તેના પિતો તેને કહી રહ્યા હતા : 'નાલાયક, મેં તને એટલા માટે હોસ્ટેલમાં દાખલ કર્યો હતો કે કોલેજના અભ્યાસ માટે મોકલેલ ફી-પુસ્તકોના પૈસા તું વાપરી ખાય અને બાપનું નામ બોળે ? નાટક-સીનેમા અને હોટલોના ખર્ચા માટે મેં મારી કાળી મજૂરીના પૈસા તને નહોતા મોકલ્યા. બાપ સાથે આવો વિશ્વાસઘાત ?'

શાકભાજી લેવા માટે મોકલેલી કામવાળી પાસે હિસાબ માગતા શેઠાણીએ તેને પૂછ્યું : 'મેં તને ૨ કિલો બટાકા લાવવાનું કહ્યું હતું અને તું જે બટાકા લાવી છે તેનું વજન દોઢ કિલો છે. સાચું કહે બાકીના પૈસાનું શું કર્યું ?'

કામવાળી ગભરાઈ ગઈ અને કહ્યું : 'બાકીના પૈસાની મેં કુલ્ફી ખાધી.'

'આવી છેતરપીંડી ? અબ ઘડી મારું ઘર છોડીને ચાલી જા. નહીં તો તારાં હાડકાં ખોખરાં કરી નાખીશ.' શેઠાણીએ કામવાળીને ઘરમાંથી કાઢી મૂકી.

આવા પ્રસંગોની યાદી કરવા બેસીએ તો કદાચ વિશ્વની તમામ સ્ટેશનરીનો સ્ટોક ખલાસ થઈ જાય - માણસ માણસને જે રીતે છેતરી રહ્યો છે. એ જોતા એમ લાગે છે કે હજી આપણી ઈન્સાનિયતની યાત્રા અધૂરી છે.

'વિશ્વાસ જીવન છે અને અવિશ્વાસ મૃત્યુ' જેવા સૂત્રનો મર્મ સમજવા જેવો છે. વિશ્વાસનો અર્થ બુદ્ધિશૂન્ય શ્રદ્ધા કદાપિ નહીં. અકારણ સંશયી ન બનવું જેટલું જરૂરી છે, તેટલું જ આડેધડ કોઈની ઉપર આંધળો વિશ્વાસ ન મૂકવો એ પણ એટલું જ વ્યવહારોચિત છે. માણસને શંકાની નજરે ન જોવો જોઈએ એ કબૂલ, પણ જ્યાં સુધી એનું વર્તન શ્રદ્ધાસ્પદ ન લાગે ત્યાં સુધી તેના વર્તનનું તટસ્થ મૂલ્યાંકન કરવાનું પણ ભૂલવું ન જોઈએ.

ઘણીવાર આપણી વધુ પડતી ઉદારતા, બેદરકારી, સહેલાઈથી વિશ્વાસ મૂકવાની કમજોરી કે અસાવધાની, સામેની વ્યક્તિને બેઈમાન બનવાનું ખુલ્લું આમંત્રણ આપતી હોય છે. એટલે પ્રકારાન્તરે તો આપણે જ એની બેઈમાની માટે જવાબદાર ઠરીએ છીએ. ક્યારેક વટ, હઠ કે આવેશમાં આવીને પણ આપણે અન્યના વર્તનની ચકાસણી કરતા નથી અને પાછળથી છેતરાયાનો અનુભવ થાય ત્યારે રૌદ્રરૂપ ધારણ કરી ખળભળાટ મચાવી દેતા હોઈએ છીએ. રામકૃષ્ણ પરમહંસે સાવધાની રાખવાના કેટલાક સ્થાનોનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે તે નીચે જણાવેલ પાંચથી સાવધાન રહેવું સલાહભર્યું છે.

૧. જે વ્યક્તિનાં વચન જળપ્રવાહની જેમ આડેધડ વહેતાં હોય !

૨. જેના હૃદયના દ્વાર હંમેશા બંધરહે છે એવું લાગતું હોય.

૩. જે ભક્ત કાનમાં તુલસીપત્ર ભરાવીને પોતાની ભક્તિનું પ્રદર્શન લોકો સમક્ષ કરતો હોય.

૪. જે પાણી શેવાળથી ઢંકાએલું હોય.

છેતરાઈને રડવું એના કરતાં સાવધાની રાખીને હસતા રહેવું એમાં ડહાપણ છે.

બજારમાં ખરીદી કરતી વખતે ઘણા લોકો પોતાનો વટ પાડવા માટે દુકાનદાર, ફેરિયા કે શાકભાજીવાળો આપે તેવી વસ્તુઓ ખરીદી લે છે, અને ઘેર આવ્યા બાદ વજન કે ગુણવત્તાની દ્રષ્ટિએ ઉતરતી કક્ષાની વસ્તુ વેચનારે પધરાવી દીધાનો ખ્યાલ આવતા વિશ્વાસ કરીને ભૂલ કર્યા અંગે બળાપો વ્યક્ત કરતા હોય છે. હકીકતમાં વસ્તુ ખરીદતી વખતે કાનની સાથેસાથે આંખનો ઉપયોગ પણ કરવો જોઈએ. દુકાનદાર કે વિક્રેતા સાહેબ, બેન, મેડમ, શેઠાણી કે બા જેવા શબ્દોથી સંબોધે એનાથી ફૂલાઈને તેની મીઠાશના પ્રવાહમાં વહી 'અતિ શ્રદ્ધાશીલ' બનવાનું ઉચિત નથી.

આપણે સમજી લેવું જોઈએ કે સાવધાની એ શાણપણાની પહેલા ખોળાની પુત્રી છે. એટલે જોયા વગર કોઈ પીણું પીવું નહીં અને વાંચ્યા વગર કોઈપણ કાગળમાં હસ્તાક્ષર કરવા નહીં.

મૈત્રી સંબંધોમાં પણ અતિ વિશ્વાસને કારણે માણસને કડવા અનુભવ થયાના દાખલાઓની આ સંસારમાં ખોટ નથી. એક કહેવત છે કે 'કોઈને ય મિત્ર માનતા પહેલાં એની સાથે પાશેર મીઠું ખાવું જોઈએ.' મતલબ કે જ્યાં સુધી એની મૈત્રીની નિર્મળતા તથા સાચી આત્મીયતાની અનુભૂતિ ન થાય ત્યાં સુધી એના પ્રવાહમાં તણાવું જોઈએ નહીં, કે આંધળો વિશ્વાસ રાખવો જોઈએ નહીં. શત્રુતાને મૈત્રીને ઓઠે વિકસવાનું ઘણીવાર વધુ અનુકુળ આવતું હોય છે. અને ધોખાબાજ કહેવાતા મિત્રો કે સહેલીઓ આવી તરકીબ અજમાવીને પોતાનો સ્વાર્થ સિધ્ધ કરી લેતા હોય છે. ઘણીવાર લોકો પડોશીઓનો સ્વભાવ, સંસ્કાર, રહેણી-કરણી અને ચારિત્ર્યની જાણકારી મેળવ્યા વગર લાગણીનો ધોધ વહેવડાવવા માંડે છે અને એવો સંબંધ ક્યારેક એમને મોંઘો પડી જાય છે. જ્યાં સુધી પડોશીની ખાનદાનીની ખાત્રી ન થાય ત્યાં સુધી એની સાથે બોલવા ચાલવા, વ્યવહારનો સંબંધ પ્રગાઢ બનાવવાની કોશિશ ન કરવામાં સલામતી છે.

કોઇએ કોઇનો વિશ્વાસ જ ન કરવો એમ માનીને ચાલવાની જરૂર નથી. આપણે માત્ર એટલું જ સમજવાની જરૂર છે કે આપણે ભોટમાં ખપીએ, ભોળવાઈ જઇએ, પ્રપંચ, ચાલ કે દગાનો ભોગ બનીએ એટલી હદ સુધી આંખો બંધ રાખીને ન જીવવું જોઇએ

સંતાનો કે સ્વજનો સાથે સ્નેહ અને સખ્યનો નાતો જરૂરી છે, પણ એ બાબતમાં ય સાવધાનીને સદંતર વિસ્મરવી આવકાર્ય નથી. બાળકને રોક્યા ટોક્યા વગર તેના વર્તનને જાણ્યા નાણ્યા વગર, તેની ટેવોને તપાસ્યા વગર કેવળ ભાવાવેશમાં તેને મનફાવતી - ભાવતી છૂટ આપવાથી બાળકને પથભ્રષ્ટ થવાની નિર્ભયતા વધે છે. યૌવનમાં પદાર્પણ કરતી યુવતી કે યુવકને મા-બાપ તરફથી મળતી બિનધાસ્ત છૂટ એને સ્વેચ્છાચારી, સ્વચ્છંદી કે બેકાબૂ બનવા માટે પ્રેરે છે અને તેથી તેમના તરફ અતિવિશ્વાસભર્યું બિનસાવધાન વલણ રાખવાને બદલે સ્વસ્થ વિશ્વાસભર્યું પણ સાવધાનીયુક્ત વલણ દાખવવું જોઈએ.


માણસ એટલે તકનો લાભ લેનાર પ્રાણી તક સુલભ હોય ત્યારે તે વિવેકને બદલે ક્ષણિક આનંદને વશ થવાનું પ્રલોભન ટાળી શક્તો નથી. એટલે જ ઘણીવાર બાળકો નિશાળેથી નીસરી પાંસરા ઘેર જવાને બદલે પાસે પૈસા હોય તો 'લારી' એ

|| અનુસંધાન પાના નં.૦૮ પર

શરીરે વીંટળાયેલી એ ચાદરમાં શું હતું ?

રજનીગંધા

વિભાવરી વર્મા



મધરાત વીતી ચૂકી હતી. અનિરુધ્ધ તેના બેડરૂમમાં ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. તેની પત્ની પ્રીતી થોડા દિવસ માટે પિયર ગઈ હતી.

બારીની બહાર એક ચીબરી બોલી... એ જ ક્ષણે અનિરુધ્ધને લાગ્યું કે તેણે જે ચાદર ઓઢી છે તેમાં આપોઆપ કંઈક સળવળાટ થઈ રહ્યો છે !

જાગીને તેણે તરત જ પલંગ પાસેનો ટેબલ લેમ્પ ઓન કર્યો... પણ ચાદર જેવી હોવી જોઈએ તેવી જ હતી!

તો એ શું હતું ? અનિરુધ્ધ ફરી ચાદર ઓઢીને ઊંઘી ગયો. થોડી જ વારમાં તે ગાઢ નિદ્રામાં સરી પડ્યો. ઊંઘમાં એક સપનુ જેવું ચાલી રહ્યું હતું...

એક અજાણી યુવતી અનિરુધ્ધના શરીરને વીંટળાઈ રહી હતી ! તેનો સ્પર્શ કંઈ અલગ જ હતો ! જાણે રેશમી ચાદર અનિરુધ્ધના આખા શરીરને ચારે બાજુથી ઘેરીને પોતાની બાથમાં લઈ રહી હોય...

અનિરુધ્ધ સપનામાં જ એ યુવતીને પોતાના બાહુપાશમાં જકડવા લાગ્યો હતો. પેલી યુવતીના હોઠ અનિરુધ્ધના હોઠને ચંપાઈ રહ્યા હતા...

અચાનક અનિરુધ્ધને લાગ્યું કે આ સપનુ નથી ! ખરેખર તેના બાહુપાશમાં છે ! અનિરુધ્ધની આંખો ખુલી ગઈ ! તે ચોંકી ગયો ! પેલી અજાણી યુવતી તેનાં અંગેઅંગને ઉત્તેજક રીતે સ્પર્શી રહી હતી...

'ક-કોણ છે તું ?'

'મને ના ઓળખી ?' એક આછો અવાજ સંભળાયો : 'હું પ્રતીક્ષા છું ! યાદ છે, કોલેજમાં તારી સાથે જ ભણતી હતી ?'

'પ્રતીક્ષા...'

'એ જ પ્રતીક્ષા જેણે હોસ્ટેલમાં પોતાની રૂમના પંખા પર લટકીને આપઘાત કર્યો હતો !'

'ઓહ એ ? એ તો -'

'મૃત્યુ પામી છે ! પણ હજી એના આત્માને મુક્તિ નથી મળી કેમકે એ પ્રતીક્ષા, એટલે કે હું, તને દિલોજાનથી ચાહતી હતી ! પરંતુ તેં મારી પરવા સુધ્ધાં કરી નહીં ! મેં કેટલીયે વાર તને કહેવાના પ્રયત્નો કર્યા હતા... પણ તું મારી સામે નજર પણ નાંખતો નહોતો !'

'ઓહ એ પ્રતીક્ષા ? મેં તો એવી વાત સાંભળી હતી કે પ્રતીક્ષાએ એકઝામમાં ફેલ થવાને કારણે આત્મહત્યા કરી હતી.'

'એકઝામમા નહીં, પ્રેમમાં ! મેં મરતાં પહેલાં એક ચીઠ્ઠી પણ લખી હતી. પરંતુ પેલી બદમાશ મહિલા પ્રિન્સિપાલે એ ચીઠ્ઠી મિડીયાના ડરથી ગાયબ કરી નાંખી હતી. પણ વાંધો નહીં, હવે તું અને હું એકબીજાની સમીપ આવી ગયાં છીએ...'

'એક મિનિટ, હું પરણેલો છું.'

'મને ખબર છે ! તું કોલેજમાં જ પેલી પ્રીતીના પ્રેમમાં પડ્યો હતો. કેમકે એ ગોરી હતી, રાઈટ ? અને હું શ્યામવર્ણી !'

'એવું નથી. તું તો મને યાદ પણ નથી !'

'ક્યાંથી હોય ? કેમકે પ્રીતી પૈસાદારની દિકરી હતી, જ્યારે હું મિડલ ક્લાસવાળી હતી... પણ હવે કોઈ જ ફરક નથી પડતો ! કેમકે તારી પત્ની પિયરમાં છે અને હું તારા પડખામાં છું !'

'એક મિનિટ ! દૂર રહેજે મારાથી!'

'કેમ ? પત્ની પ્રત્યે એટલી બધી વફાદારી ? એને શું ખબર પડવાની હતી?'

'સવાલ એ નથી ! હકીકત એ છે કે હું મારી પત્નીને ખુબ જ પ્રેમ કરું છું.'

જો ખરેખર આ અતૃપ્ત આત્મા મારી પત્નીના શરીરમાં પ્રવેશી જશે તો?

'એવું તું આજે કહે છે, પણ બહુ જલ્દી તારે એવું કહેવું પડશે કે હું પ્રીતીને બહુ જ પ્રેમ કરતો... હતો !'

'વોટ ડુ યુ મિન ?'

'કેમકે હું એને મારી નાંખીશ !'

'વોટ નોન્સેન્સ !'

'લે, તો તને ખબર જ ક્યાં છે ? ગયા મહિને પ્રીતીના સ્કુટરની બ્રેક કોણે ફેલ કરી હતી ? એના બે મહિના પહેલાં એક બાઈક અચાનક એની સામે શી રીતે ધસી આવી હતી ? અને ભૂલી ગયા ? હજી દસ દિવસ પહેલાં જ દિવાળીના ફટાકડા ફોડતી વખતે એક રોકેટ આડું ફાટીને પ્રીતીની સાડીમાં ઘૂસી ગયું હતું ?'

અનિરુધ્ધ હવે ધ્રુજી ગયો. 'આ... આ બધું તેં કરાવ્યું હતું ?'

'કરાવ્યું નહીં, કર્યું હતું ! મેં જાતે, પોતે ! માત્ર તને વોર્નિંગ આપવા માટે !'

અનિરુધ્ધ ધ્રુજી ગયો ! પ્રતીક્ષાનો પ્રેતાત્મા આટલો બધો ખતરનાક?

|| અનુસંધાન પાના નં.૦૮ પર

દાંત પડી ગયા અને જીભ એવી જ રહી!

ઝાકળ બન્યું મોતી

કુમારપાળ દેસાઈ

ચીનમાં



૨બ૨ મુલાકાતોનું સ્થાન કોઈપણ ટેકનોલોજી ના લઇ શકે

તારી અને મારી વાત

હંસલ ભચેચ

એક સમય હતો દિવાળી દરમ્યાન ઘરમાં મેળા ભરાતાં, સગા-વ્હાલાઓના અને મિત્રોના, વાતોના વડા અને હાસ્યના હસગુલ્લાઓની વચ્ચે સુખદ સમયની યાદો તાજી થતી. વીતેલો સમય વાગોળાય અને મનમાં મીઠાશ અનુભવાય. બસ આ મીઠી યાદો સાથે આપણે નવા-નક્કોર થઈને નવું વર્ષ શરુ કરતા. 'વીતેલો સમય' બહુ જબરદસ્ત ચીજ છે, સારો વીત્યો હોય કે ખરાબ પણ એની વાત કરવા બેસોને ત્યારે 'વર્તમાન સમય' હંમેશા ઓછો પડે! મોટાભાગે, આપણે જયારે સમૂહમાં હોઈએ ત્યારે સારો વીતેલો સમય ચર્ચાતો રહે છે અને જયારે એકલ-દોકલ હોઈએ ત્યારે ખરાબ કે દુઃખ-કષ્ટમાં વીતેલો સમય મનમાં વાગોળાતો રહે છે.

આજે કમનસીબે મેળા અને માળા બંને ખાલી છે એટલે દિવાળીમાં બહાર ભાગી જઈને એકાંત ભાંગવું પડે છે! વીતેલો સમય વહેંચાતો-ચર્ચાતો નથી પણ મનમાં અફળાયા કરે છે, ચ્યુઈંગમની જેમ બેસ્વાદ ચવાયા કરે છે.

દિવાળીની રજાઓ પુરી થઇ જાય ત્યારે એક વાત મનમાં અચૂક આવે છે 'લો દિવાળી-દિવાળી કરતા'તા, આવીને જતી પણ રહી!' મારી વાત માનો 'દિવાળી' તો એક રૂપક છે બાકી વાત સમગ્ર જીવનની છે, ક્યારે આવ્યું અને ક્યારે જતું રહેશે એનો સીધો હિસાબ નહીં રાખી શકો. દિવાળી આવશે અને જશે, જીવનની ભાગ-દોડ નાનકડું વેકેશન લઈને ચાલુ થઈ જશે અને સૌ પોતપોતાની રીતે વ્યસ્ત થઈ જશે. આમ પણ સાચા અર્થમાં વ્યસ્ત હોઈએ કે ના હોઈએ, આજકાલ વ્યસ્તતાનો ભાવ આપણા મનમાં સ્વ-મહત્વ કે સફળ હોવાનો ભાવ પેદા કરવા માટે જરૂરી છે. જેની પાસે બીજા માટે સમય નથી તે વ્યક્તિ મહત્વની કે સફળ, ભલેને પછી એની વ્યસ્તતા સોશિયલ મીડિયામાં લટકેલા રહેવાની હોય, પોતાને મહત્વની અને સફળ તો એ માનતી થઈ જ જાય! રૂપિયા રળવાની દોડ ચાલુ હતી અને ચાલુ રહેવાની, આખી જિંદગી 'પૈસો તો હાથનો મેલ છે' એમ કહેતા ફરનારને પણ જો કરોડોની લોટરી લાગે તો બાકી રહેલી જિંદગીમાં ક્યારે'ય હાથ ના ધોવે, રખે ને મેલ જતો રહે તો?! કહેવું એ છે કે વ્યસ્તતા અને દોડ ચાલુ રહેવાની પણ તેની વચ્ચે મારી આજની વાત તેના સાચા અર્થમાં સમજાય અને જીવનમાં ક્યાંક ગોઠવાય તો ભયો ભયો...

આપણે સામાજિક પ્રાણી છીએ અને કુટુંબ-સગા-સંબંધી-મિત્રો સાથે જોડાયેલા રહેવું આપણી નૈસર્ગીક જરૂરિયાત છે. માત્ર યંત્રવત વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર જ નહીં, વાર-તહેવારે રૂબરૂ મુલાકાતોનું સ્થાન કોઈપણ ટેકનોલોજી ના લઈ શકે. આ વાત કોવિડની મહામારીએ માનવજાતને બરાબર સમજાવી દીધી છે, એ અલગ છે કે કેટલાને સમજાઈ હશે તે રામ જાણે!

વર્ચ્યુઅલી સતત જોડાયેલા રહેવા કરતા દસ મિનિટ રૂબરૂ મળ્યાની યાદ મનમાં વધુ લાંબો સમય જીવંત રહે છે

વ્યક્તિઓ સાક્ષાત સામે હોય ત્યારે બધાનો ધબકાર અલગ હોય છે, આ ધબકાર સમજવાનો કે વિચારવાનો ઓછો અને અનુભવવાનો કે માણવાનો વધારે હોય છે. દિવાળી તો એક નિમિત્ત છે, બાકી રૂબરૂ મળવાનો એક પણ મોકો છોડવો નહીં તેવું આજથી જ મનોમન નક્કી રાખો, સમય સારો વીતશે અને આગળ વાત કરી તેમ સારો વીતેલો સમય જ તમને સુખદ યાદો આપી શકે છે. માનો કે ના માનો, આજની પેઢી પાસે અગાઉની પેઢી જેટલી વાગોળી શકાય તેટલી અંગત યાદો નથી. તેનું કારણ એ છે કે યાદો ઉભી થઈ શકે એટલો સમય જ એમને મળ્યો નથી. એમને મળેલી નવરાશ તો ટીવી, ટેબ્લેટ અને મોબાઈલના સ્ક્રીન ખાઈ ગયા છે! વિચારો, કોઈ પ્રિય વ્યક્તિ સાથે પ્રણયસભર સતત કરેલી ચેટ સુખદ યાદ ઉભી કરી શકે કે એટલા જ સમયની પ્રણયસભર રૂબરૂ મુલાકાત?! બાજુ બાજુમાં બેઠેલા'ય ક્યારેક ચેટથી જોડાયેલા રહેતા હોય ત્યાં કલાકો એકબીજાની સાથે શાંતિથી બેસીને સમય ગાળવાની વાત જ અજંપો પેદા કરી કાઢે એવી છે. વર્ચ્યુઅલી ૨૪૮૭ જોડાયેલા રહેવા કરતા દસ મિનિટ એક્ચ્યુઅલી મળ્યાની યાદ મનમાં વધુ લાંબો સમય જીવંત રહે છે.

આ વખતે પણ દિવાળી આવીને જતી રહી, એકવાર નહીં અનેકવાર આવી અને જતી રહી, એક જમાનામાં માણસ પોતાની ઉંમર પણ 'આટલી દિવાળીઓ જોઈ છે' એમ કહીને ગણાવતો. દિવાળી આવવાના ઉત્સાહ કરતા આવીને જતી રહ્યાનો અફસોસ વધારે હોય છે, બરાબર એ જ રીતે આવનારી પળોની ઉત્તેજના કરતા વીતી ગયેલી પળોનો અફસોસ વધુ તીવ્ર હોય છે. આ વાત સમજાતી હોય તો આજે જ સમજી લો કે આપણે માનીએ છીએ તેના કરતા જીવન ઘણું ટૂંકું છે, શાંતિથી વિચારશો તો ક્યારે આ ઉંમરે પહોંચી ગયા એનો સાચો હિસાબ નહીં માંડી શકો. જો જીવનને માણ્યું હશે તો આ હિસાબ નહીં માંડી શકવાનો અફસોસ નહીં થાય પણ જો દિવસો, માણ્યા વગરના, એમ જ હાથમાંથી સરકી ગયા હશે તો વહેલો-મોડો વીતેલા સમયનો અફસોસ જરૂર થશે. ઉંમરના એક તબક્કે જીવનની રીલ ફિલ્મની જેમ મનમાં ચોક્કસ ફરશે, પરંતુ એ ફિલ્મ જોવા યોગ્ય કે આનંદ-સંતોષ આપનારી બને તે માટે હંમેશા પ્રયત્નશીલ રહેવું પડશે.

બસ, તો પોસ્ટ-દિવાળી સંકલ્પ કરો કે જીવનસાથી, માતા-પિતા, સંતાનો, સગા-વ્હાલાઓ કે મિત્રો સાથે સારી યાદો ઉભી કરવાનો એકપણ મોકો જતો કરવો નહીં. વાર-તહેવાર તો ઉદ્દીપકો છે, બાકી આવા મોકા તો અવાર-નવાર આવતા રહેતા હોય છે, બધો જ આધાર તમે એને ક્યારે અને કેવી રીતે ઝડપો છો એના ઉપર છે...

મોજ મસ્તી તાજગી મારા વિના ક્યારે હતી,
આવી ઝાકમઝોળ આ તારી સભા ક્યારે હતી.
- ખલીલ ધનતેજવી

ગુજરાતી મુશાયરામાં ખલીલ ધનતેજવી પઠન કરતાં ત્યારે ગઝલનો એક એક શેર દાદ મેળવતો અમે જોયો હતો. એમનો ખાસ દબદબો રહેતો. એનો અર્થ એવો નહોતો કે અન્ય કવિઓ નિમ્ન હતા. સરખામણી નહોતી કરવી પણ અનાયાસ થઈ જતી હતી. આવી સ્થિતિ એક શબ્દમાં કહેવી હોય તો?

શબ્દસંહિતા

પરેશ વ્યાસ

બોલચાલની ભાષામાંથી જન્મેલો શબ્દ વર્ષનો સરતાજ શબ્દ બની ગયો. આજકાલ બોલચાલ ઓનલાઈન થાય છે. સન્મુખ વાત કરવાની રિવાયત હવે લુપ્ત થતી જાય છે. કોલિન્સ ડિક્સનરીએ 'વર્ડ ઓફ ધ યર-૨૦૨૬' તરીકે જાહેર કરેલો શબ્દ મોગિંગ(Mogging) જનરેશન ઝી અને આલ્ફાની પેદાઈશ છે. જનરેશન આલ્ફા? યસ સર. આજે જે ૧૪ વર્ષ કે એથી નાના છે એ આલ્ફા પેઢી છે. શબ્દ વ્યુત્પત્તિની શરૂઆત જો કે વર્ષ ૨૦૦૦માં ઈન્ટરનેટ ટૂંકાક્ષર અમોગ(AMOG) સાથે થઈ. અર્થ થાય : 'આલ્ફા મેલ ઓફ ધ ગૃપ' એટલે કે જૂથનો સૌથી પ્રભાવશાળી પુરુષ. મૂળ આ ટૂંકાક્ષર બોડી બિલ્ડિંગ ઉર્ફે શરીર સૌષ્ઠવ સમુદાયમાં વપરાતો હતો. રૂમમાં હાજર સૌથી ઊંચા સ્નાયુબદ્ધ પ્રભાવશાળી પુરુષને શું કહેવાય? તો કે 'અમોગ'. ઈન્ટરનેટ વપરાશકર્તાઓએ વર્ષ ૨૦૧૬ની આસપાસ 'અ' અક્ષર હટાવીને માત્ર 'મોગ' અને એનું ક્રિયાપદ 'મોગિંગ' કરી નાંખ્યું. ટૂંકાક્ષરને ટૂંકો કરી નાંખ્યો! અને હા, શબ્દનો ઉપયોગ પણ માત્ર બોડી બિલ્ડિંગના સંદર્ભમાંથી નીકળીને વ્યાપક અર્થમાં પ્રચલિત થયો. શારીરિક રીતે વધુ આકર્ષક પ્રભાવદાર વ્યક્તિ આવે અને આજુબાજુવાળી વ્યક્તિઓ એની સામે ઝાંખી પડી જાય એ મોગિંગ. એ ભીડમાં ભળવા મથતો નથી. એ પોતે જ માપદંડ થઈ જાય છે. દેખાવ, સ્ટાઇલ, ફિટનેસ કે આકર્ષણની બાબતમાં બીજા કોઈને પાછળ પાડી દેવું કે ચડિયાતા દેખાવું, એ મોગિંગ. પછી તો ફેમમોગિંગ (પહોળી છાતી), હાઇટમોગિંગ(વધુ ઊંચાઈ), જૉમોગિંગ (આકર્ષક જડબું) શબ્દો પણ વપરાતા થયા. પણ વર્ષ ૨૦૨૦માં ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ ઉપર યુવા પેઢીએ આ શબ્દને સાવ હળવા અને રમૂજી અંદાજમાં કમ્યુનિકેટ કરવાનું શરૂ કર્યું. હવે તેનો ઉપયોગ રોજિંદી સરખામણીઓ માટે થાય છે, જો કોઈ મિત્ર પાર્ટીમાં તમારા કરતાં વધુ સારા કપડાં પહેરીને આવે અને બધાનું ધ્યાન ખેંચે, તો કહેવાય કે આ ભાયડાએ બધાને 'મોગ' કર્યા. જે વ્યક્તિ બીજા કરતાં ચડિયાતી દેખાય તે 'મોગર' અને જે પાછળ રહી જાય તે 'મોગી' કહેવાય.આમ તો આ શબ્દ આલ્ફા મેલ ઉર્ફે ચઢિયાતા પુરુષ માટે સર્જાયો હતો પણ હવે એમાં લિંગ ભેદ નથી. આકર્ષક યુવતી માટે પણ વાપરી શકાય. અને પ્રેમીને મન પ્રેમિકા તો સદા સર્વદા આકર્ષક જ રહેવાની. એ આવે એટલે દિલ ગાર્ડન ગાર્ડન થૈ જાય! ૨. પા.નાં શબ્દોમાં... તું આવે અને આવવાની એવી શરત હોય, હું હોઉં નહિ મારા ઘરમાં, તું જ ફકત હોય. અહીં તું મોગર અને હું મોગી થઈ જાઉં- એવી શરત છે. પ્રેમમાં યોગીની જગ્યાએ મોગી થવું ઈચ્છનીય જ નહીં, ઈષ્ટનીય પણ છે!

આખરે વાત સરખામણીની છે. હું એટલે હું અને તું? તું મારી સામે તુચ્છ. ભાજીમૂળો. કંઈ માલ નહીં તેવો, કશા લેખામાં લેવા જેવું નહીં તે. તું એન્ટ્રી લે ત્યારે લાઈટ ચાલુ કરવી પડે પણ હું એન્ટ્રી લઉં ત્યારે.. સૂરજે પણ ગોગલ્સ પહેરી લેવા પડે. આહાહાહા....સઘળું જળહળ થઈ જાય. મારી સામે બધા પાણી ભરે. સરખામણી અળખામણી હોય એ વાત સાચી પણ સાંપ્રત સમયમાં ઈન્ટરનેટ પર મોગિંગ શબ્દનો ઉપયોગ મોટાભાગે હળવી મજાક અને રમૂજ માટે જ થાય છે. મીમ્સ અને સોશિયલ મીડિયા, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક પર લોકો આ શબ્દનો ઉપયોગ રમૂજી રીતે કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈનો પાલતુ કૂતરાં સાથે ફોટો હોય તો લોકો મજાકમાં કહે કે તારા કરતાં તો કૂતરો સારો દેખાય છે. આલ્લે લે, આ કૂતરાએ તને મોગ કરી દીધો. પોતાની જાત પર મજાક કરવી હોય ત્યારે પણ આ શબ્દ હોંઠવગો છે. કોઈ મિત્ર ખૂબ સારા કપડાં પહેરીને આવે ત્યારે હું એનાં વખાણ કરવા કહું કે અરે યાર, જોરદાર....તેં તો મારા સહિત આખા ગામને મોગ કરી દીધું. બહુ સાચવ્યો પણ પડી જ ગયો. શું પડી ગયો? તો કહે કે વટ.. આપણી ભાષામાં રોફ, આભા, પ્રભા- એવા શબ્દો પણ છે. પણ હા, વ્યક્તિના ફોટા પર કમેન્ટ કરીને

શારીરિક રીતે વધુ આકર્ષક પ્રભાવદાર વ્યક્તિ આવે અને આજુબાજુવાળી વ્યક્તિઓ એની સામે ઝાંખી પડી જાય એ મોગિંગ.

બીજાને તેનાથી ચડિયાતા બતાવવા માટે આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે, તો તે સામેવાળાને નીચા બતાવવા જેવું કે અપમાનજનક લાગી શકે છે. કયા સમયે અને કયા ટોનમાં તે બોલાય છે તે નક્કી કરે છે કે તે નિર્દોષ મજાક છે કે કોઈનું અપમાન.

અમે એક ઝેન કથાને જીવનમાં ઉતારી છે. અમે કોઈથી મોગ થતાં નથી. અમને મળનાર અન્ય કોઈ મોગર છે તો છે. એ એનો પ્રશ્ન છે. એણે એની મોગરાઈ એચીવ કરવા અને મેઈન્ટેન કરવા શું શું કરવું પડતું હશે? હેં ને? એક યુવા બૌદ્ધ સાધુ નવા આશ્રમમાં આવ્યો ત્યારે એ પહેલાં જ્યાં હતો એ આશ્રમના ગુરુના પ્રભાવની, એનાં ચમત્કારોની ગાથા ગાતા થાકતો નહોતો. એમ કે ગુરુ ઓરડામાં આવે અને દીવા પ્રગટી જાય, સુગંધ ફેલાઈ જાય, સંગીતના સૂર રેલાવા માંડે... નવા આશ્રમમાં ગુરુ બિચારા સીધા સાદા હતા. એ યુવા સાધુ પૂછતો કે તમે શું ચમત્કાર કરો કે અમે તમને નમસ્કાર કરીએ? ગુરુ કહે એવું તો કાંઈ નથી પણ હા, ભૂખ લાગે છે એટલે ખાવાનું મળી જાય છે, હું ખાઈ લઉં છું અને ઊંઘ આવે છે ત્યારે પથારી મળી જાય છે એટલે હું સૂઈ જાઉં છું. મને કોઈ શું મોગિંગ કરે?!!!

શબ્દશેષ :

'સહજ વર્ચસ્વ અને શાંત રુઆબ કુદરતી મોગિંગ છે.'



ફૂલને સમણું આવે?

ક્ષણ-ક્ષણાર્ધ

પ્રવીણ દરજી

ફૂલો વિશે ગોષ્ઠી આરંભું તો ? તો કેટલાકને ન પણ ગમે, કોઈક કોઈકને એમાં રસ જ ન હોય, વિદ્વાનની ભાષામાં ઉદ્ગારી ઊઠે : 'એની તો ગોષ્ઠી હોય ?' ઊર્મિવેડા જ એવા તો લેખે. પણ તેથી શો ફરક પડે આ બંદાને ? તેઓને ક્યાં સમજાવું કે કોઈ તેનાં કારણો પણ આપું ? ફૂલોના ઘરમાં જ શૈશવ આખું શ્વાસ ભરતાં ભરતાં ઉછર્યું હોય, મહેક્યું હોય તેનો તો કોઈને હિસાબ આપવાનો હોય ? બસ, ફૂલો, ફૂલોની રંગલીલા, તેમના આકાર, તેમનું ડોલન અને તેમની પેલી શબ્દાતીત કથાઓ. સૌંદર્યની એ અનોખી લિપિ છે. ઉકેલી શકીએ તો તે ઘણું સમજાવી રહે છે. ન ઉકેલી શકીએ ત્યારેય તે કંઈ આપણા કે કોઈના ય માટે, ખુલ્લી પંચેન્દ્રિયોથી જીવનાર માટે મૃદુતાની ભાષા કે વાણી સિવાય અન્ય કશું સંક્રાન્ત કરતું નથી. ફૂલ ચિરંતનની પ્રસ્તુતિ છે.

સાચું કહું તો 'બાનો વાડો'ની બાએ ફૂલના બીથી માંડી, તેના ઉછેર, વિકાસ, રંગ-ગંધ-સુગંધ, તેની સવાર-સાંજ બધાંનું ચરિત્ર મારા મનમાં ખૂંડું કરી આપ્યું છે. બાને સેંકડો ફૂલોની કથાની ખબર. સૌંદર્યશાસ્ત્ર તો ઘણું પાછળથી ભણ્યો, તેના વિશે જાણ્યું, લખ્યું કે વાતો કરી. પણ મારા સૌંદર્યશાસ્ત્રનું ખરું પગેરું તો બાએ અવારનવાર જે પુષ્પકથાઓ કહી છે ત્યાં મળી આવે તેમ છે. ફૂલોનું એ સૌંદર્ય પછી તો, આખા જીવનમાં છવાઈ ગયું. ધીમે ધીમે સમજતો જાઉં છું કે ફૂલ તો નિઃશબ્દ શિક્ષણની પરાકોટિ છે. ખુલ્લી આંખે જોનાર માટેનું મસમોટું સંગ્રહાલય છે, અશ્રુત સંગીતગૃહ છે, અનેક દ્રશ્યો રચી - અનોખી રીતે તેને ભજવી બતાવતું નાટ્યગૃહ છે, સુગંધનું છલકી રહેતું સરોવર છે. એ સિવાય પણ ક્યારેક નિરાંતે વિચારીએ છીએ ત્યારે એ ફૂલે આપણી કોરી પાટીમાં કે કોરી ડાયરીમાં આપણા માટે ઘણું ઘણું લખી આપ્યું હોય, સુગંધભર્યા મરોડદાર અક્ષરો વડે ! માત્ર એ ભાષાને, એના મરોડને ઓળખી લેવા પડે...

બાને ઘણીવાર પૂછ્યા કરતો એ પ્રશ્ન પણ આજે સ્મરણમાં આવ્યા કરે છે. હું પૂછતો - 'બા ફૂલોને સમણાં આવતાં હશે, આવતાં હોય તો કેવાં આવતાં હશે, ક્યારે આવતાં હશે ?' પણ બા મારી એવી પ્રશ્નલીલાને સમજી જાય, ઉત્તર આપવાને બદલે તે મરક મરક હસી રહે. પછી ધીમેથી કહે 'ફૂલ જ સ્વપ્ન નથી !' હું માની લેતો ફૂલને બા કહે છે તેમ તે સ્વપ્ન તો છે જ પણ તેને સમણાં તો જરૂર આવતાં હશે. સવારથી સાન્ધ્ય સુધીના કે એકાદ-બે દિવસના આયુષ્યમાં તે પાંદડીની નસેનસને, સુગંધની એકેએક અંશલીલાને જીવતું હશે. અને જીવતું હોય એ સ્વપ્નિલ હોય જ એવી એક સમજે મારા મનમાં જાદુ ક્યો. પછી તો જે કંઈ સ્વપ્નો આવે તેમાં જાગતિક તો ઘણું ઊમટે પણ વારતહેવારે પેલું ફૂલજગત પણ



વિભિન્ન વેશે અવતરતું આવે. મને થતું આ મારું સ્વપ્ન પેલા ફૂલનું પણ હશે જ. એ પણ વધુ આયુષ્ય ઈચ્છવાને બદલે વધુ આકર્ષિત બની રહેવા, વધુ સૌરભમય બની રહેવા, વધુ મૃદુ-મધુર થઈ રહેવા ઈશ્વરની નિરંતર પ્રાર્થના કરતું હશે. તેને પણ ગંગા-પ્રવાહ પર દેદીપ્યમાણ થઈ વધુ સોહી રહેવાનું સ્વપ્ન આવતું હશે. તે પણ શિવના મસ્તકે બેસી મહેકી રહેવાનું સ્વપ્ન જોતું હશે. તેને પણ કોઈ મોહક નારીનો શણગાર બની રહેવાનું સ્વપ્ન આવતું હશે. કોઈને ગળાની માળા બનવાનું, કોઈકને નૂપુર બની રહેવાનું તો કોઈકને બાજુબંધ કે શીર્ષસ્થ શોભતા મુગટ બની રહેવાનું સ્વપ્ન અવશ્ય આવતું હશે. ક્યારેક એવું ય બનતું હોય કોઈ પુષ્પને વણસ્પર્શાયેલું કે અનાઘ્રાત રહેવાનું ય સમણું આવતું હશે કે તેવું સ્વપ્ન એ રાખીને બેઠું હોય. કોઈક કોઈકને એવું ય સ્વપ્ન જાગે કે તે કોઈકની અર્થીને મહેકાવી રહે, તેનું તે અંતિમ સંગાથી બની રહે. કોઈકને કોઈક લગ્નમંડપની શોભા પણ બનવું હોય, તો કોઈકને કોઈ કથાકાર, રાજકારણી કે કવિ-લેખકોનો મંચ પણ શોભાવવો હોય... કોઈ ફૂલને એવું ય હોય કે કોઈક નાજુક હથેળીમાં તે ઝિલાય અને ત્યાંથી વળી એક બીજા હાથ સુધી પહોંચી એક સંવાદ જગત રચી રહે. લો, કોઈક તો એવું ય હશે, ખીલવું-ખરવું અને તે જ છોડ કે વૃક્ષ નીચે લુપ્ત થઈ જવું, એક નિઃશેષ વગડાઉ કથા બની.

આવાં ફૂલનાં નાજુક સમણાં, નાજુક કદ-મોહક રૂપશ્રી કે પ્રાનેન્દ્રિયને તર-બ-તર કરી રહે તેવી મહેક, તેની રંગશ્રી, તેનું પવન સાથેનું નર્તન કે તેની હૃદયને સ્પર્શી રહે તેવી મુગ્ધ સ્થિરતા આ બધું ક્યારેક આપણા મસ્તિસ્કનેય ફૂલ બનાવી રહે છે. મસ્તિસ્કને પાઠ શીખવી રહે છે - ક્યાં ક્યારે કેટલું ખીલવું મહેકવું. ક્યારેક એવું દર્શન અંદરના અંધકારને પણ આપોઆપ ઓગાળી રહે છે. ક્યારેક એવું ફૂલ પ્રેમનો ભર્યોભર્યો સંકેત બનીને બે આત્માઓને ચિરકાળ અનુબંધિત પણ કરી રહેતું હોય છે, શબ્દો વિનાનું જગત રચી રહે છે. આવા એ ફૂલની જેટલી રેખાઓ ઉકેલીએ તેટલી તેનામાં વધુ ને વધુ રેખાઓ તત્ક્ષણે જ જન્મી રહેતી હોય છે. ફૂલ એમ આપણું થઈને પણ આપણાથી જુદેરું-ઊંચેરું પણ... વિષાદ હીન સાદ દેતું, સદા ફોર્યા કરતું, કશુંય ન કહેતું અને માત્ર તેના હોવાપણાથી જ આપણામાં ઓતપ્રોત થઈ જતું હોય છે. ભારે કરિશ્મો છે એનો... ધરતીનું હજી સુધી પૃથક્કરણ ન કરાયેલું એ સ્મિત છે, મોહિનીથી, ઉષ્માથી ભરી દેતું સ્મિત. આવા ફૂલને સર્વત્ર એક જ જાતિ હોય છે. ફૂલની, પ્રફુલ્લી રહેનારની જાતિ. હા, તેનાં રંગ-રૂપ-રસ-ગંધ અલગ હોય પણ કામણ તો એક જ. જ્યાં તેની

ફૂલની જેટલી રેખાઓ ઉકેલીએ તેટલી તેનામાં વધુ ને વધુ રેખાઓ તત્ક્ષણે જ જન્મી રહેતી હોય છે

સંનિધિ ત્યાં આનંદઉછાળ, જ્યાં તેની ઉપસ્થિતિ ત્યાં નરી ખુશનુમા, જ્યાં તેની હાજરી ત્યાં પાવિત્ર્ય, મંગલતા. જ્યાં તેનું આસન ત્યાં સઘળું પુલક પુલક... પછી તે મધુમાલતી હોય, જાસૂદ, કરેણ, મોગરો હોય, મલ્લિકા હોય, કમળ-નીલ કમળ હોય, રજનીગંધા કે પારિજાત હોય, ગુલાબ હોય કે બુગનવેલ હોય, બકુલ કે પિયાલ હોય, સાલ-સાગ કે મેંદીની મંજરી હોય કે આમ્રમંજરી હોય - તે સઘળું નીરવ છે, મધુર છે, મોહક છે. માણસને એકરાગ કરી રહેવાનો તેનો જાદુ, માત્ર તેનો જ હોય છે. મા હજી પણ મારા શૈશવમાં કરેલા પ્રશ્નનો ઉત્તર તેના સ્મિતથી આપતી હતી એ સ્મિત ફૂલ જેવું જ તાજું છે.

દૂધની એક થેલી : તબેલામાંથી તમારા રસોડા સુધી...

સેલિબ્રેશન

ચિંતન બુચ

ધનું ઉત્પાદન કરવું જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્વ તેને સુરક્ષિત રીતે ગ્રાહક સુધી પહોંચાડવાનું છે.

દૂધની સફર શહેરની ડેરીથી નહીં, પરંતુ ગામડાના કોઈ નાના તબેલા કે પશુપાલકના ઘરમાંથી શરૂ થાય છે. વહેલી સવારે જ્યારે મોટા ભાગના લોકો ઊંઘમાં હોય છે ત્યારે પશુપાલકનો દિવસ શરૂ થઈ ગયો હોય છે. ગાય-ભેંસને ચારો-પાણી આપવું, તેમની સંભાળ રાખવી, સમયસર દોહન કરવું અને દૂધને સ્વચ્છ વાસણમાં એકત્ર કરવું, આ બધું તેની દિનચર્યાનો ભાગ છે. પશુનું આરોગ્ય, તેને મળતો પૌષ્ટિક ખોરાક, પીવાનું સ્વચ્છ પાણી અને દોહન દરમિયાન રાખવામાં આવતી સ્વચ્છતા દૂધની ગુણવત્તા નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

અહીં એક રસપ્રદ વાત એ છે કે દૂધ માત્ર ગાય કે ભેંસના આંચળમાંથી નીકળ્યું એટલે સીધું ગ્રાહકના ઉપયોગ માટે તૈયાર થઈ જતું નથી. દૂધમાં બહારથી ધૂળ, ગંદકી કે સૂક્ષ્મ જીવાણુઓ ન ભળે તેની કાળજી રાખવી પડે છે. દોહન પછી દૂધને શક્ય તેટલી ઝડપથી ઠંડું કરવાની જરૂર પડે છે, કારણ કે સામાન્ય તાપમાને જીવાણુઓની વૃદ્ધિ ઝડપથી થઈ શકે છે. એટલે જ દૂધની સફરમાં સમય અને તાપમાન બંને અત્યંત મહત્ત્વ ધરાવે છે.

પશુપાલક દૂધ લઈને નજીકની સહકારી દૂધ મંડળીમાં પહોંચે છે. ગામડામાં આવેલી આ નાનકડી મંડળી હકીકતમાં સમગ્ર દૂધ વ્યવસ્થાની પ્રથમ મહત્ત્વની કડી છે. અહીં દૂધનું વજન થાય છે અને તેની ગુણવત્તાની તપાસ કરવામાં આવે છે. દૂધમાં કેટલું ફેટ એટલે કે ચરબીનું પ્રમાણ છે અને કેટલું એસએનએફ એટલે કે ચરબી સિવાયના ઘન પદાર્થોનું પ્રમાણ છે તેની તપાસ કરવામાં આવે છે. દૂધની ગુણવત્તા અને સહકારી મંડળીના નિયમો અનુસાર પશુપાલકને તેની કિંમત ચૂકવવામાં આવે છે. આ વ્યવસ્થાથી પશુપાલકને પોતાના દૂધની ગુણવત્તા પ્રમાણે વળતર મેળવવાની તક મળે છે.



૨૬ નવેમ્બર
રાષ્ટ્રીય દૂધ દિવસ

અગાઉ દૂધની ગુણવત્તા તપાસવાની પ્રક્રિયા ઘણી જગ્યાએ પરંપરાગત પદ્ધતિઓથી થતી હતી, પરંતુ હવે અનેક મંડળીઓમાં ઇલેક્ટ્રોનિક મિલ્ક ટેસ્ટિંગ મશીનોનો ઉપયોગ થાય છે. મશીનમાં દૂધનો નમૂનો મૂકતાં જ થોડા સમયમાં ફેટ અને એસએનએફની વિગતો મળી શકે છે. એટલે કે પશુપાલકના દૂધની ગુણવત્તા નક્કી કરવામાં હવે ટેકનોલોજી પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આગળનો તબક્કો છે દૂધને ઠંડું કરવાનો. દૂધ મંડળીમાંથી એકત્ર થયેલું દૂધ બલ્ક મિલ્ક કૂલર અથવા ચિલિંગ સેન્ટરમાં પહોંચે છે. અહીં તેને સામાન્ય રીતે આશરે ચાર ડિગ્રી સેલ્સિયસ તાપમાને ઠંડું કરવામાં આવે છે. આટલું ઓછું તાપમાન જાળવવાનો હેતુ દૂધમાં જીવાણુઓની વૃદ્ધિ ધીમી પાડવાનો છે. દૂધને ઠંડું કરવાથી તે આપમેળે જીવાણુમુક્ત થઈ જતું નથી, પરંતુ તેની ગુણવત્તા જાળવવામાં મદદ મળે છે. આ તબક્કે વિલંબ થાય તો દૂધ બગડવાની શક્યતા વધી શકે છે.

ત્યારબાદ શરૂ થાય છે દૂધની લાંબી મુસાફરી. વિશેષ પ્રકારનાં ઈન્સ્યુલેટેડ સ્ટેનલેસ સ્ટીલ ટેન્કરોમાં દૂધ ભરીને મોટી ડેરીના પ્રોસેસિંગ પ્લાન્ટ સુધી પહોંચાડવામાં આવે છે. આ ટેન્કરો સામાન્ય વાહનો જેવાં નથી. દૂધને બાહ્ય તાપમાનની અસરથી બચાવવા અને તેની ઠંડક જાળવી રાખવા માટે તેની વિશેષ રચના કરવામાં આવે છે. એક ગામમાંથી બીજા ગામ, એક ચિલિંગ સેન્ટરમાંથી મોટા ડેરી પ્લાન્ટ સુધી દૂધ પહોંચાડવા માટે પરિવહનનું સુવ્યવસ્થિત નેટવર્ક કામ કરે છે.

ડેરી પ્લાન્ટમાં પહોંચ્યા પછી દૂધની ફરીથી ગુણવત્તા અને સલામતીની ચકાસણી થાય છે. ત્યારબાદ દૂધને પ્રોસેસિંગની પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાનો સૌથી મહત્ત્વનો ભાગ છે પાશ્ચ્યુરાઇઝેશન. દૂધને નિયંત્રિત તાપમાને ચોક્કસ સમય સુધી ગરમ કરીને ત્યારબાદ ઝડપથી ઠંડું કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી રોગ ફેલાવી શકે તેવા હાનિકારક જીવાણુઓનો નાશ કરવામાં મદદ મળે છે અને દૂધને પીવા માટે વધુ સુરક્ષિત બનાવી શકાય છે.

પાશ્ચ્યુરાઇઝેશન પછી દૂધને જરૂરિયાત પ્રમાણે અલગ અલગ પ્રકારમાં તૈયાર કરવામાં આવે છે. અહીં હોમોજેનાઇઝેશનની પ્રક્રિયા પણ મહત્ત્વની છે. તેમાં દૂધની ચરબીના મોટા કણોને નાના કણોમાં વિભાજિત કરવામાં આવે છે, જેથી દૂધમાં મલાઈ અલગથી ઝડપથી જામી ન જાય અને તેની રચના એકસરખી રહે. ત્યારબાદ દૂધની ગુણવત્તા પ્રમાણે ફુલ ક્રીમ, ટોન્ડ, ડબલ ટોન્ડ અને અન્ય પ્રકારોમાં તેનું વર્ગીકરણ થાય છે. એટલે જ બજારમાં મળતી દરેક દૂધની થેલીનો સ્વાદ, ચરબીનું પ્રમાણ અને પોષક ઘટકોનું પ્રમાણ એકસરખું હોતું નથી.

દૂધને નિયંત્રિત તાપમાને ચોક્કસ સમય સુધી ગરમ કરીને ત્યારબાદ ઝડપથી ઠંડું કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી રોગ ફેલાવી શકે તેવા હાનિકારક જીવાણુઓનો નાશ કરવામાં મદદ મળે છે

હવે આવે છે દૂધની સફરનો છેલ્લો ઔદ્યોગિક તબક્કો એટલે પેકિંગ. ડેરી પ્લાન્ટમાં સ્વચાલિત મશીનો દ્વારા દૂધને ખાદ્ય પદાર્થો માટે સુરક્ષિત એવા વિશેષ પ્લાસ્ટિકના પાઉચમાં પેક કરવામાં આવે છે. મશીન દૂધની થેલી બનાવે છે, તેમાં નિર્ધારિત જથ્થામાં દૂધ ભરે છે અને તેને હીટ સીલિંગ દ્વારા બંધ કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં માનવીય હસ્તક્ષેપ ઓછો રહે તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય છે.

॥ અનુસંધાન પાના નં.૦૮ પર

દિલની વાતો

દિલની વાતો ખૂટશે ત્યારે
હાથ જોડીને હીંડતા થશું
ઊડતો બેડો ઝૂકશે, ત્યારે
કોઈ તો કેડો ચીંધતા જશું !
પગની રોનક ઓસરે તો યે
નાચવું, એમાં માનીએ નહિ !
થાકતે હાથે કોઈ દી અમે
બૂંગિયો ઢોલ બજાવીએ નહિ.
આપણે કર્યું, અદકું એથી
કરશે બીજા : શીખતા જશું !
આભના તારા મલકે હજી
આંખના છેડા છલકે હજી,
એકની પાછળ એક સલૂણી
ગીતની કડી આવતી હજી,
એ જ અધૂરપ માણશું, અમે
એ જ મધુરપ સીંચતા થશું !
વેળ હતી, ને આવિયા અમે,
વેળ થઈ છે : હીંડતા થશું,
મળિયાં એવાં દિલ અહીં કે
મ્હેક બધે એ ચીંધતા જશું !

- હસિત બૂચ

માણસે ક્યારે પોતાનું ક્ષેત્ર છોડી દેવું જોઈએ?...

શબ્દ સૂરને મેળે
રાજેશ વ્યાસ 'મિસ્કીન'

માણસે ક્યારે પોતાનું ક્ષેત્ર છોડી દેવું જોઈએ ? લોકો ધક્કા મારીને કાઢી મૂકે ત્યારે ? કે પોતે શીખર ઉપર હોય ત્યારે ? કે પછી પોતાનો સમય હવે પૂરો થયો છે એ જાણી જાય ત્યારે ! મોટાભાગે અહંકારી માણસ, ભીતરથી બોદો માણસ, અભિમાનમાં અંધ થઈ ગયેલો માણસ, સસ્તી પ્રસિદ્ધિ પાછળ દોડતો માણસ ક્યારેય જાણી જ નથી શકતો કે તેણે પોતાનું ક્ષેત્ર છોડી દેવું જોઈએ. લોકો અપમાન કરે, Neglect કરે, ઉપેક્ષાઓ કરે તો પણ ઘણાની આંખ ઉઘડતી નથી. સાહિત્ય હોય કે સમાજનું કોઈ પણ ક્ષેત્ર કોઈ મૌલિક વિચારો ન હોય, કોઈ સર્જકતા રહી ન હાય, કોઈ દ્રષ્ટિ રહી ના હોય છતાંય ઘણા એવા વ્યક્તિઓ હોય છે જે કશું છોડી જ નથી શકતા. કવિ હસિત બૂચનું કાવ્ય 'દિલની વાતો' કુમાર માસિકમાં પ્રગટ થયું હતું તે આ સંદર્ભે માત્ર વાંચવાજ નહીં, સમજવા જેવું છે.

ઘણીવાર વાતો ખૂટી ગઈ હોય છે. આસપાસના લોકોને આપણામાં રસ નથી રહ્યો હોતો અને છતાંય આપણે મૌન થવાનું જાણે પસંદ જ નથી કરતા. કવિ કહે છે જ્યારે દિલની વાતો ખૂટી જશે ત્યારે અમે સૌને બે હાથ જોડીને વંદન અને આભાર માનતા આ જગતથી હેંડતા થઈ જઈશું. ગુજરાતી ભાષાની મજા એ છે કે શબ્દો-વાક્યો ઘણી-ઘણી અર્થછાયા ધરાવતા હોય છે. અહીં કવિ કહે છે કે અમે તો હાથ જોડીને હેંતડા થઈશું. હૃદયની વાતો ખૂટે ત્યારે મહેફિલ હોય કે આ દુનિયા હાથ જોડીને હેડતા થવામાં જ મજા છે. અને આપણી જે પરિસ્થિતિ છે એ બદલાય તે પહેલા આ સમાજને એક નવી કેડી ચિંધતા જાવાની જરૂર છે.



ક્ષેત્ર ક્યારે છોડવું જોઈએ ! એનો વિચાર તમે જ્યારે શિખર ઉપર હોવ ત્યારે કરવો જોઈએ. હા હજુ આકાશમાં તારાઓ મલકી રહ્યા છે અને આંખના છેડા-ખૂણા પ્રેમથી, લાગણીથી છલકી રહ્યા છે. હજુ એકની પાછળ એક મોજાઓની જેમ ગીતની કડીઓ આવી રહી છે. હજુ પૂર્ણતાને નથી પામ્યા. જે જિંદગીની અધૂરપ છે એને માણી રહ્યા છીએ અને જે અધૂરપની મધૂરપ છે તે મધૂરપ આ જગતનાં મીઠાં શબ્દો દ્વારા પાણીની જેમ સીંચતા જવાના છીએ. એ અધૂરપની મધૂરપથી આ જગતને નવજીવન આપતા જવાના છીએ.

આપણે જે કંઈ કર્યું હોય એનાથી અદકું, વધુ સારું કોઈ કરે તો એની પાસેથી શીખતા જવું જોઈએ

ગુજરાતી ગઝલના પાયામાંના ગઝલકારોમાંના એક એવા સગીર સાહેબની ગઝલ આ સંદર્ભે જોવી જોઈએ. સર્વનો સ્વીકાર. બધા જ સંજોગોને અપનાવાની વાત આ ગઝલમાં થઈ છે.

હું બધા સંજોગને અપનાવતો
ચાલ્યો ગયો,
જિંદગીને એ થકી શોભાવતો
ચાલ્યો ગયો.

મારો પાલવ હું બધે ફેલાવતો
ચાલ્યો ગયો,
દોસ્ત દુશ્મન સર્વને અજમાવતો
ચાલ્યો ગયો.

એણે કૈં પૂછ્યું અને હું ચૂપ રહી
જોતો રહ્યો,
અર્થ એનો, એ કરી મનફાવતો
ચાલ્યો ગયો.

દુર્દશા મારી નિહાળી એ જ
એનાથી થયું,
આંસુઓને આંખમાં એ લાવતો
ચાલ્યો ગયો.

મિત્ર-શત્રુના વિચારોથી હંમેશાં
પર રહી,
હું હૃદયથી પ્રેમને છલકાવતો
ચાલ્યો ગયો.

કોઈ દિન થાશે ફળીને બાગ,
એ આશા મહીં,
બીજને વેરાનમાં હું વાવતો
ચાલ્યો ગયો.

જે તરફ ચાલું છું હું ચાલે છે
મારા સાથ સાથ,
તારલાને મુજ તરફ લોભાવતો
ચાલ્યો ગયો.

જુલ્મ કોઈના સહન કરતો રહ્યો
હું હર્ષથી,
એ થકી જીવનને હું વિકસાવતો
ચાલ્યો ગયો.

બાળપણમાંથી જવાની, ને
જવાનીથી જરા,
ઝિંદગીના વસ્ત્રને બદલાવતો
ચાલ્યો ગયો.

પાથરું છું ફૂલ એના માર્ગમાં હું
હર્ષથી,
માર્ગમાં જે કંટકો પથરાવતો
ચાલ્યો ગયો.

જિંદગાનીમાં રહ્યો કરતો
તમન્નાઓ અશક્ય,
દિલને હું એ રીતથી બહેલાવતો
ચાલ્યો ગયો.

મારી દુનિયા થઈ ગઈ બરબાદ
પણ હું છું ખુશી,
એની દુનિયાને તો હું
શોભાવતો ચાલ્યો ગયો.

શી મુસીબત, શું દુઃખો,
મુશ્કેલીઓ શી, શું સુખો !
પૃષ્ઠ જીવનનાં હતાં પલટાવતો
ચાલ્યો ગયો.

કોઈ જો સમજ્યો નહીં તો દોષ
છે એનો 'સગીર'
હું ઇશારામાં ઘણું સમજાવતો
ચાલ્યો ગયો.



'હું રેશ્મા નથી... સાંગલીનો સંતોષ મહાજન છું!'

વેદના-સંવેદના
મૃગેશ વૈષ્ણવ

ગુજરાતમાં જન્મેલી અને ઊછરેલી યુવતી અચાનક અસ્ખલિત મરાઠી બોલવા લાગી! પુરુષ જેવો ઘેરો અવાજ, બદલાયેલી ઓળખ અને ભયાનક આક્રમકતા પાછળ શું હતું રહસ્ય? ભૂતપ્રેતનો વળગાડ, પૂર્વજન્મની સ્મૃતિ કે માનવમનની કોઈ અકળ માનસિક અવસ્થા?

'મી સાંગલીહુન આલો આહે, તુમ્હી લોકાની મલા ફાર ત્રાસ દીલા આહે, માઝે જીવન બરબાદ કરૂન ટાકલે આહે. મી તુમ્હાલા સોડણાર નાહી... નાહી!' (હું સાંગલીથી આવ્યો છું. તમે લોકોએ મને બહુ ત્રાસ આપ્યો છે. મારું જીવન બરબાદ કરી નાખ્યું છે. હું હવે તમને છોડવાનો નથી... નહીં જ છોડું!)

ત્રીસ વર્ષની એ પરિણીત સ્ત્રી જાણે રણચંડી બની ગઈ હતી! ગુસ્સાથી વિસ્ફારિત આંખો, વિખરાયેલા વાળ, ચહેરા પર ભયાનક આક્રોશ અને પુરુષ જેવો ઘેરો અવાજ! તેનું સ્વરૂપ એટલું વિકરાળ બની ગયું હતું કે તેની નજીક જવાની કોઈની હિંમત ચાલતી નહોતી. કોઈ તેને શાંત પાડવાનો પ્રયત્ન કરતું તો તે વધારે ઉશ્કેરાઈ જતી અને કાનના પડદા ચીરી નાખે એવી ચીસો પાડવા લાગતી.

'લક્षात અસૂ દ્યા! માઝ્યા મનાતૂન નિઘાલેલા એક એક નિઃશ્વાસ તુમચી ઝોપ ઉડવૂન દેઈલ. તુમચે માનસિક સંતુલન ખરાબ કરીલ!' (યાદ રાખજો! મારા હૃદયમાંથી નીકળેલો એક-એક નિઃશ્વાસ તમારી ઊંઘ હરામ કરી નાખશે. તમને બેચેન બનાવી દેશે અને તમારી માનસિક સમતુલા હરી લેશે!)

'મી કાય ગુન્હા કેલા હોતા? કશાચી સજા તુમ્હી મલા દિલી? પણ એવઢં લક્षात અસૂ દ્યા, આતા તુમચી વેળ સંપલી આહે! આતા યા ઘરાત મી સાંગીન તેચ હોઈલ. ત્યાસાઠી મી નેહમી સાંગલીહૂન યેત જાઈ ન!' (મેં એવો તે શો ગુનો કર્યો હતો? તમે મને શાની સજા આપી? પરંતુ એટલું યાદ રાખજો કે હવે તમારો સમય પૂરો થયો છે. હવે આ ઘરમાં હું ધારીશ એમ જ થશે. એ માટે હું વારંવાર સાંગલીથી આવતો રહીશ!)

એ સ્ત્રી ચીસો પાડતી હતી, પરંતુ તેનો અવાજ સ્ત્રીનો નહીં, પુરુષનો હોય એવો ઘેરો અને જાડો હતો. ગુસ્સામાં પહોળી થયેલી આંખો અને છૂટા વાળ સાથે તે ખરેખર ભયાનક લાગતી હતી. પરંતુ પરિવારજનોને સૌથી વધારે આશ્ચર્ય એક બીજી જ વાતનું હતું. ગુજરાતમાં જન્મેલી, ગુજરાતમાં જ ઊછરેલી અને ક્યારેય મરાઠી ભાષા નહીં શીખેલી આ સ્ત્રી આટલી અસ્ખલિત મરાઠી કેવી રીતે બોલી શકતી હતી?

તેનું નામ હતું રેશ્મા મોદી. છેલ્લા આઠ કલાકથી રેશ્માએ આ સ્વરૂપ ધારણ કર્યું હતું. છેલ્લા બે મહિનામાં આવો આ ચોથો હુમલો હતો. કુટુંબ શિક્ષિત હતું. ભૂતપ્રેત, વળગાડ કે મેલીવિદ્યામાં કોઈ માનતું નહોતું. પરંતુ આંખ સામે બની રહેલી ઘટનાએ સૌની બુદ્ધિ અને તર્કશક્તિને પડકાર ફેંક્યો હતો. શું આ પૂર્વજન્મની કોઈ સ્મૃતિ હશે? શું કોઈ મરાઠી પુરુષનો મૃતાત્મા રેશ્માના શરીરમાં પ્રવેશી ગયો હશે? શું રેશ્મા જાણીજોઈને નાટક કરતી હશે? કે પછી તે કોઈ ગંભીર માનસિક બીમારીનો ભોગ બની હશે? પ્રશ્નો અનેક હતા, રેશ્માને ગુજરાતીમાં પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ તે સ્પષ્ટ મરાઠીમાં આપતી હતી!

માનવમનનાં અનેક રહસ્યો આજે પણ આપણને આશ્ચર્યચકિત કરે છે. પરંતુ દરેક રહસ્યનો જવાબ અંધશ્રદ્ધામાં શોધવાને બદલે વિજ્ઞાન, સંવેદના અને તટસ્થ તપાસમાં શોધવો જોઈએ

મેં તેની સાથે વાતચીત શરૂ કરી. 'શું નામ છે બહેન તમારું?'

'સંતોષ... સંતોષ મહાજન!'

'પણ મને તો કહેવામાં આવ્યું છે કે તમારું નામ રેશ્મા મોદી છે!'

'ખોટી ગોષ્ટ આહે! મીચ તુમચ્યાસમોર ઊભા આહે. તી રેશ્મા મોદી નાહી. મી સાક્षાત સંતોષ મહાજન આહે!' (ખોટી વાત છે! હું જ તમારી સામે ઊભો છું. આ રેશ્મા મોદી નથી. હું સાક્षાત સંતોષ મહાજન છું!)

'ક્યાં રહો છો તમે?'

'સાંગલી!'

'પણ આ તો અમદાવાદ છે!'

'મને ખબર છે. હું સાંગલીથી અહીં આવ્યો છું!'

'સાંગલીથી શા માટે આવ્યા છો? શું તકલીફ છે તમને?'

'મને કોઈ તકલીફ નથી. પરંતુ હવે તકલીફ તમને બધાને થવાની છે. હું મારા ઉપર થયેલા અત્યાચારનો બદલો લેવા આવ્યો છું. અને વારંવાર આવતો રહીશ!' હું તેની વાત ધ્યાનથી સાંભળતો હતો. તેની આંખોમાં આક્રોશ હતો. અવાજમાં ધમકી હતી. અને પોતાની ઓળખ વિશે અડગ વિશ્વાસ હતો.

મેં શાંતિથી કહ્યું, 'જુઓ સંતોષભાઈ, હું એક ડૉક્ટર છું. મને કહેવામાં આવ્યું છે કે તમે છેલ્લા કેટલાક સમયથી બરાબર ખાતાપીતા નથી. એટલે તમને ઘણી નબળાઈ આવી ગઈ છે. તમારો ચહેરો જોતાં પણ મને એવું લાગે છે. હું માત્ર તમારું બ્લડપ્રેશર તપાસીશ અને જરૂરી દવા આપીશ.'

મારી વાત પૂરી થાય એ પહેલાં જ તે તાડૂકી ઊઠી. 'મારાથી દૂર રહેજો! મારે કોઈ ડૉક્ટરની જરૂર નથી. અને તમે ડૉક્ટર લાગતા પણ નથી. તમે તો આ લોકોના ખરીદેલા માણસ છો!' આમ કહી તેણે પરિવારજનો તરફ આંગળી ચીંધી. 'એમની સૂચના મુજબ કામ કરવાના તમને પૈસા મળે છે. મારે તમારું કોઈ કામ નથી. તમે અહીંથી ચાલ્યા જાવ!' 'હું કોઈનો ખરીદેલો માણસ નથી.

|| અનુસંધાન પાના નં.૦૮ પર

બ્યૂટી ક્વીન પર તોળાતો આકરો કારાવાસ...

ટોપ્સીટર્વી
અજિત પોપટ

રશિયા અને યુક્રેન વચ્ચે ૨૦૨૨ના ફેબ્રુઆરીથી યુદ્ધ ચાલી રહ્યું છે. ચચ્ચાર વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધે બંને પક્ષે સારી ખુવારી અને જાનમાલનું નુકસાન સર્જ્યું છે. ક્યારેક એમ લાગે કે બંને દેશના નેતાઓનો અહંક્લેશ થયો છે. બંનેમાંથી કોઈ નમતું જોખવા કે યુદ્ધ તહકૂબી જાહેર કરવા તૈયાર નથી. એવા સમયે રશિયન નેતા વ્લાદિમીર પુટિન એક બ્યૂટી ક્વીન પર રોષે ભરાયા છે. ૨૮મી ઓક્ટોબરે એના પર કોર્ટમાં કાનૂની કેસ ચાલવાનો હતો પરંતુ કોઈ કારણે એ દિવસે કેસ મુલતવી રહ્યો. હવે કેસ ક્યારે સુનાવણી માટે આવશે એ હજુ સ્પષ્ટ થયું નથી. પરંતુ એક વાત નક્કી છે કે ૨૦૨૫માં સૌંદર્ય સ્પર્ધાનો મિસ મોસ્કોના નામે ઓળખાતો એવોર્ડ જીતી જનારી આ બ્યૂટી ક્વીન પર પુટિનની સરકારે મૂકેલો આરોપ પુરવાર થાય તો એને છ વર્ષની સખત કેદની સજા થશે.

આ બ્યૂટી ક્વીન વાસ્તવમાં એક કુશળ વકીલ છે. હાલ એની ઉંમર ૪૦ વર્ષની છે પરંતુ એ પચીસ વર્ષની હોય એવી ખૂબસુરત દેખાય છે. એને લોકો ઓલ્ગા મૂર તરીકે ઓળખે છે. જો કે એનું સાચું નામ ઓલ્ગા ઝુબ્કોવા છે. વકીલાત કરતાં કરતાં કોણ જાણે શી રીતે એ પોર્ન એક્ટ્રેસ બની ગઈ. એની પોર્ન ક્લીપ્સ યુવાનોને ઘેલા કરે છે. ખાસ તો આ પોર્ન ક્લીપ્સ રશિયન લશ્કરના જુવાનોને પાગલ બનાવે છે એવો પુટિન સરકારનો ઓલ્ગા પર આક્षેપ છે. એક તરફ યુક્રેન સાથેના યુદ્ધના કારણે લશ્કરના જવાનો શહીદ થતા રહ્યા છે અને બીજી બાજુ લશ્કરને તાલીમબદ્ધ યુવાનોની ખોટ પડી રહી છે એટલે પુટિન અકળાયા હતા. આમ તો પુટિન પોતે પણ ઇશ્કી મિજાજના છે અને એમના લગ્નબાહ્ય સંબંધો વિશે આ કટારમાં અગાઉ ફોટોગ્રાફ્સ સહિત લખાઈ ચૂક્યું છે.

ઓલ્ગા પર દેશ છોડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ૨૮મી ઓક્ટોબરે એણે મેશેચેન્સ્કી કોર્ટમાં હાજર થવાનું હતું. અકળ કારણોસર તે દિવસની સુનાવણી મોકૂફ રહી. નવી સુનાવણીની તારીખ હજુ જાહેર થઈ નથી. પુટિનના પ્રવક્તા કહે છે કે ઓલ્ગા એવી પોર્ન ફિલ્મો બનાવે છે જે યુદ્ધના મેદાનમાં લડી રહેલા સૈનિકોને વધુ આકર્ષે છે. જવાનો લડવાને બદલે ઓલ્ગાની ક્લીપ્સ માણવામાં વ્યસ્ત થઈ જાય છે પરિણામે રશિયાએ વધુ ખુવારી સહેવી પડે છે. પુટિનના વિરોધીઓ કહે છે કે આ આખો ય આક્षેપ ઉપજાવી કાઢવામાં આવ્યો છે કારણ કે ઓલ્ગા પુટિનના પરોક્ષ આમંત્રણને માન આપીને એની સાથે શૈયાસુખ માણવા જતી નથી. લડાઇના મેદાનમાં સૈનિકો મોબાઇલ ફોન પર આખો વખત પોર્ન ક્લીપ્સ જોયા કરતાં હોય એ આક્षેપ આખોય હાસ્યાસ્પદ છે એવું પણ વિરોધીઓ કહે છે.



અન્ય એક પોર્ન સ્ટાર સોફિયા વર્શીનીના માત્ર ૨૧ વર્ષની છે. એ પણ અસંખ્ય ફોલોઅર્સ ધરાવે છે. એ ઓલ્ગા જેટલી ખુશનસીબ નથી. એના પર ૪૫ હજાર યુરોનો દંડ લાદવામાં આવ્યો છે. ઓનલીફેન્સ નામની કંપની સોફિયાની પોર્ન ફિલ્મો તૈયાર કરીને વિતરણ કરે છે. સોફિયાએ ઉપલી અદાલતમાં અરજી કરવાની કરેલી વિનંતિ ઠુકરાવી દેવામાં આવી હતી.

સૌથી વધુ રસપ્રદ વાત એ છે કે રશિયન લશ્કરમાં વધુ જવાનોની ભરતી કરવા માટેની જાહેરખબર પણ પુટિનના વહીવટીતંત્રે એક પોર્ન વેબસાઇટ પર આપી છે. પુટિન માને છે કે અસંખ્ય રશિયન યુવાનો પોર્ન સાઇટ્સ માણે છે એ લોકો આ જાહેર ખબર જોઇને લશ્કરમાં જોડાવા પ્રેરાશે. છે ને આ પણ હાસ્યાસ્પદ પગલું !

આઠેક વર્ષ સફળ વકીલાત કર્યા પછી ઓલ્ગાએ પહેલાં તો એક બ્યૂટી સલોન શરૂ કર્યું. ત્યારબાદ એ પોતે બ્યુટી સ્પર્ધામાં ભાગ લેતી થઈ. દૂબઈમાં યોજાએલી એક સ્પર્ધામાં એ વિજેતા નીવડી ત્યારબાદ એણે મોસ્કો સૌંદર્ય સ્પર્ધામાં ઝુકાવ્યું અને એમાં પણ વિજેતા થઈ. મિસ મોસ્કો તરીકે એ વિજેતા થઈ ત્યારે રશિયન મિડિયાએ એના અત્યંત આકર્ષક ફોટોગ્રાફ્સ પણ પ્રગટ કર્યા હતા. એ માટે ઓલ્ગાએ મિડિયા પાસે સારું

રશિયન લશ્કરમાં વધુ જવાનોની ભરતી કરવા માટેની જાહેરખબર પણ પુટિનના વહીવટીતંત્રે એક પોર્ન વેબસાઇટ પર આપી છે

|| અનુસંધાન પાના નં.૦૮ પર

શેનઝેન: એક સમયનું માછીમારોનું ગામ ચીનમાં બન્યું સપનાનું શહેર!

મીડ વીક
હસમુખ ગજજર

ગત ૧૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ ચીનના સૌથી ધનાઢ્ય ગણાતા શેનઝેન શહેરમાં ૩૩ મી એશિયા-પ્રશાંત આર્થિક સહયોગ (એપેક)ની બેઠક અને શિખર વાર્તાનું આયોજન થયું હતું. એપેકમાં અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના વ્લાદિમેર પુટિન અને ચીનના શી જીનપિંગની ઐતિહાસિક મુલાકાતના પગલે એઆઇ મોડેલ ગણાતા શેનઝેન સિટીએ દુનિયાનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે ચીન મોંઘેરા મહેમાનોનું બેઇજિંગમાં ભવ્ય સ્વાગત કરવા માટે જાણીતું છે પરંતુ આ વખતે દક્ષિણ પૂર્વી શહેર શેનઝેનની પસંદગી પાછળ વિશ્વનેતાઓ માટે ખાસ મેસેજ છુપાયેલો હતો. ચીનનું સૌથી અમીર અને મોંઘા શહેરોમાં ગણાતું શેનઝેન બદલતા સમયની સાથે ચીનની આર્થિક અને ઔધોગિક પ્રગતિનું પણ પ્રતિક છે. આ હાઇટેક શહેર હંમેશા બદલાતી ટેકનોલોજીની સાથે નવો સ્વાંગ સજીને ચીનની આર્થિક તાકાતનો પરિચય આપતું રહ્યું છે. ચીન અતિ આધુનિક એઆઇ અને રોબોટિકસ ક્ષેત્રમાં દુનિયામાં નેતૃત્વ કરવા ઇચ્છે છે ત્યારે શેનઝેન આ મહત્વકાંક્षાનું સૌથી મોટું રોલ મોડેલ ગણાય છે. આ શહેર હ્યુમનોઇડ રોબોટ, ડ્રોન ડિલિવરી અને ડ્રાઇવર વગરની ટેકસીઓના લીધે હાઇ ટેક બન્યું છે. ડ્રોન પસંદ કરેલા સ્થળોએ લોકોને ફૂડ અને પીણા પુરા પાડે છે. ડ્રાઇવર વગરની ટેકસીઓ પ્રવાસીઓને મંઝિલ સુધી પહોંચાડે છે. રોબોટ કોફી પિરસે છે અને ગ્રાહકોને કોફી કયાંથી આવી તે પણ જણાવે છે. હ્યુમનોઇડ રોબોટ કોફી બનાવવાથી લઇને શતરંજ રમવા સુધીની ડયૂટી કુશળતાથી નિભાવે છે. બીજા દેશમાંથી આવતા પ્રવાસીઓ આ પરિવર્તનને જોઇને દંગ રહી જાય છે. આ શહેર ચીનના ભવિષ્યની એક ઝલક દેખાડે છે જયાં મશીનો રોજબરોજની જીંદગીનો એક હિસ્સો બની ગયા છે. સપનાના શહેરમાં ચીનના અનેક યુવા એન્જીનિયરો રોબોટિક ક્ષેત્રમાં દિવસ-રાત સંશોધન કરે છે. માણસો માટે જે કામ ખૂબજ ખતરનાક છે એવા કામ માટે રોબોટને તૈયાર કરવામાં આવી રહયા છે. ખાસ કરીને મિનરલ ખાણોમાં માણસ માટે કામ કરવું કપરુ હોય છે તેમાં પણ એઆઇનો ઉપયોગ કરવાની દિશામાં પ્રયાસ કરવામાં આવી રહયા છે. રોબોટ મશીનો થકી જ દુનિયા ખરા અર્થમાં ગ્લોબલ વિલેજ બનવાની છે ત્યારે લિડરશીપ માટે સજજ હોવાનો મેસેજ પણ શિખર વાર્તા થકી ચીને આપ્યો છે.

ચીન જાણે છે કે રોબોટ આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાની ઉભરતી અર્થ વ્યવસ્થાના વિકાસમાં યોગદાન આપી શકે છે આથી જ તો હોંગકોંગની નજીક વસેલા શેનઝેનને સપનાનું શહેર કહેવામાં આવે છે.



પ્રાંતમાં દક્ષિણ -પૂર્વી તટ પર આવેલું શેનઝેન એક સમયે માછીમારોનું ગામ હતું. ગરીબ વસ્તી દરિયામાં જાળ પાથરીને માછલીઓ પકડીને ગુજારો કરતી હતી. હોંગકોંગની સરહદથી બરાબર ઉત્તરમાં પર્લ નદીના મુખ પાસે વસેલા શેનઝેનની પ્રગતિની શરુઆત ૧૯૮૦થી થઇ હતી. ૧૯૭૯માં સામ્યવાદી ચીને આર્થિક વિકાસ માટે મૂડીવાદી મોડેલનો જુદી જ રીતે અમલ કરીને શરુઆતમાં જુહાઇ અને જિયામેનમાં વિશેષ આર્થિક ક્ષેત્રો બન્યા જેમાં શેનઝેનનો પણ સમાવેશ થતો હતો. હોંગકોંગ નજીક હોવાથી શેનઝેનનો સૌથી વધુ વિકાસ થયો અને આર્થિક સુધારણાનું મોડેલ બનવા લાગ્યું હતું. ૧૯૮૪ થી ૧૯૮૮ દરમિયાન શેનઝેનમાં મળેલી સફળતાના પગલે અન્ય ૧૪ તટિય શહેરોને વિદેશી મૂડી રોકાણ માટે ખોલવામાં આવ્યા હતા. ૧૯૮૯માં હેનાન દ્વીપને પણ એક વિશેષ આર્થિક ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

શેનઝેનમાં ૧૯૮૦ થી ૧૯૯૦ના ગાળામાં ચીનના વિવિધ ભાગોમાંથી પ્રવાસી શ્રમિકો વસાવવામાં આવ્યા હતા. ફેકટરીઓમાં કપડા,રમકડા, ઇલેકટ્રોનિક સામાનના ઉત્પાદનમાં ધૂમ રોજગારી ઉભી થઇ હતી. સ્પેશિયલ ઇકોનોમિક ઝોનના પગલે ઔધોગિક ઉત્પાદન અને રોજગાર સર્જનની સાથે નિકાસને બુસ્ટર ડોઝ મળ્યો હતો. એક સમયે ૫૦ હજારની વસ્તી ધરાવતો કસ્બામાં આજે ૧.૮૦ કરોડથી વધુ લોકો રહે છે. વૈશ્વિક અર્થ વ્યવસ્થાનું એન્જીન ગણાતા શેનઝેનમાં વસવાટ કરવો ચીનના યુવાઓ માટે સપના સમાન છે. એપલ અને ફોકસકોન ઉપરાંત વોલમાર્ટ પણ ચીનમાં પોતાનો કારોબાર આ શહેરમાંથી સંભાળે છે. હ્યુઆવેઇ ,ટેન્સેન્ટ અને ડીજેઆઇ જેવી કંપનીઓનું કેન્દ્ર છે. શેનઝેન સ્ટોક એકસચેન્જ અને વિશ્વનું ચોથું સૌથી વ્યસ્ત કન્ટેન્ટર બંદર પણ છે. આ મોડર્ન અને મેટ્રોપોલિસ શહેરની મૂલાકાત લેનારા મહાનુભાવો ઝાકઝમાળથી અંજાઇ જાય છે. બિઝનેસ ટ્રાવેલર્સ અને ચીની ટૂરિસ્ટ માટે આ એક પોપ્યુલર ડેસ્ટિનેશન છે પરંતુ ઇન્ટરનેશનલ પ્રવાસીઓએ હજુ ઓછું જોયું છે. બેઇજિંગમાં વર્ષ ૨૦૦૭માં ચાઇના સિટી ફોરમમાં એક અહેવાલ પ્રગટ થયેલો જેમાં શેનઝેનને સૌથી રહેવાલાયક શહેર તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. હૉંગકોંગના ચાઇના રિસર્ચ ઇન્સ્ટિટયૂટ ફોર અર્બન કોમ્પિટિટિવનેસના એક સ્ટડીમાં શેનઝેનને બેઇજિંગ અને હૉંગકોંગ પછી ચીનનું સૌથી ખૂબસૂરત શહેર ગણવામાં આવ્યું હતું. થીમ પાર્ક,ગોલ્ફ, ટેનિસ,યૉટિંગ, શોપિંગ અને પ્રાકૃતિક સ્થળોનો કોઇ જ તોટો નથી. ઉબડ ખાબડ નાની પર્વત ટેકરીઓ, જંગલ અને સપાટ તટિય મેદાન પણ છે. શેનઝેનમાં ફૂટિયન, લુઓહુ, નાનશાન,બાઓઆન, યાંટિયન અને લોંગલાગ એમ ૬ જિલ્લાઓનો સમાવેશ થાય છે. દરેક દેશ પોતાના ઘર આંગણે આર્થિક પ્રગતિનું મોડેલ ગણાતું શેનઝેન હોય તેવી ઇચ્છા ધરાવે છે. શેનઝેનનો વિકાસ દર્શાવે છે કે આર્થિક પ્રગતિ કોઇ ચમત્કાર કે કિસ્મત નથી પરંતુ સખત મહેનત, દ્રઢ સંકલ્પ અને મજબૂત ઇચ્છાશકિતનું પરિણામ છે. એવું કહેવામાં આવે છે કે જો ચીનનો હજારો વર્ષ જૂનો ઇતિહાસ જોવો હોયતો શીઆનની મુલાકાત લેવી પડે. ૫૦૦ વર્ષનો ઇતિહાસ સમજવો હોયતો બેઇજિંગ જવું પડે. ૧૦૦ વર્ષનો વિકાસ જોવો હોયતો શાંઘાઇમાં આવવું પડે પરંતુ ચીનનો

`એક તરફ રોબોટ માણસોનું કામ સંભાળવાની તૈયારી કરી રહયો છે તો બીજી બાજુ લોકો પોતાના પરંપરાગત રોજગારની તલાશમાં જોતરાયેલા છે. શેનઝેનની આ બેવડી તસ્વીર વિશ્વની બીજા ક્રમની અર્થ વ્યવસ્થા ધરાવતા ચીન માટેના પડકારોને ઉજાગર કરે છે એ પણ ભૂલવા જેવું નથી

અહીં એક સમયે કેબેજ પેચ ઢીંગલીઓ અને ટીવી જેવી ઇલેકટ્રોનિક ચીજ વસ્તુઓનું ઉત્પાદન થતું હતું. ત્યાર પછી આઇફોન, ઇલેકટ્રિક વાહન અને ડ્રોનનું ઉત્પાદન થવા લાગ્યું છે. શેનઝેન શહેરનો હવે પછીનો પડાવ હ્યુમનોઇડ રોબોટ અને એઆઇ પર આધારિત છે. ચીનના ગ્વાંગડોંગ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (સેઝ)ની રચના કરી હતી. દેંગ શિયાઓપિંગના નેતૃત્વમાં શરુ થયેલા રીફોર્મ અને ઓપનિંગ અપ (સુધારણા અને ખુલ્લાપણું) નો મુખ્ય હેતું વિદેશી મૂડી રોકાણ (એફડીઆઇ) લાવવાનો અને આધુનિક ટેકનિકથી બજાર આધારિત નિકાસને વેગ આપવાનો હતો.

કોંગ્રેસી સમર્થકો, પ્લીઝ, સમજી લો કે જે સાચું છે તે સાચું છે, જે ખોટું છે તે ખોટું છે. અમુક વસ્તુઓ જાહેરમાં ન બોલાય તે ન જ બોલાય. વાત પૂરી.

રાહુલની રમઝટ: સોનિયા ગાંધીએ મહેનત કરીને સરસ સ્ક્રિપ્ટ તૈયાર કરી હતી, પણ...

થોડા દિવસો પહેલાં નવી દિલ્હીમાં સોનિયા ગાંધીનાં સંસ્મરણો પર આધારિત પુસ્તક ૦બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ૦નો વિમોચન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાહુલ ગાંધીએ પોતાનાં માતા-પિતા રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીના પ્રેમભર્યા સંબંધો વિશે વાત કરી હતી. તેમણે મંચ પરથી યાદ કર્યું કે ઘરમાં જમતી વખતે મારી મમ્મી માતા ઘણી વાર પપ્પાના ખોળામાં બેસતી. બાળપણમાં તેમને આ સાવ સામાન્ય લાગતું હતું, પરંતુ જ્યારે તેઓ મિત્રોનાં ઘરે જતા ત્યારે સમજાયું કે બધાનાં માતા-પિતા આ રીતે પ્રેમ વ્યક્ત કરતાં નથી. રાહુલે એવું પણ કહ્યું કે તેમનાં માતા-પિતા વચ્ચે ખૂબ પ્રેમ હતો અને તેમણે પોતાની હાજરીમાં બંનેને માત્ર એક જ વાર ઝઘડતાં જોયાં હતાં.

પત્યું. રાહુલની આ ખોળામાં બેસવાની વાતને લઈને સોશિયલ મિડીયા પર જે ટ્રોલિંગ થયું છે? માત્ર ભાજપના સમર્થકોએ જ નહીં, રાહુલ પ્રત્યે સમભાવ ધરાવતા લોકોને પણ એમની આ 'નિર્દોષ' વાત જરાય ન ગમી. ટીકાનો ખૂબ મારો થયો એટલે જવાબમાં રાહુલ ગાંધીએ ભગવાન શિવ અને માતા પાર્વતીની તસવીર શેર કરી. તેમણે કહ્યું કે ભાજપ અને આરએસએસના સમર્થકો નફરતમાં એટલા ડૂબેલા છે કે તેમને પ્રેમની સાદી અભિવ્યક્તિ પણ સમજાતી નથી. રાહુલના આવી સ્પષ્ટતાની પણ ખાસ અસર ન થઈ. સોશિયલ મિડીયા પર ટ્રોલિંગ ચાલુ જ રહ્યું. આ રહી ઝલક...

બધા કોંગ્રેસીઓ પરેશાન છે. હવે બધાની પત્નીઓ જીદ કરી રહી છે કે અમનેય ખોળામાં બેસીને જમાડો...!

અમારા રાહુલબાબા એકદમ સત્યવાદી છે. એ ક્યારેય જૂઠું નથી બોલતા...

અરે, રાહુલ ગાંધીને કોઈ કહો કે ભાઈ, આ વખતે તમે જ વડાપ્રધાન બનવાના છો... એટલે એ ડાહ્યો થઈ જશે ને આ બધા બકવાસ હમણાં બંધ થઈ જશે.

કોંગ્રેસના નેતાઓ ટેન્શનમાં આવી ગયા છે કે સોનિયા ગાંધીની આત્મકથા હાથમાં ઝાલીને ફોટો પડાવવા સુધી બરાબર હતું, પણ હવે ક્યાંક પાર્ટીવાળા પત્નીને ખોળામાં બેસાડીને ફોટો પડાવવાનું ને પછી સોશિયલ મિડીયા પર શેર કરવાનું ફરમાન ન છોડે!

કોંગ્રેસી દરબારીઓ તો રાહુલના આ બકવાસની પણ તરફેણ કરે છે. ગજબ છે.

રાહુલ ગાંધી ઈઝ અ નેચરલ કોમેડિયન. સ્ક્રિપ્ટને ફોલો નહીં કરવાનું. જે તત્ક્ષણ મનમાં સૂઝે તો ભરડી નાખવાનું. શાબાશ!

સોનિયાજીએ પુસ્તક છપાવીને છબી સુધારવાની ઘણી સારી સ્ક્રિપ્ટ તૈયાર કરી હતી... પણ સુપુત્રએ માતાને પપ્પાના ખોળામાં બેસાડીને પાણી ફેરવી નાખ્યું...

જે માણસ પોતાનાં સગાં મા-બાપની નાજુક પળો આમ જાહેર કરી દેતો હોય એ ફોરેન જઈને દેશનાં કેટલાં રહસ્યો કહી આવતો હશે... આ ડર ખરેખર વ્યાજબી છે.



આ કોંગ્રેસીઓને કોઈ સમજાવો કે અમને કોઈ વાંધો નથી કે સોનિયા ક્યાં બેસીને જમતાં હતાં. મુદ્દો એ છે કે સોનિયા ગાંધીના સુપુત્રને ખબર હોવી જોઈએ કે ઘરની વાતો - જે ભલે પ્રેમની જ હોય - પણ તે આ રીતે જાહેરમાં સ્ટેજ પરથી ન કરાય. આ એક સામાન્ય સમજની વાત છે. ૧૦ વર્ષનું સામાન્ય બાળક પણ આવી વાતો જાહેરમાં ન કહે જે રાહુલ ગાંધીએ કરી છે. ચારેક વર્ષમાં રાહુલને ૯૦મું વર્ષ બેસશે, એ સિનિયર સિટીઝન થઈ જશે. હવે તો એનામાં મેચ્યોરિટીની અપેક્ષા રાખી શકાય કે નહીં? કોંગ્રેસી સમર્થકો, પ્લીઝ, સમજી લો કે જે સાચું છે તે સાચું છે, જે ખોટું છે તે ખોટું છે. મહેરબાની કરીને ચાપલૂસી કરવાની આદતથી બચો.

મને તો સોનિયા ગાંધી પ્રત્યે સહાનુભૂતિ થાય છે. એમણે આવું જાડું પુસ્તક લખ્યું.. ને પુસ્તકના લોન્ચિંગ ફંક્શનમાં જ રાહુલે આ કાંડ કર્યો. ખરેખર તો પુસ્તક વિશે વાતો થવી જોઈતી હતી, એના બદલે આખી વાત ફંટાઈની રાહુલ ગાંધીના છબરડા તરફ વળી ગઈ...




આપણે વિશ્વની સૌથી મોટી પાખંડી પ્રજા છીએ. આપણે મા પાર્વતીને પિતા શંકરની ગોદમાં બેસાડીને પૂજા કરીએ છીએ, પણ આપણે રાજીવ ગાંધીની ગોદમાં બેઠેલાં સોનિયાજીને જોઈ શકતા નથી. અજબ દોગલાપન હૈ...

માંડ માંડ ચાર-પાંચ દિવસ શાંતિ હતી ત્યાં આ નવું આવ્યું...

Mid છે કે Bussin'?

પહેલાં Mid (મિડ) વિશે વાત કરીએ. કોઈ વસ્તુ સામાન્ય, સાધારણ કે અપેક્ષા કરતાં ઊતરતી હોય ત્યારે તેને મિડ કહેવામાં આવે છે. ખાસ કરીને કોઈ ફિલ્મ, ગીત કે રેસ્ટોરન્ટની ખૂબ ચર્ચા થઈ હોય, પરંતુ વાસ્તવમાં તે એટલું સારું ન લાગે ત્યારે આ શબ્દ વપરાય છે.

ઉપયોગ કેવી રીતે કરવો? આ શબ્દનો ઉપયોગ વિશેષણ તરીકે થાય છે.



નેટ-બોલી

- 'ધ મચ-હાઈપ્ડ ફિલ્મ વોઝ મિડ.' - બહુ ચર્ચામાં રહેલી ફિલ્મ સાવ સાધારણ હતી.
- 'એવરીવન લવ્ઝ ધેટ રેસ્ટોરન્ટ, બટ ઓનેસ્ટલી, ધ ફૂડ ઈઝ મિડ.' - બધાને એ રેસ્ટોરન્ટ ગમે છે, પણ સાચું કહું તો ત્યાંનું ખાવાનું સામાન્ય છે.
- 'હિઝ લેટેસ્ટ આલ્બમ ઈઝ પ્રીટી મિડ.' - તેનું નવું આલ્બમ ખાસ કંઈ જમ્યું નથી.

અન્ય સ્વરૂપોઃ

- મિડ એટ બેસ્ટ - બહુ બહુ તો સાધારણ કહી શકાય એવું.
- કાઈન્ડા મિડ - સામાન્ય જ સમજોને.
- મિડ-ટિયર - મધ્યમ કક્ષાનું.

શબ્દની ઉત્પત્તિ અને લોકપ્રિયતાથ મિડ શબ્દ મૂળભૂત રીતે 'મિડલ' અથવા 'મીડિયમ'નું ટૂંકું સ્વરૂપ છે. અમેરિકન અંગ્રેજીમાં, ખાસ કરીને આફ્રિકન-અમેરિકન બોલચાલમાં, તેનો ઉપયોગ થતો હતો. ૨૦૧૦ના દાયકામાં સોશિયલ મીડિયા પર તેનો પ્રસાર વધ્યો અને ૨૦૨૧ આસપાસ ટિકટોક તથા ટ્વિટર પર તે ખૂબ લોકપ્રિય થયો. અમેરિકન રેસલર મેક્સવેલ જેકબ ફ્રીડમેને એક કાર્યક્રમમાં અમેરિકાના મિડવેસ્ટ વિસ્તારની દરેક વસ્તુને 'મિડ' કહીને કરેલી રમૂજને કારણે પણ આ શબ્દની ચર્ચા વધી. આજે ફિલ્મો, સંગીત, ભોજન અને સેલિબ્રિટીઝ વિશે અભિપ્રાય આપવા તેનો વ્યાપક ઉપયોગ થાય છે.

કોઈ ફિલ્મ 'મિડ' હોય તો સમજવું કે તેમાં ખાસ દમ નથી... અને પિઝા 'બસિન' હોય તો સમજવું કે એકને બદલે બીજો પિઝા પણ મગાવવો તો વાંધો નથી!

ધિઝ પિઝા ઇઝ Bussin'

Bussin' એટલે કે બસિનનો અત્યંત સરસ, શાનદાર કે લાજવાબ. ખાસ કરીને કોઈ વાનગી બહુ સ્વાદિષ્ટ હોય ત્યારે આ શબ્દ વપરાય છે. જોકે હવે સંગીત, કપડાં અને બીજા અનુભવો માટે પણ તેનો ઉપયોગ થાય છે.

ઉપયોગ કેવી રીતે કરવો?

- 'ધિસ પિઝા ઈઝ બસિન!' - આ પિઝા તો એકદમ લાજવાબ છે!
- 'ધોઝ બર્ગર્સ આર એબ્સોલ્યુટલી બસિન.' - એ બર્ગર તો ખરેખર જબરદસ્ત છે.
- 'ધેટ ન્યૂ સોંગ ઈઝ બસિન!' - નવું ગીત તો એકદમ ધમાકેદાર છે!

અન્ય સ્વરૂપોઃ

- બસિન બસિન - ખૂબ જ શાનદાર અથવા એકદમ લાજવાબ. શબ્દને બે વાર બોલવાથી તેની અસર વધારે થાય છે.
- બસિન - સોશિયલ મીડિયા પર ઘણા લોકો અંતે આવતું એપોસ્ટ્રોફીનું ચિહ્ન મૂક્યા વગર પણ આ રીતે લખે છે.

આ શબ્દનો ઉદ્ભવ અમેરિકામાં આફ્રિકન-અમેરિકન સમુદાયની બોલચાલની ભાષામાંથી થયો છે. એવું માનવામાં આવે છે કે તેનો સંબંધ 'બર્સ્ટ' શબ્દ સાથે છે. શરૂઆતમાં ખાસ કરીને સ્વાદિષ્ટ ભોજન માટે તેનો ઉપયોગ થતો હતો. ત્યાર બાદ બ્લેક સોશિયલ મીડિયા સમુદાયો, હિપ-હોપ સંગીત અને ટિકટોક પરના વાયરલ વીડિયોના માધ્યમથી તે લોકપ્રિય બન્યો. ૨૦૨૦-૨૧ દરમિયાન ખાણીપીણીના રિવ્યૂ અને મજેદાર પ્રતિક્રિયાઓ આપતા વીડિયોને કારણે તેની લોકપ્રિયતા દુનિયાભરમાં ફેલાઈ.

ટૂંકમાં સમજીએ તો, કોઈ ફિલ્મ મિડ હોય તો સમજવું કે તેમાં ખાસ દમ નથી. અને પિઝા બસિન હોય તો સમજવું કે એકને બદલે બીજો પિઝા પણ મગાવવો તો વાંધો નથી!

રાજસ્થાનમાં પંચાયત વિજયઃ અબ તેરા ક્યા હોગા ઈવીએમ?

રાજસ્થાનની પંચાયત ચૂંટણીઓમાં કોંગ્રેસે તાજેતરમાં મોટી જીત મેળવી છે. પંચાયત સમિતિઓ અને જિલ્લા પરિષદોમાં કોંગ્રેસે સત્તાધારી ભાજપ કરતાં ઘણી વધુ બેઠકો જીતી લીધી. ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસને મળેલી આ જીત હિંમત વધારનારી જ છે. આ ચૂંટણીનાં પરિણામો આવતાં જ સોશિયલ મિડીયા પર ભાજપ અને કોંગ્રેસના સપોર્ટર્સ વચ્ચે રમખાણ ફાટી નીકળ્યું. એક ઝલક જોઈ લો...

ભાજપે જ જાણી જોઈને જીતાડ્યા છે કે જેથી જનતા ઈવીએમ અને એસઆઈઆરના નામે છાતી પીટવાનું બંધ કરે.

ભાજપની હાર થઈ એટલે નેતાઓ કરતાં અંધ ભક્તોને વધારે તકલીફ થઈ ગઈ છે.

હવે તો પાક્કે પાયે લાગે છે કે જનતાને બીજેપીમુક્ત ભારત જોઈએ છે.

ઈવીએમ સરકીટ ઊંધી પડી ગઈ કે શું?

જીતી ગયા એટલે ઈવીએમ વહાલાં લાગે છે. જો ભાજપ જીતી ગયો હોત તો આ જ કોંગ્રેસીઓ અને એમના દરબારીઓ ઢોલ વગાડી વગાડીને ઈવીએમના રોદણાં રોત.

અરે, રાજસ્થાનનો ઈતિહાસ છે કે ત્યાં કોઈ પણ પક્ષની સરકાર હોય, તે પાંચ વર્ષ પછી બદલી જ જાય છે. એટલે કોંગ્રેસના ચાટુકારો, શાંતિથી બેસો વધારે ઉછાળકૂદ કરવાની જરૂર નથી.

લેકિન ૨૦૨૯ में જીતેગા તો મોદી હી.

નહીં... આયેગા તો મોદી હી ૨૦૪૭ તક

હવે ગુજરાતના સવર્ણો તૈયાર થઈને જ બેઠા છે.

જ્ઞાનેશકુમારે પક્ષપલટો કર્યો... કોંગ્રેસને જીત અપાવી... આ જીત કોંગ્રેસ નહીં, પણ જ્ઞાનેશકુમારની છે...

राजस्थान में ज्ञानेश कुमार की SIR ने कांग्रेस को पंचायत चुनाव में दिलाई बंपर जीत।

ज्ञानेश कुमार ने सारा वोट चोरी करके कांग्रेस को दिलवाया!



છોકરાવ લોલીપોપમાં ખુશ થઈ ગયા હો!

ગુજરાત અને બીજા સ્ટેટ્સ આમાંથી કંઈક શીખે તો સારું.

અરે જીત્યા નથી.... જીતાડ્યા છે.

ચમચોં કી ખુશી તો દેખો...

ઈવીએમમાં ગરબડ છે કે દિમાગમાં?

એટલે હવે ઈવીએમ ઠીક થઈ ગયા, એમ ને? વાહ રે વાહ...

આ વખતે કોંગ્રેસવાળાઓએ ઈવીએમનું સેટિંગ કર્યું.

સિંહ પાછળ હટે એટલે સમજી લેવાનું એ હવે બમણા જોરથી હુમલો કરશે. જય શ્રી રામ!

કોંગ્રેસે પણ સાબિત કરી દીધું કે અમે પણ વોટચોરી કરી શકીએ છીએ... હા-હા-હા...

મતલબ કે જ્ઞાનેશભાઈ ગંગા જેવા પવિત્ર છે....

આ લોકો કૂદકા તો એવા મારે છે જાણે ૨૦૨૯ની ચૂંટણી જીતી ગયા હોય. અરે ભાઈ, આ પંચાયતની ચૂંટણી હતી. એમાં પાંચ વર્ષે આમેય પક્ષ બદલાઈ જાય છે.

તમારા જીવનના અનુભવોમાંથી તમે શું શીખ્યા?

મેં કેનેડાના મોન્ટ્રીયલમાં ૮૦ વર્ષની ઉંમરના કેટલાક વડીલોનો ઈન્ટરવ્યુ લીધો. મેં એમને પૂછ્યું કે તમારી જિંદગીમાં તમને થયેલા સૌથી મોટા અફસોસ, તમે કરેલી ભૂલો અને તેમાંથી તમે શું શીખ્યા તેના વિશે મને વાત કરો. આ એવા વૃદ્ધો હતા, જેમણે જીવનમાં ખૂબ તડકીછાંયડી જોઈ છે. મને સૌથી વધારે ગમી એમની પ્રામાણિકતા. કેટલાક લોકોના લગ્નને ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો હતો, કેટલાકના ડિવોર્સ થયા હતા, કેટલાકે ડિવોર્સ લઈને ફરીથી નવી શરૂઆત કરવાનો અનુભવ કર્યો હતો. આ રહી એમની સાથે થયેલી વાતચીતનો સારઃ

ગેસ્ટ પોસ્ટ


પ્રેમ એ માત્ર એક લાગણી નથી, પણ એક કમિટમેન્ટ છે

'હું ઇચ્છતી હતી કે આ સંબંધ ટકી રહે.' ૬૪ વર્ષના લગ્નજીવન જીવી ચૂકેલી એક વૃદ્ધાએ કહ્યું. 'સાથે રહેવું એ ક્યારેય માત્ર આકર્ષણ પૂરતું સીમિત નથી હોતું.' એ મહિલા પોતાના પતિને પ્રેમ કરતી હતી, અને તે પોતાના સંબંધને ટકાવી રાખવા માટે મક્કમ હતી. લગ્નનાં પચાસ વર્ષની ઉજવણી કરી રહેલા અન્ય એક દંપતીએ સંમત થતાં કહે છે, 'લગ્નજીવનમાં એકબીજાનો આદર, એકબીજાની મર્યાદાઓ વિશે સતત જાગૃતિ અને એકધારા પ્રયત્નોની જરૂર પડે છે. લગ્ન એ એક કામ છે, જવાબદારી છે. તમારે તેના પર મહેનત કરવી પડે છે.'

તેમનો સંદેશ એ નહોતો કે દરેક સંબંધ ટકવો જ જોઈએ. તેમનો સંદેશ એ હતો કે લાંબા સમય સુધી ટકતા પ્રેમ માટે લાગણીઓ કરતાં વધુ કંઈક જોઈએ છે. સંબંધ તો જ ટકી રહે જો બન્ને વ્યક્તિઓ વારંવાર એકબીજાની પસંદગી કરવા તૈયાર હોય.

દુઃખમાંથી બહાર આવવાની પ્રક્રિયા સીધી રેખામાં નથી ચાલતી

'તે એક, બે, ત્રણ, ચાર, પાંચ જેવું ક્રમબદ્ધ નથી હોતું.' એક વિધવા મહિલાએ દુખનું વર્ણન આ રીતે કરે છે. 'દુખમાંથી બહાર આવવાનું કોઈ ટાઇમટેબલ ન હોય.'



કેટલાક દિવસોમાં તેમને સારું લાગતું, તો અન્ય દિવસોમાં અચાનક ઉદાસી પાછી આવી જતી હતી. ૬૪ વર્ષના સાથ પછી પતિને ગુમાવ્યા બાદ, તેમણે એ શીખવું પડ્યું કે દુખમાંથી બહાર આવવાની પ્રક્રિયા સીધી રેખામાં આગળ વધતી નથી. તેમનો અનુભવ જે ખોટ પડી છે તેને સમજવાની એક સરસ રીત આપે છેથ તમારે સારું કે નોર્મલ અનુભવવા માટે તમારી જાત પર દબાણ કરવાની કે ઉતાવળ કરવાની જરૂર નથી. ક્યારેક આગળ વધવાનો અર્થ એ સ્વીકારવું થાય છે કે પ્રેમ અને ઉદાસી બંને સાથે રહી શકે છે.

વૃદ્ધાવસ્થાનું આયોજન કરવા માટે વૃદ્ધ થવાની રાહ ન જુઓ

'જો તમે અગાઉથી આયોજન કર્યું હશે, તો કમસે કમ તમારે કઈ દિશામાં જવાનું છે તેની પસંદગી તમે પોતે કરી હશે.' એક વૃદ્ધ દંપતી કહે છે. એમણે સંતાનો પર નિર્ણય છોડવાને બદલે પહેલેથી જ વતનના ઘરમાં રહેવા જવાનું પસંદ કર્યું હતું.

તેઓ જાણતા હતા કે વધતી ઉંમર સાથે સ્વાસ્થ્ય, સ્વતંત્રતા અને રહેવાની વ્યવસ્થામાં ફેરફાર આવી શકે છે. વહેલું આયોજન કરવાથી તેમને કંઈક મૂલ્યવાન મળ્યું : પસંદગીની સ્વતંત્રતા. જ્યારે તેઓ સક્ષમ હતા ત્યારે જ તેઓ પોતાના માટે શું અનુકૂળ રહેશે તે નક્કી કરી શક્યા. તેમનું કહેવું હતું કે વૃદ્ધાવસ્થાથી ડરવાની જરૂર નથી. જરૂર છે આગોતરી તૈયારી કરવાની કે જેથી તમે જેમને પ્રેમ કરો છો તેમના પર, એટલે કે તમારાં સંતાનો પર, દરેક મુશ્કેલ નિર્ણય એકલા લેવાની જવાબદારી ન આવી પડે.

ઉંમર વધવાની સાથે હસવાનું ભૂલશો નહીં

'મોટા થતાં જાઓ એમ વધુ ને વધુ હસતા રહો.' ઈન્ટરવ્યુમાં સામેલ ઘણા વડીલો વારંવાર આશ્ચર્યજનક રીતે આ સરળ બાબત દોહરાવતા હતા. એક મહિલાએ કહ્યું કે મુશ્કેલ સમયમાં સાથે મળીને હસવાથી તેમના લગ્નજીવનને બચાવવામાં મદદ મળી હતી. અન્ય એક વડીલે યાદ અપાવ્યું કે મોટા થયા પછી પુખ્ત વયના લોકો ઘણીવાર કેવી રીતે હસવું તે ભૂલી જાય છે. આ વડીલોની સલાહ સમસ્યાઓને અવગણવાની કે બધું બરાબર હોવાનો દંભ કરવાની નહોતી. તેમની સલાહ એ હતી કે જ્યારે જીવન બોજારૂપ લાગે ત્યારે પણ આનંદ માટે જગ્યા રાખવી. 'સૂતી વખતે તમે ગુસ્સામાં ન હોવા જોઈએ,' એક મહિલા ઉમેરે છે, 'સાથે મળીને હસવાથી દરેક સમસ્યા હલ થઈ શકતી નથી, પરંતુ આ રીતે અઘરી વાતચીતોને ઘણી સરળ બનાવી શકે છે.'

સંબંધ તૂટવો એટલે નિષ્ફળ જવું એમ નહીં

'છૂટાછેડા લેવા એ એક સારો નિર્ણય હતો,' એક મહિલા કહે છે. ૨૪ વર્ષના લગ્નજીવન પછી એણે છૂટાછેડા લેવાનું પસંદ કર્યું જ્યારે એ નિષ્ફળતા જ ગણાય એવું કોણે કહ્યું? અલગ થવું, અલગ થઈ શકવું તે જીવનની એક બહુ મોટી સફળતા હોઈ શકે છે. તમારી માનસિક શાંતિ હણી નાખતા, તમને અંદરથી સતત સળગતા રાખતા ટોક્સિક સંબંધમાંથી બહાર આવી જવાનું હોય. ડિવોર્સ પછી મને એટલી બધી માનસિક શાંતિ મળી છે કે ન પૂછો વાત.'

ક્યારેક સંબંધને ટકાવી રાખવા માટે હિંમતની જરૂર પડે છે, તો ક્યારેક સંબંધને છોડી દેવા માટે હિંમત જોઈએ છે. મહત્વનો પ્રશ્ન એ છે કે શું સંબંધમાં પરસ્પર આદર અને સહિયારા પ્રયત્નો છે કે નહીં.

'લગ્નજીવનમાં એકબીજાનો આદર, એકબીજાની મર્યાદાઓ વિશે સતત જાગૃતિ અને એકધારા પ્રયત્નોની જરૂર પડે છે. લગ્ન એ એક કામ છે, જવાબદારી છે. તમારે તેના પર મહેનત કરવી પડે છે.'

સાચ્ચે, આપણે આ વડીલોના અનુભવોમાંથી ઘણું શીખી શકીએ તેમ છીએ. ખરું કે નહીં?

- sprouht

ગુજરાત સમાચાર

ઉચ્ચ મધ્યમવર્ગનું પતન

અનડીએના શાસનકાળમાં આર્થિક અસમાનતામાં અનેકગણો વધારો થયો છે. આધુનિક યુગની શરૂઆત થઈ પછી નાણાં કમાવાનો જે યુગ આવ્યો એણે ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ બહુ વિસ્તૃત કરી. આપણે ત્યાં એક જમાનો એવો હતો કે મધ્યમ વર્ગથી ઉપરના સ્તરે ઉચ્ચ મધ્યમ વર્ગ જેવો એક વર્ગ હતો. વાસ્તવિક રીતે જુઓ તો એ વર્ગ હવે લુપ્ત થઈ ગયો. મહત્ કિસ્સાઓમાં તો જેઓ એ વર્ગમાં હતા તેઓ હવે મધ્યમ વર્ગમાં આવી ગયા. એનો અર્થ જ એ થાય છે કે જેઓ મધ્યમ પગથિયે હતા તેઓ પણ એક પગથિયું નીચે ઉતર્યા. જેને સુપર રિચ એટલે કે મહાશ્રીમંત કહેવાય તેવા લોકો તેમણે ચૂકવવાના થતા કરવેરાથી ત્રીસ ટકા ઓછો ટેક્સ ભરે છે. નોટબંધી પછી તો ભલભલા લોકો આર્થિક સંકડામણનો ભોગ બન્યા છે. જે પરિવારમાં ત્રણ કે ચાર પગાર આવતા હતા તેમાંથી એક આખો પગાર જ ઓછો થઈ ગયો તે હજુ એમ જ છે અને નવયુવાનો કે યુવતીઓ કે જેણે નોકરીએ લાગવાનું છે તેને નોકરી મળવાનો કોઈ અણસાર હજુ દેખાતો નથી.

અતિ તેજસ્વી યુવાનો પાટે ચડી જતાં હોય છે પરંતુ એમની ટકાવારી તો સાવ નહિવત્ છે. આપણા દેશમાં પંચાણુ ટકા વિદ્યાર્થીઓ તો રખડતા-ભટકતા જ ભણતા હોય છે. એવા ઉપલક જ્ઞાનનું કદી નાણાંમાં રૂપાંતર થતું નથી. આપણા શિક્ષકોની પેઢીઓની પેઢીઓ બહુ જ એવરેજ જ્ઞાન ધરાવે છે. એમના ઘર પર દરોડા પાડો તો પાઠ્યપુસ્તક સિવાયનો એક પણ ગ્રંથ ન મળે. એવા લોકો નવી પેઢીને શું જ્ઞાન આપવાના ? દેશની જે કઠણાઈ બેઠી છે એને માટે ભલે બધા મિસ્ટર મોદીને જવાબદાર માને પરંતુ આ કઠણાઈના ખરા કારણો વિદ્યાક્ષેત્રમાં પડ્યા છે. વળી આવનારા પચીસેક વરસમાં તો શિક્ષકોમાં પરમ પૂજનીય વિદ્વત્તાનું પ્રાગટ્ય થાય એવા કોઈ ચિહનો દેખાતા નથી. એટલે કે જેણે શ્રેષ્ઠ વિદ્યા મેળવવી છે એણે તો જાતે જ એકલવ્યનો અવતાર ધારણ કરવો પડે.

તહેવારોની રોનક શમી ગયા પછી બજારમાં ડિમાન્ડ અસ્તાચળના આરે છે. એને ફરી રંગગુલાબી થતાં સમય લાગશે. કારીગરો ઘટાડવામાં આવ્યા છે. માલનો સ્ટોક વધી ગયો છે અને બજારમાં ડિમાન્ડ ઠંડી છે. છતાં સામુહિક ઉત્સવોથી પ્રજાનો આત્મવિશ્વાસ અભિવૃદ્ધ થયો છે. ભારતની જનસંખ્યાનું બાહુલ્ય રૂપિયાને ફરતો રાખે છે ને એનો જ વર્તમાન અર્થકારણ પર ઘણો સકારાત્મક પ્રભાવ દેખાય છે. દેશની આર્થિક બાબતોની ચર્ચા કરીએ ત્યારે ગુજરાતની વાત અલગ રીતે કરવી પડે. કારણ આર્થિક સભાનતા આપણી પ્રજામાં છે એવી તો અન્ય કોઈ રાજ્યનપ્રજામાં નથી, પરંતુ સમગ્ર દેશની વાત કરો તો અન્ય રાજ્યોમાં હાલત હવે એ થવા આવી છે કે ચપટીક લોકો જ શ્રીમંત છે અને બીજા બધા જ સંઘર્ષ કરે છે. પૈસા માટે નિત્યનો કે માસિક અથવા વાર્ષિક સંઘર્ષ ન જ કરવો પડે એ ખરી શ્રીમંતાઈ છે. જેમણે નાણાંનું પ્રોવિઝન કરવા તર્ક લડાવવા પડે તેઓ તો સંઘર્ષ કરતા વર્ગમાં આવે. આવા સંઘર્ષશીલ લોકોની સંખ્યામાં છેલ્લા બે વરસમાં અગણિત વધારો થયો છે તે ભારતીય અર્થતંત્રની અને એનડીએ સરકારની સાંયોગિક વિષાદી ફલશ્રુતિ છે. જો કે સરકારને બચાવવા મેદાનમાં પડેલા અર્થશાસ્ત્રીઓ સતત એવું બ્યુગલ બજાવતા રહે છે કે, સુખી - દુઃખી વચ્ચેની ખાઈ હવે જાણે કે રહી જ નથી.

દેશના નાણાં પ્રધાનના મનઘડંત તરંગો જોતા એમ લાગે છે કે તેઓ જેમની પાસેથી અર્થશાસ્ત્રની (અ)વિદ્યા ભણ્યા તેઓ કોઈ એક અર્થમાં તો ભારતશત્રુ હોવા જોઈએ. ધમધમાટ ચાલતા ભારતીય અર્થતંત્રને એનડીએ સરકારે વારંવાર બ્રેક મારવાનું જે દુઃસાહસ કર્યું એનો ભોગ બનેલા દેશમાં લાખો ઉદ્યોગો અને કરોડો કારીગરો છે. એ તો સિદ્ધાન્ત જ છે કે રાજકીય વ્યાખ્યાનોમાં કરવામાં આવતા દાવાઓમાં જેવું ચિત્ર રજૂ કરવામાં આવે છે તેવું હકીકતમાં કંઈ હોતું નથી. વીસ લાખ કરોડ રૂપિયાની અગાઉની જાહેરાતનું જે થયું એ જ નવી જાહેરાતોનું પણ થવાનું હોય છે. દુનિયાની આર્થિક વિષમતાઓ પર પ્રગટ થયેલા ઓક્સફેમના અહેવાલમાં આર્થિક બાબતોમાં દુનિયાના દરેક દેશોમાં જે અસમાનતા વ્યાપી છે એની નવેસરથી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, કારણ કે હવે આ અસમાનતા સમાજને વિઘટન તરફ દોરી જઈ શકે છે.આ અહેવાલ કહે છે કે, દુનિયામાં હવે અમીર અને ગરીબ વચ્ચેનું અંતર વધુ ઝડપથી અભિવૃદ્ધ થવા લાગ્યું છે. એક તરફ આત્યન્તિક શ્રીમંતાઈ છે અને બીજી બાજુ આત્યન્તિક ગરીબાઈ છે.

સિંગાપોરના વડાપ્રધાન લિ ક્વાન યુનું લોકશાહીમાં સચોટ વિશ્લેષણ..

ચૂંટણીઓમાં બેફામ ખર્ચા એટલે ભ્રષ્ટાચારની ગંગોત્રી

આંખમાં આંસુ સાથે તેમણે પક્ષના ડેલિગેટોને અપીલ કરી કે, મહેરબાની કરીને આ પ્રકારે રૂશ્વતખોરી આચરીને તમે મલેશિયન નીતિ/વંશનો, મલેશિયાના ધર્મનો અને સમગ્ર રાષ્ટ્રનો વિધ્વંસ ના કરશો.

સૌથી મજાની પણ સાથોસાથ દુ:ખદ હકીકત એ છે કે UMNO પાર્ટીની ડેલિગેટ કોન્ફરન્સ વર્ષ ૧૯૯૩માં યોજાઈ તે સમયગાળામાં મલેશિયાની બેન્ક નેગારામાં મલેશિયન ચલણની ૧૦૦૦ અને ૫૦૦૦ ની નોટો ખૂટી પડી હતી.

ઈન્ડોનેશિયામાં તો ભ્રષ્ટાચાર એટલી હદે વધી ગયો'તો કે ત્યાંના અખબારોએ તો ભ્રષ્ટાચાર માટે ટૂંકાક્ષરમાં એક નવો શબ્દ રચ્યો હતો-KKN ઈન્ડોનેશિયન ભાષામાં પહેલો K એટલે Kolusi (Collusion) અર્થાત મેળાપીપણુ, સાંઠગાંઠ, મિલીભગત. બીજો K એટલે Korupsi (corruption) અર્થાત રિશ્વતખોરી અને છેલ્લે N એટલે (Nepotism) અર્થાત સગાવાદ, ભાઈ-ભત્રીજાવાદ...

ઈન્ડોનેશિયાના પ્રમુખ સુહાર્તોના સંતાનો, નજીકના ગાઢ મિત્રો અને ચમચાઓએ એટલા બધા સરકારી ગેરલાભ લીધા કે KKN શબ્દ ઈન્ડોનેશિયાની

ચૂંટણીમાં અમર્યાદ ખર્ચ કરનાર પક્ષ ચૂંટણીમાં ખાલી થયેલી તિજોરી ભરવા પછી ભ્રષ્ટ બને છે

જીવનશૈલીનો એક અવિભાજ્ય ભાગ બની ગયો હતો.

આનો સ્પષ્ટ અર્થ એ થયો કે રૂશ્વતખોરી, મિલીભગત અને સગાવાદ ઈન્ડોનેશિયાના સમાજ અને સંસ્કૃતિમાં એટલી હદે વણાઈ ગયા'તા કે ત્યાંની વ્યવસ્થા તંત્રમાંથી અલગ કરવા ખૂબ જ મુશ્કેલ છે.

તે સમયગાળામાં અમેરિકન અખબારોએ પ્રમુખ સુહાર્તોના પરિવારની સંપત્તિ ૪૨ અબજ ડોલર હોવાનો અંદાજ મૂક્યો હતો.


ઈન્ડોનેશિયાના અગાઉના પ્રમુખ હબિબીના શાસન દરમિયાન દેશમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચી ગયો હતો. પ્રધાનો અને અફસરોએ ફરી મોકો મળશે કે નહીં, તેવી ગણત્રીએ લૂંટફાટ મચાવી દીધી હતી.

ચૂંટણી દરમિયાન મતદારોને લાખોની રકમ વહેંચાઈ હોવાના અખબારોમાં જે તે સમયે ન્યૂઝ ચમક્યા હતા.

એશિયાના બીજા એક દેશ જાપાનની વાત તો આ બધાથી નિરાલી જ છે. બીજા ઘણાં દેશોની સરખામણીમાં જાપાનની ચૂંટણીઓ ખૂબ ખર્ચાળ થઈ ગઈ હતી.

સારાંશ
વિનોદ ડી. ભટ્ટ
ભાગ-૫

ચૂંટણીના વર્ષમાં ઉમેદવારને અંદાજે ૫૦ લાખ અમેરિકન ડોલરની જરૂર પડતી હતી. ફંડ માટે ઉમેદવારે તેમના પક્ષના નેતા પર આધાર રાખવો પડતો હતો. નેતાએ ઘણાં બધા ઉમેદવારોને ચૂંટણી ભંડોળ પુરું પાડવાનું હોવાથી નેતાજીએ કરોડો ડોલરનું ભંડોળ એકત્ર કરી રાખવું પડતું હતું.



સિંગાપોરના પૂર્વ વડાપ્રધાન લિકવાન યુએ તેમની આત્મકથામાં એશિયાના અન્ય દેશોના ભ્રષ્ટાચારની ઉપરોકત બધી વાતો લખ્યા પછી ઉમેર્યું છે કે સિંગાપોરમાં ચૂંટણી જીતવા પૈસાનો ઉપયોગ ન થાય તેની અમે ખાસ કાળજી રાખી હતી.

હું વિપક્ષનો નેતા હતો તે દરમિયાન વર્ષ ૧૯૫૯ માં ચીફ મિનિસ્ટર લિમ યુ હોકને મતદાન ફરજિયાત કરી દેવા માટે મેં ભારપૂર્વક રજૂઆત કરતા તેઓ એ માટે સંમત થઈ ગયા'તા. મેં બીજું સૂચન એ પણ કર્યું 'તું કે મતદાન મથકોસુધી મતદારોને લઈ જવા માટે મોટર કાર કે અન્ય વાહનોનો ઉપયોગ કરવાની જે પરંપરા છે તેના પર પ્રતિબંધ મુકવો જોઈએ.

અમારા સૌથી મોટા અને પડકારજનક વિરોધીઓ સામ્યવાદીઓ હતા. તેમણે ચૂંટણીઓ જીતવા પૈસાનું રાજકારણ ખેલ્યું નહોતું. અમારા ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ પણ સાવ નજીવો જ હતો. ચૂંટણી કાયદાએ બાંધેલી ખર્ચની મર્યાદા કરતાંય ઘણો ઓછો અમારો ખર્ચ થયો હતો અને આથી જ ચૂંટણી પછી અમારા પક્ષને તેની તિજોરી ફરી ભરવાની કોઈ જરૂરિયાત નહોતી ઊભી થતી. અમે મતદારોને કોઈ રૂશ્વત કે ભેટ-સોગાદો આપતા નહોતા.

અમે દેશના યુવાનો માટે પુરતી નોકરીઓનું સર્જન કરતા, શિક્ષણ માટે શાળાઓ-કોલેજો અને જન આરોગ્ય માટે હોસ્પિટલો તેમજ જન સુખાકારી કોમ્યુનિટી સેન્ટરો બાંધવાનું સચોટ અને સફળ આયોજન કરતા હતા. સૌથી મહત્વનું કામ અમે જરૂરિયાતમંદો માટે મોટાપાયે આવાસ નિર્માણનું ભગીરથ પ્લાનિંગ કરતા હતા.

આ કારણે મતદારો અમને વારંવાર મત આપતા રહેતા હતા.

અમે દેશવાસીઓ માટે ઉપરોકત મુજબના આયોજન કરતા હોવાથી તેમના જીવન ધોરણમાં બદલાવ આવી ગયો અને મતદારોના મનમાં ઠસી ગયું કે Peolples Action Party ના હાથમાં તેમના સંતાનોનું ભવિષ્ય સુરક્ષિત છે. સિંગાપોરને વિશ્વના આર્થિક રીતે સધ્ધર દેશોની હરોળમાં લાવી દેનાર વડાપ્રધાન લિકવાને વધુમાં લખ્યું છે કે પશ્ચિમી દેશોના ઉદારમતવાદીઓ એવી દલીલ કરે છે કે કોઈપણ પ્રકારના નિયંત્રણો વગરના સ્વતંત્ર પ્રેસ/મીડિઆ દેશની સરકારના ભ્રષ્ટાચાર ખુલ્લા પાડે એટલે સરકાર સ્વચ્છ અને પ્રમાણિક રહે છે. આમ છતાં એશિયાના કેટલાક દેશોમાં પરિસ્થિતિ કાંઈક વિપરીત જ છે. ભારત, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, તાઈવાન, સાઉથ કોરિયા અને જાપાનમાં અખબારો અને ટેલિવિઝન સ્વતંત્ર અર્થાત કોઈ પ્રકારના નિયંત્રણ વગરના હોવા છતાં આ દેશોમાં ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે, કોઈ તેને અટકાવી શક્યું નથી.

જ્યારે બીજીબાજુ સિંગાપોરે પુરવાર કરી બતાવ્યું છે કે બેફામ રૂપિયાના ખર્ચ વગરની સ્વચ્છ ચૂંટણીઓ પ્રમાણિક સરકાર જાળવી રાખવામાં સહાયરૂપ બને છે. પણ એ સાથે બીજી પણ એક શરત છે કે જો સ્વચ્છ છાપવાળા પ્રમાણિક અને સક્ષમ માણસો ચૂંટણી લડીને સત્તાના સૂત્રો સંભાળશે તો જ સિંગાપોરમાં પ્રમાણિક સરકાર ટકી શકશે.

ત્રીજા વિશ્વની કક્ષામાંથી પ્રથમ વિશ્વની કક્ષાએ પહોંચવા માટે અમે બીજું એક આયોજન વિચાર્યું જેમાં સિંગાપોરને ગાર્ડન સિટિ બનાવી દેવાનો પ્લાન ઘડાયો. હું જે કોઈ કાર્યક્રમમાં જતો ત્યાં અચૂકપણે વૃક્ષારોપણ કરતો હતો. જેમાંથી કેટલાક વૃક્ષ ઉગતા હતા. જ્યારે ઘણાં છોડ મરી જતા હતા. ફરી હું એ સ્થળની મુલાકાતે જવાનો હોવાની અફસરોને ખબર પડે એટલે કામચલાઉ રીતે ત્યાં રાતોરાત બીજો છોડ એ લોકો રોપી દેતા હતા...!

આથી વૃક્ષોનું જતન કરવા માટે સરકારમાં એક અલાયદો વિભાગ જ ઊભો કરવાનું મેં વિચાર્યું. નેશનલ

વિપરીત સંજોગો વચ્ચે પણ લિ ક્વાન યુએ સિંગાપોરને વિશ્વસ્તરે ખૂબ ચમકાવી દીધું..

ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીમાં વૃક્ષોના જતન માટે અમે એક જુદા વિભાગની રચના કરી દીધી.

તે પછી મેં સરકારના તમામ વરિષ્ઠ અધિકારીઓ તેમજ બોર્ડ-નિગમોના વડાઓ સાથે એક ખાસ બેઠક યોજી અને ''ક્લિન એન્ડ ગ્રીન મુવમેન્ટ'' માં સક્રિય રીતે સહભાગી થઈ જવા સૌને અપીલ કરી હતી.

સિંગાપોરમાં અમે લાખ્ખો વૃક્ષો રોપ્યા. લોકોને પણ પોતાની આસપાસના લીલાછમ્મ વાતાવરણથી એક પ્રકારના ગૌરવ અને આનંદની લાગણી થઈ રહી છે. (સંપૂર્ણ)

આઝમખાનથી ડરતો એક વર્ગ યુપીમાં છે

સમાજવાદી પક્ષ આઝમખાનની મુક્તિનો રાજકીય લાભ ઉઠાવશે

ભારતની લોકશાહી અજબ-ગજબ જેવી છે. જેની સામે ૮૦થી ૧૦૦ ફોજદારી કેસો હોય અને વચગાળાના જામીન પર છૂટેલા હોય તે પણ સમાજ કો બદલ ડાલોના નારા લગાવી શકે છે. વાત સમાજવાદી પક્ષના નેતા આઝમ ખાનની છે. લોકોની જમીન દાદાગીરી કરીને પચાવી પાડવી, ભડકાઉ ભાષણ (હેટસ્પીચ) કરવા, નકલી જન્મ પ્રમાણપત્ર, પાન કાર્ડ જેવા ગુનામાં સંડોવાયેલા, સરકારી અધિકારી પર અભદ્ર ટિપ્પણી અને મની લોન્ડરિંગ જેવા ગંભીર આરોપોમાં અટવાયેલા આઝમખાન આજકાલજેલમાંથી બહાર આવવા સાથેજ ચૂંટણી નહીં પણ કાંતિની વાતો કરે ત્યારે આશ્ચર્ય થાય છે.

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાને મની લોન્ડરિંગ કેસમાં વચગાળાના જામીન પર જેલમાંથી મુક્ત થયા બાદ આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને ચૂંટણી નહીં, પરંતુ ક્રાંતિ ગણાવી છે. કોર્ટે તેમને જામીન આપવા અંગે બોલતા સપાના વરિષ્ઠ નેતાએ કહ્યું કે આનાથી તેમનો એ વિશ્વાસ મજબૂત થયો છે કે દેશ આઝાદ છે, પરંતુ બંધારણ કેદ છે.

ઇનસાઇડ સ્ટોરી

ચૂંટણી બાદ સમાજવાદી પક્ષની સરકાર બનશે તો આઝમખાનને ગૃહપ્રધાન બનાવીશું એવા સમાજવાદીપક્ષના એક સિની.યર નેતાના નિવેદનથી ભલે હોબાળો થયો હોય પરંતુ તે એક પ્રકારે રાજકીય ચાલ ગણવામાં આવે છે. આઝમખાનથી ડરતો એક વર્ગ છે. યોગી સરકારના બે ટર્મના શાસન બાદ આ ડર નીકળી જવો જોઈતો હતો પરંતુ આઝમખાને જે રીતે લોકોની જમીનો પચાવી પડી છે અને જે રીતે તેમને પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખીને ફટકારવામાં આવતા હતા તે સમય ગાળો લોકો ભૂલે તેમ નથી.

આઝમખાને ઉભી કરેલી જૌહર યુનિવર્સિટીની મોટાભાગની જમીન ક્યાંતો સરકારી જમીન પર હતી કે ખેડૂતોને મારીને પટાવી પાડેલી જમીનો હતી. હવે જામીન પર છૂટેલા આઝમખાન બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર પણ સવાલ ઉઠાવી રહ્યા છે. દરેકે તેમને ચૂંટણી વિશે પૂછ્યું હતું પરંતુ કોઈએ જેમની જમીન પચાવી પાડવા માટે આચરેલી ગુંડાગીરી બાબતે પૂછ્યું નહોતું.

સમાજવાદી પક્ષની સરકારમાં આઝમખાનને ગૃહ પ્રધાન બનાવાશે તે આખી વાત ભેંસ ભાગોળે અને છાશ છાગોળે જેવી હતી છતાં જે કિસાનોએ તેમની સામે કેસ કર્યા છે તે બધામાં ફફડાટ શરૂ થયો છે. તેમનામાં ડર ઉભો થાય તે સ્વભાવિક છે. આઝમખાન એ એક સમયે સમાજવાદી પક્ષના સર્વેસર્વા હતા.

આઝમખાનના જેલમાંથી છૂટવાથી સમાજવાદી પક્ષના વિજયના ચાન્સ વધ્યા છે એમ માનવાની જરૂર નથી કેમકે સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવ આઝમખાનની સલાહ લે એવું લાગતું નથી કેમકે તેમની સાથે સંબંધોથી કિસાનોના વોટને સીધી અસર થાય એમ છે. આઝમખાન હવે જ્યારે જેલમાંથી બહાર છે ત્યારે તેમના આડાતેડા નિવેદનો સમાજવાદી પક્ષની ઈમેજને તોડી શકે છે.

લાંબો સમય વિવિધ ગુના હેઠળ જેલમાં રહેલા આઝમખાન સામે અનેક ગુના છે. મોટા ભાગના ગુના લોકોની જમીનો પચાવી પાડવા સાથે સંકળાયેલા છે. અન્ય ગુના હેઠળ પણ તેમની ધરપકડ થઈ શકે છે. અહીં મહત્વનું એ પણ છે કે સમાજવાદી પક્ષ સત્તા પર હતો ત્યારના આઝમખાનને રૂઆબ અને પ્રજામાં ડર ભાજપના યોગી આદિત્યનાથની સરકારમાં ભાગ્યેજ જોવા મળી શકે છે. જેલમાં રહ્યા પછી આઝમખાનને એટલો તો ખ્યાલ આવી ગયો હશે કે સત્તાધારી પક્ષની સામે શિંગડા લડાવવાનો કોઈ અર્થ નથી.

આઝમખાનને એટલો તો ખ્યાલ આવી ગયો હશે કે સત્તાધારી પક્ષની સામે શિંગડા લડાવવાનો કોઇ અર્થ નથી

બાંગ્લાદેશ ફરી ભડકે બળી રહ્યું છે, તોફાનાઓ શેખ હસીનાના સમર્થકો છે

શેખ હસીનાનું સ્વાગત ફૂલોથી નહીં પણ તોફાન-આગની ઘટનાઓથી થશે

હજુ તો શેખ હસીનાની પરત ફરવાની તારીખ નક્કી નથી થઈ તે પહેલાંજ બાંગ્લાદેશ ફરી ભડકે બળી રહ્યું છે. આ વખતે તોફાનીઓ શેખ હસીનાના સમર્થકો અને વિરોધીઓ છે. બાગ્લાદેશમાં હિન્દુઓને દરેક તોફાનોમાં ટાર્ગેટ બનાવાયા છે. બે વર્ષથી વધુ સમય બાદ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની હસીનાની જાહેર કરાયેલી યોજનાને લઈને પણ બાંગ્લાદેશમાં ટેન્શન ઉભું થયું છે.તેમણે તાજેતરમાં નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશન દ્વારા નવા બાંગ્લાદેશી પાસપોર્ટ અને રાષ્ટ્રીય ઓળખ કાર્ડ માટે અરજી કરી હતી, પરંતુ ઢાકાએ આ વિનંતી નકારી કાઢી હતી અને ભારત-બાંગ્લાદેશ પ્રત્યાર્પણ સંધિ હેઠળ તેમને પાછા લાવવાનો આગ્રહ રાખ્યો હતો. અશાંતિ માટે હસીનાના સમર્થકોને જવાબદાર ઠેરવતા બાંગ્લાદેશના વડાપ્રધાનનો ભારત પર 'આકાઓ' કહીને આડકતરો કટાક્ષ કર્યો છે.

બાંગ્લાદેશના વડાપ્રધાન તરિક રહેમાને શેખ હસીના અને વિદેશમાં રહેલા અવામી લીગના સમર્થકો પર સમગ્ર બાંગ્લાદેશમાં હિંસા ભડકાવવાનો આરોપ લગાવ્યો છે. ગયા ગુરુવારે અવામી લીગના(શેખ હસીનાનો પક્ષ) દેશવ્યાપી બંધના એલાન પહેલા બાંગ્લાદેશમાં હિંસા અને આગચંપીની ઘટનાઓમાં વ્યાપક વધારો જોવા મળ્યો હતો.

ગયા અઠવાડિયે ઓછામાં ઓછા ૧૦ જિલ્લાઓમાં હુમલાના અહેવાલો મળ્યા છે, જેમાં બસો, રાજકીય સંસ્થાઓ અને રેલવે માળખાને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ અઠવાડિયાની શરૂઆતમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી(BNP) ના સરઘસ પર થયેલા હુમલામાં બે નેતાઓની હત્યા બાદ, બાંગ્લાદેશના નરૈલ જિલ્લામાં ૫૦થી વધુ રહેણાંક મકાનો અને અનેક દુકાનોને આગ ચાંપી દેવામાં આવી હોવાના અહેવાલ છે.



વડાપ્રધાન રહેમાનના સૌથી કડક પ્રહારો શેખ હસીના પર હતા. જેઓ ૧૬ વર્ષ સત્તામાં રહ્યા બાદ ૨૦૨૪ના જનઆંદોલનમાં સત્તા ગુમાવ્યા પછી બાંગ્લાદેશ છોડીને ભાગી ગયા હતા અને ત્યારથી ભારતમાં રહે છે.ત્યારબાદ વચગાળાની સરકાર દ્વારા તેમની પાર્ટી અવામી લીગ પર પ્રતિબંધ

પ્રસંગપટ

મૂકવામાં આવ્યો હતો, જેનાથી તેને રાજકીય પ્રવૃત્તિઓ કરવા અને ચૂંટણી લડવા પર રોક લાગી ગઈ હતી.

હસીનાને હટાવ્યા બાદ ઢાકા અને નવી દિલ્હી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં તીવ્ર કડવાશ આવી હતી.મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન સંબંધો વધુ બગડ્યા હતા, જોકે ફેબ્રુઆરીમાં રહેમાને પદભાર સંભાળ્યા બાદ સંબંધોમાં થોડો સુધારો થયો છે.

એક અહેવાલ મુજબ, નરૈલમાં એક રાજકીય સરઘસ પર થયેલા હુમલામાં બીએનપી પક્ષના બે નેતાઓ માર્યા ગયા હતા. ચટ્ટોગ્રામમાં, બાંગ્લાદેશની પૂર્વ વચગાળાની સરકારના વડા રહેલા નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસના પૈતૃક ઘરને પણ બુધવારે મોડી રાત્રે આગ ચાંપવામાં આવી હતી.આ ઘટનાથી એવી આશંકા વધી છે કે રાજકીય સંઘર્ષ હવે હરીફ જૂથો વચ્ચેની સીધી અથડામણથી આગળ વધી રહ્યો છે અને ખાનગી મિલકત તથા જાહેર માળખાને વધુને વધુ નુકસાન પહોંચાડી રહ્યો છે.

તેમના પરત ફરવાની શક્યતાએ તણાવમાં વધુ વધારો કર્યો છે, ખાસ કરીને ૨૦૨૪ના જનઆંદોલન દરમિયાન વિરોધીઓ પર કરાયેલા દમન બદલ નવેમ્બર ૨૦૨૫માં બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે તેમની ગેરહાજરીમાં તેમને મૃત્યુદંડની સજા સંભળાવ્યા બાદ.હસીનાએ આ કાર્યવાહીને ફગાવી દીધી છે અને કોઈ પણ ખોટું કામ કર્યું હોવાનો ઈનકાર કર્યો છે.

શુક્રવારે, ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે હસીનાનું પ્રત્યાર્પણ એ કાયદાકીય બાબત છે અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.તેમણે કહ્યું, 'ભારત બાંગ્લાદેશ સાથે સકારાત્મક, રચનાત્મક અને લાંબા ગાળાના સંબંધો ઇચ્છે છે.'

ડિસેમ્બરમાં શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરશે ત્યારે તેમનું ફૂલોથી સ્વાગત થશે એમ માનવાની જરૂર નથી. તેમના વિરૂધ્ધનો પ્રજાનો રોષ હજુ ઠર્યો હોય એમ લાગતું નથી. ભારત સરકાર તેમનો સ્ટે લંબાવી શકે છે. તેમના પ્રવેશ સાથેજ હિંસા વધુ ભડકવાની છે.

હસીનાને હટાવ્યા બાદ ઢાકા અને નવી દિલ્હી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં તીવ્ર કડવાશ આવી હતી

ઓવરસ્પીડીંગના પાપે..

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં માર્ગ અકસ્માતોનો ગ્રાફ ચિંતાજનક સ્તરે વધી રહ્યો છે. રાજ્યમાં થતાં જીવલેણ અકસ્માતોમાંથી ૯૫ ટકા કરતા વધુ અકસ્માતો માત્ર અને માત્ર ઓવરસ્પીડીંગના કારણે થાય છે. બેફામ ગતિએ દોડતા વાહનો પર રોક લગાવવાની તાતી જરૂર છે. ઓવરસ્પીડીંગ સામે કડક દંડ અને સીસીટીવી ઈ-ચલાનનું ૨૪ (ચોવીસ) કલાક સચોટ મોનિટરીંગની વ્યવસ્થા ગોઠવવાની પણ તાતી જરૂર છે. આ ઉપરાંત હાઈવે પર વાહનચાલકો સતર્કપણે

લોકવિચાર

ઓછી સ્પીડે અને સલામતી પૂર્વક ડ્રાઈવીંગ કરે તે માટે માર્ગદર્શક સૂચના બોર્ડ પણ લગાવવાની જરૂર છે. અકસ્માત સર્જાય ત્યારે ઘાયલ વ્યક્તિઓને સમયસર યોગ્ય સારવાર મળી રહે તે અર્થે એમ્બ્યુલન્સ વાન ચોવીસ કલાક હાઈવે પર ફરતી રહે તેવું આયોજન પણ કરવાની જરૂર છે. આ અંગે કાયમી સુવ્યવસ્થિત તંત્ર ઉભું કરવાની તાતી જરૂર છે. શહેરોમાં માર્ગ અકસ્માતો રોકવા અર્થે ઝીબ્રા ક્રોસિંગની નિશાનીઓ યોગ્ય રીતે દર્શાવવાની જરૂર છે. હાલમાં મોટા ભાગના રસ્તાઓ પર ઝીબ્રા ક્રોસિંગની નિશાની ઝાંખી પડી ગઈ છે. આ ઉપરાંત રાહદારીઓ માટે ફૂટ ઓવરબ્રિજનો અભાવ પણ નડી રહ્યો છે. આ બધી બાબતોને લક્ષમાં લઈ સરકારે તાકીદે યોગ્ય ઘટતા પગલાંઓ લેવા જોઈએ.

- મહેશ વી. વ્યાસ

'ચલો દિલ્હી' નારો આઝાદી માટે અને ગાદી માટે

'ચલો દિલ્હી... ચલો દિલ્હી... ચલો દિલ્હી...'

'લાભુ, 'ચલો દિલ્હી'નો શું નારો લગાવે છે? આપણાં જેવા માટે હજી દિલ્હી દૂર છે...'

'આ તો હું દિવાળી વેકેશનમાં કલકત્તા ફરવા ગયો હતો ત્યારે સુભાષચંદ્ર બોઝના સ્મારકને જોવા ગયો હતો એમણે જ 'ચલો દિલ્હી'નો નારો આપ્યો હતોને?'

'લાભુ, સુભાષબાબુએ ચલો દિલ્હીની હાકલ કરી હતી આઝાદી માટે અને આજના નેતાઓ ચલો દિલ્હીનો નારો લગાવે છે ગાદી માટે...'

'સાવ સાચી વાત છે, જુદા જુદા પક્ષોની મિલાવટી સરકારના નેતાઓએ કસદાર પદ અને ગાદી મેળવવા માટે 'ચલો દિલ્હી' એવો નારો લગાવીને દિલ્હી જ દોડવું પડેને?'

'લાભુ, સુભાષબાબુએ અંગ્રેજો સામે લડવા માટે આઝાદ હિંદ ફોજ ઊભી કરી હતી અને આઝાદી પછી આ બધા નેતાઓએ અંદરોઅંદર લડવા અને મોવડી મંડળોને રાજી કરી પોચી પોચી ગાદી મેળવી બસ મોજ કરવા કંઈ ફોજ ઊભી કરી છે ખબર છે? આઝાદ હિંદ મોજ...'

'જનતા બિચ્ચારી જીતીને ખોવાઈ જતાં નેતાની કરતી રહે ખોજ અને નેતા દિલ્હી દરબારની રહેમ નજરથી કરે મોજ.'

'લાભુ, લોકશાહીના આવા કેટલાય શાહી-લોકને મોજ છે મોજ. જનતાને માથે સરકાર નાખે મોંઘવારીનો બોજ અને નેતાઓ કરે મોજ...'

'ખરી વાત છે, લોકશાહીમાં પ્રજાને મતાધિકાર અને કેટલાક લીડરો મેળવે માલ-મતાધિકાર.'

'લાભુ, પ્રજાના મતો મેળવીને ચૂંટણી જીતીને સત્તા મેળવવા માટે નાણાંની થેલીઓ એટલે જ ખુલ્લી મૂકી દેવામાં આવે છેને?'

'આ રેવડીબાજીના રાજમાં આવું જ ચાલે છેને? હવે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી આવી રહી છે એટલે ત્યાં રાહતની રવડીઓ વરસાવવાની શરૂઆત થઈ ગઈ છે. મોટા મોટા પ્રોજેક્ટોની જાહેરાતો થવા માંડી છે. વચનોની લ્હાણી કરવામાં આવે છે.'

'લાભુ, એટલે જ હું કાયમ કહું છું ને કે આપણા દેશમાં જ નહીં પણ બધે ચૂંટણી એટલે કરદાતાના પૈસાની ચટણી.'

'વાહ, વાહ... મોટી મોટી પાર્ટીવાળા જીતે અને પછી મોંઘવારીમાં ભીંસાતી જનતાને માથે કેવી વીતે?'



'લાભુ, સુભાષબાબુએ હાકલ કરી હતી કે તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા... હવે આ હાકલ ફેરવીને કરવામાં આવે છે કે: તુમ મુઝે વોટ દો, મૈં તુમ્હે મહંગાઈ દૂંગા...'

'ભાઈ, આ બધી ચૂ

રૂડા પ્રતાપ હજો પ્રતાપગઢના

નિસર્ગ ચિત્રોનો સ્વામી છે આ ગઢ

ઉપલા કિલ્લે અનેક ઈમારતો છે. બે મુખ્ય પ્રવેશદ્વારોમાં થઈને બન્ને વિભાગમાં ભ્રમણ કરતાં જ વિશિષ્ટ સ્થાપત્યો નજરે ચડે. ઉપર અનેક વોચ ટાવર્સ, બુરજ, અગાશીએ ગોળાકાર હિસ્સો - જાણે કે વ્યૂઈંગ ગેલેરી જેવો લાગે - જ્યાં મુલાકાતીઓ એકઠા થઈ ૩૬૦ એ કુદરતને માણી શકે. મુક્ત આકાશના ખાલીપાને ભરી દે ભવાની માતાનું મંદિર તુળજા ભવાની નામે ઓળખાતી આ માતાની અહીં અષ્ટભુજ પ્રતિમા છે. એમનું સુંદર સ્વરૂપ ભક્તોનાં મનને શાતા આપે. પથ્થરોથી બનેલ આ મંદિર સ્થાપત્ય પરંપરાગત મરાઠી શૈલીમાં થયું છે. એ જ રીતે ગઢને જ્યારે ''લશ્કરી ગઢ'' નામ મળ્યું છે ત્યારે એ સાબિત થાય છે કે રાજાઓને મન સૈન્યનું કેટલું મહત્ત્વ હતું ! રૈયતની રક્ષા કાજે દેશાભિમાન માટે શિવાજી મહારાજ કટિબદ્ધ હતા.

અન્ય એક સ્થાપત્ય અફઝલ ટાવર (બુર્જ) છે. કિલ્લાના નીચલા ભાગે આવેલ આ જગ્યાએ શિવાજી મહારાજ સાથેના યુદ્ધમાં માર્યા ગયા બાદ અફઝલખાન શરીરના અવશેષોને મહારાજે સંપૂર્ણપણે ક્ષત્રિયોને છાજે એવા સંસ્કારસહ આ બુરજ હેઠળ દાટેલા અને ઉપર સ્મારક પણ બનાવેલું. કિલ્લાના દરવાજાનું નિર્માણ જટિલ છે.

રસ્તાઓ વાંકાચૂંકા અને સાંકડા છે જે દુશ્મનો અચાનક હુમલાને ખાળતા. પહાડી વિસ્તાર હોવા છતાં કિલ્લામાં જ અસંખ્ય સોઈ હતી. પાણીની રેલમછેલ કુદરતી ઝરણાં અને વિશાળ તળાવોને કારણે હતી. પથ્થરોને કોતરીને બનાવેલા ટાંકા. અદ્‌ભૂત ઈજનેરીકળા ! આધુનિક હાઈડ્રોલિક સિસ્ટમની પુરોગામી ! આ સ્થાપત્યના કણેકણમાંથી વીરરસના વીંઝણાં વાય - એ તો કેવી અજબ જેવી વાત છે !

મહાબળેશ્વરનાં બળ છે - સ્ટ્રોબેરી અને પ્રતાપગઢ

ગઢ, કિલ્લો, કોટ, કોટની રાંગ, બુરજ, ટાવર, દ્વાર, તોપ, સોપાન, પર્વત, ખડક, ડોકાબારી, કાંગરા, કમાન, મહેલ, મંદિર, ધ્વજ, કાર્યાલય, જળભંડાર, (હવે તો) સંગ્રહાલય આદિ શબ્દોનો સરવાળો આપણને કોઈક જાણીતી ઈમારત તરફ ઈશારો કરે, હા, આ શબ્દોને ભૂતકાળનો ઈતિહાસ - એની રીતિ-નીતિ એવી રીતે પોષે છે કે આપણને કાનમાં, મનમાં, હૃદયમાં રણશિંગુ સંભળાય ! વ્યૂહરચના કરતા રાજાઓની મનોમન ઝાંખી થાય. સૈનિકોની પરેડ, તેમની શિસ્ત, તેમની કર્તવ્યપરાયણતા બંધ આંખે પણ દ્રષ્ટિગોચર થાય અને જો અનાયાસે જ એકાદ સલામી દઈ દેવાય તોય કાંઈ નવાઈ નહિ. આ ઐતિહાસિક દ્રશ્યો વિશે જાણીને, મનની આંખે માણીને આપણે કૃતાર્થ થઈ જઈએ. ''એ દિવસો તો જતા રહ્યા'' એવો અફસોસ કરવાને બદલે જો આપણે ઈતિહાસ - એની નક્કર હકીકતોને સમજીએ, એમાંથી બોધપાઠ લઈએ તો સામાન્ય જ્ઞાનને સરાણે ચડાવી શકીએ. એમાંય જો ભવ્ય ભૂતકાળની કોઈ નિશાની બચી હોય તો - ભલેને પછી તે ભગ્નાવશેષો કેમ ન હોય ! - એને રૂબરૂ થવાનો રોમાંચક અનુભવ તો લેવો ઘટે. જ્યારે ગઢ-કિલ્લાને દિલ દઈ જ બેઠા છીએ ત્યારે મહારાષ્ટ્રના ખૂબ જાણીતા અને સદ્ધર પ્રતાપગઢની ખાસિયતોને સમજવાની કોશિશ કરીએ. આમ તો

રસવલ્લરી

સુધા ભટ્ટ

એ મહાબળેશ્વર - મહારાષ્ટ્રના વિખ્યાત હિલ સ્ટેશનથી માત્ર ચોવીસ જ કિ.મી. દૂર સાતારા જિલ્લામાં આવેલો છે પણ પ્રવાસીઓની ભીડ માટે તો એ એક 'સાઈટ સિઈંગ' છે. પ્રવાસન સ્થળોની ગણતરીમાં કિલ્લાઓ માત્ર 'જોવા' અને ફોટા પાડવાના કામમાં આવે છે. ખરેખર તો આપણી એ બહુમૂલ્ય વિરાસતોને આપણે ''યુનિવર્સિટી'' જેવાં માન-સ્થાન આપવાં જોઈએ.

યુનેસ્કો વૈશ્વિક ધરોહરની હરોળમાં પ્રતાપગઢ

છત્રપતિ શિવાજી મહારાજે મહારાષ્ટ્રમાં અગણિત કિલ્લાઓ સ્થાપ્યા એમાં મહાબળેશ્વરની પશ્ચિમે આવેલા પ્રતાપગઢનું નામ તત્કાલીન રાજનૈતિક નકશામાં જડબેસલાક છપાઈ ગયું. બીજાપુર સલ્તનતના જનરલ અફઝલખાનને યુક્તિપૂર્વકની બુદ્ધિશક્તિ વડે શિવાજી મહારાજે પરાસ્ત કર્યો અને પછી પ્રતાપગઢની તળેટીમાં એની સ્મૃતિમાં મકબરોય બનાવ્યો. યુદ્ધની વ્યૂહરચનાના ભાગરૂપે ઘટેલ આ ઘટનામાં ભારતની અનેકવિધ - બહુરંગી રાજનીતિએ છાપરે ચડીને બાંગ પોકારી. ખેર ! આપણે તો કિલ્લાને સ્થાપત્યકળાના દ્રષ્ટિકોણથી ઓળખવાની કોશિશ કરીએ. શિવાજી મહારાજે પોતાની સલ્તનતના વડા પ્રધાન મોરોપંત ત્રિબક પિંગળેને આ કિલ્લાની સંરચનાની જવાબદારી સોંપી. સ્થપતિ હતા હીરોજી ઈન્દુલકર. નીરા અને કોયના નદીનાં નીરને તેના કાંઠાને હરાવીને કબજો લઈ ૧૬૫૬માં મિલિટરીએ પ્રસ્તુત સ્થળનો કબજો લીધો અને ૧૬૫૯માં મરાઠા એમ્પાયરનો પાયો નંખાયો. દેશમાં મુઘલ સામ્રાજય અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની મુનસફી વચ્ચે દ્વન્દ્વ યુદ્ધ ખેલાતું એવામાં આ ઐતિહાસિક ગઢનું ચણતર થયું. વીરતા, આયોજનપૂર્વકની યુદ્ધનીતિ, લડાઈની વ્યૂહ રચના અને કાવાદાવાના ખેલ માટે પ્રસિદ્ધ આ પ્રતાપગઢ કિલ્લે સાંસ્કૃતિક મહત્વનું પણ સીલ લાગેલું. એ સમયે યુદ્ધકળા (!)ને વરેલી મિલિટરીનો ઉચિત ઉપયોગ અને લાભ લેવાતો. ગિરિમુર્ગ દરિયાઈ સ્તરથી આ સજ્જડ-મજબૂત સ્થાપત્યની ઊંચાઈ ૧,૦૮૦ મીટર છે. તળેટીથી કિલ્લે ચડવા માટે પથ્થરના ૪૫૦ થી ૫૦૦ જેટલાં



પગથિયાં છે. વાસ્તુશૈલી અને ઈતિહાસની દ્રષ્ટિએ આ એકમેવ બેનમૂન ઈમારત મહારાષ્ટ્રના સૈન્ય માટે વાસ્તુકલાનું નજરાણું છે. મરાઠા રાજાઓનાં શૌર્ય અને એમના સામ્રાજયની અદ્‌ભૂત રક્ષણાત્મક કળા જોવા માટે મહારાષ્ટ્રના કિલ્લાઓ ઉત્કૃષ્ટ ઉદાહરણો છે - મરાઠા મિલિટરી નિસર્ગ ચિત્રનો શ્રેષ્ઠ ભાગ છે. આ ગઢ ૭૯.૩ હેક્ટર જમીન ધરાવે છે.

અડીખમ પ્રતાપગઢ સ્વાભિમાન અને સ્વરાજની ગાથા

પશ્ચિમ ઘાટની સહ્યાદ્રિની ગિરિમાળા ભારતીય ઈતિહાસ, મરાઠા શૌર્ય, રાજનીતિક કુશળતાના અદ્‌ભૂત પ્રતીક પ્રતાપગઢને સાચવીને ટટ્ટાર ઊભી છે. સોળમી સદીના અનન્ય દેશપ્રેમી છત્રપતિ શિવાજી મહારાજે આ વિસ્તારના જાવળીના ખોરડા અને પારઘાટ પર નિયંત્રણ મેળવી, જાહોજલાલી વધારી કિલ્લાઓની સંરચના કરાવડાવી. લડાકુ રણનીતિને કારણે કદાચ કળારાણીને પણ જુસ્સો ચડ્યો અને એના સાથ-સહકારથી ડુંગરનો નીચેનો કિલ્લો સાડા સાતસો ફૂટ નીચે ઢોળાવ પર ફેલાયેલો દેખાય છે. મજબૂત બુરજો, લાંબા અંધારા રસ્તાઓ, ગુપ્ત માર્ગો એની વિશેષતા છે. દુશ્મનોને ભાન ભૂલાવે એવી આશ્ચર્યચકિત કરી દે એવી રચના છે આ દુર્ગની. પ્રસ્તુત કિલ્લો બે ભાગમાં વહેંચાયેલો છે. ઉપલા કિલ્લાને ''બલે કિલ્લા'' કહે છે. તેની રચના જ એવી કે દુશ્મનો પ્રવેશી ન શકે, આક્રમણ કરી ન શકે. કિલ્લાની સુરક્ષા ભેદી ન શકે. મહાબળેશ્વરની આ પહાડીની અને આસપાસના ગામોની સુરક્ષા અર્થે વેપારી માર્ગો પર નિયંત્રણ અર્થે આ કિલ્લાની રચના કરાઈ. સ્થાપત્ય શૈલી રક્ષણાત્મક ! મધ્યયુગીન ભારતીય એન્જિનિયરિંગનો એ ઉત્તમ નમૂનો છે. પર્વતીય ભૂપ્રદેશ (હિલફોર્ટ)ની ભૌગોલિક સ્થિતિનો ઉપયોગ કરી આ કિલ્લો દુર્ભેદ્ય બનાવાયો. ઊંચા મજબૂત બુર્જ, કિલ્લા ફરતે વિશાળ પથ્થરોની મજબૂત દીવાલો ચણવા ટાણે ડુંગરની કુદરતી ખીણો, ઊંડાણ, ધાર અને ઊંચાઈનો ભરપૂર ઉપયોગ દીવાલ તરીકે કર્યો. તેનાથી ખર્ચ અને મહેનત બચ્યા. સુરક્ષા વધુ મજબૂત બની. ઉપલા કિલ્લામાં તે સમયે અને આજે પણ દેખાયા તે બાંધકામ હતાં - સરકારી કાર્યાલયો, પાણીના ટાંકા, મહાદેવનું મંદિર આદિ ચણતરકામ. પહાડીની ટોચ પરનું આ છે કિલ્લાનું મુખ્ય કેન્દ્ર. ઉપલા કિલ્લાની પૂર્વ દિશામાં લગભગ ૨૫૦ ફૂટ નીચે - તેની આસપાસ લાંબી સંરક્ષિત દીવાલો, મજબૂત દ્વારો, સૈનિકોના આવાસો અને સુરક્ષા ચોકીઓ છે.

લસરકો :

પ્રતાપગઢ માત્ર પથ્થરોનો સમૂહ નથી પરંતુ કલા-સ્થાપત્યનું જીવંત પ્રતીક છે. અહીં ભવાની માના આશિષ અને તલવાર છે. લીલાંછમ જંગલો, ધુમ્મસ, વાદળો છે. ઝરણાં ઉતર-ચડ કરતા ઢોળાવો પર અલ્લડ નૃત્ય કરી મનભાવન દ્રશ્ય ઊભું કરે છે.

બ્લાઈન્ડ લાઈફ વોરીયર કાફી

ભારતીય મહિલાઓમાં, નાની દીકરીઓથી માંડી પુખ્તવયની મહિલાઓ એસીડ એટકની કરુણ અને ભયાનક સમસ્યાનો ભોગ બને છે. ક્યારે પણ એવું સાંભળવામાં આવતું નથી કે, કોઈ પુરુષો એસીડએટકનો ભોગ બન્યા હોય, આવી ઘટના પુરુષવર્ગ સાથે ભાગ્યે જ બને છે.

એક સામાજીક સર્વેક્ષણ જણાવે છે કે, ભારતમાં ૩% થી ૫% સુધી પુરુષો પર એસીડએટક થાય છે. જ્યારે ૭૦%થી ૮૦%સુધી મહિલાઓ એસીડએટક ભોગ બને છે.

એસીડએટકનો ભોગ બન્યા પછી યુવતી કે મહિલાની જિંદગી અસહ્ય બની જાય છે. પરંતુ આજની આ આધુનીક મહિલાઓ અને

વામા-વિશ્વ

અનુરાધા દેરાસરી

યુવતીઓ ટેકનોલોજીનો સહારો લઈને ભણે પણ છે અને શિક્ષિત બની જુદા જુદા વ્યવસાયો પણ કરે છે.

આજે વાત કરવી છે આવી જ ૧૭ વર્ષની યુવતી 'કાફી'ની જેના પર ૩ વર્ષની ઉમરે એસીડ એટક કરવામાં આવ્યો હતો. પરંતુ તે જીવનથી હારી નહિ, પોતાની હિમ્મત અને દ્રઢ મનોબળથી, ધોરણ-૧૦ અને ધોરણ બારમાં ટોપરમાં બની અને ઉચ્ચતમ ટકાવારી અનુક્રમે ૯૨.૫%ને ૯૨.૩% મેળવી.

કાફીની હિમ્મતભરી કહાનીની શરૂઆત થાય છે હોળીના તહેવારથી હરિયાણામાં, ઈસાર જીલ્લાના બુધાના ગામમાં લોકો હોળીનો તહેવાર ઉજવી રહ્યાં છે. નાની ૩ વર્ષની કાફી પણ હોળી રમી રહી છે. અચાનક તેના બે પડોશીઓએ આવીને તેના પર એસીડ છાંટ્યો. આ એસીડએટકનો ભોગ કાફીનું આખુ મુખ, ખાસ કરીને આંખો અને બે હાથ બન્યા. કાફીની કરુણ ચીસોથી આખું વાતાવરણ કરુણતામાં ફેરવાઈ ગયું. હોળીની ઉજવણી બાજુ પર રહી. પડોશીઓએ ઈર્ષ્યા અને વેરનો બદલો નાની, માસુમ અને કુમળી વયની કાફી પર એસીડ છાંટીને લીધો.



આ પછી દીકરીની યાતના સહન ન થવાને કારણે માતા-પિતા એક હોસ્પિટલથી બીજી હોસ્પીટલો ફરતા રહ્યાં. પાંચ વર્ષ સુધી આ તબીબોને બતાવવાની સફર ચાલતી રહી. છેલ્લે દીલ્હીની એમ્સ હોસ્પિટલે જાહેર કર્યું કે, કાફીની પ્લાસ્ટીક સર્જરી થઈ છે, પરંતુ તેની આંખોની રોશની જતી રહી છે જે ક્યારે પણ પાછી નહિ આવે.

માતા-પિતાનું મનોબળ તૂટી ગયું. પરંતુ ૮ વર્ષની 'કાફી' હિમ્મત ના હારી, 'કાફી' એ માતા-પિતાને આશ્વાસન આપતાં કહ્યું કે, 'મારી આંખોની બહારની રોશની ગઈ છે, પરંતુ અંદરની હિમ્મત અને દ્રઢ મનોબળની આંતરિક રોશની અકબંધ છે. તેના વડે હું મારા જીવનની સફર, આગળ વધારીશ અને સફળતા મેળવીશ.'

કાફીને એક સજ્જને ભણવાનું સૂચન કર્યું. કાફીએ ત્વરીતે તે રસ્તે ચાલવાનો નિર્ણય લીધો અને તે માટે પહેલા તે બ્રેઈલ લીપી શીખી. જેના દ્વારા 'કાફી'એ ચંદીગઢ બ્લાઈન્ડ શાળાની પરીક્ષા આપી. જેમાં તેની યોગ્યતા જોતાં, તેને સીધી છઠ્ઠા ધોરણમાં ભણવા બેસાડી અને શરૂ થઈ 'કાફી'ની શિક્ષણ યાત્રા . જાણે હરિવંશરાય બચ્ચન સાહેબની કવિતા, સાબિત કરી બતાવી હોય. અગ્નિપથ, અગ્નિપથ, તૂ ન થાકેગી કભી,

તૂ ન થમેગી કભી, તૂ ન મૂડેલી કભી,

કર શપથ ! કર શપથ! કર શપથ! અગ્નિપથ.....અગ્નિપથ...

'કાફી' એ માધ્યમિક શાળાના શિક્ષણ માટે બ્રેઈલ લીપીનો સહારો તો લીધો જ પરંતુ સાથે ઓડીયોબુકનો પણ સહારો લીધો અને ધોરણ ૮ સુધી ભણી.

હવે હાઈસ્કુલમાં તેને ધોરણ દસ અને બારમાની બોર્ડની પરીક્ષા આપવાની હતી. આ માટે કાફીએ હિમ્મત અને દ્રઢમનોબળની કમર કસી. ધોરણ દસમાં ટોપર તરીકે રહ્યાં પછી, બારમાં ધોરણનુ ભણતર ઘણું અઘરું હતું. આથી કાફીએ બ્રેઈલલીપી અને ઓડીયોબુક ઉપરાંત એનસીઆરટીની પ્રવચનો માટે તેમજ અન્ય શૈક્ષણિક વિષયોના કોર્સ માટે, સોફ્ટવેર સ્કીનરીડર્સના પ્રોગ્રામો Jaws, NVDA અને

એસીડએટકના સંઘર્ષમાંથી બહાર આવેલા હોય છે તેમને સહાનુભૂતિની જરૂર હોતી નથી પરંતુ સંવેદના અને સમજણની જરૂર હોય છે

વોઈસ રીડરનો ઉપયોગ શરૂ કર્યો. આમાં સીનથેસાઈઝડ અવાજમાં લેક્ચરો સાંભળી શકાય અને સ્ક્રીન પર બ્રેઈલ લીપીમાં ટેક્સના વિષયોનું લખાણ આવે, આ રીતે કાફીએ બધા વિષયનું જ્ઞાન મેળવવા માંડ્યું.

ઉપરાંત, ટાઈપબોર્ડ અને કી બોર્ડ નેવીગેશનનો કાફીએ સહારો લીધો. કાફીએ સમાન્ય કી બોર્ડની ખ અને વ કી પર રહેલા નાના ઉપસેલા ટપકા પર સ્પર્શ કરી અનુભવીને ટાઈપીંગ કરી તેમજ કીબોર્ડની શોટકટ્સનો ઉપયોગ કરી, બ્રેઈલલીપીમાં કાફીએ વિષયો શીખી અને બારમા ધોરણની તૈયારી કરવા માંડી.

આ શૈક્ષણિક અભ્યાસની મહેનત ઉપરાંત શારીરિક અને માનસિક સંતુલન ખૂબ જરૂરી હોય છે. આ માટે કાફીના જ શબ્દોમાં જોઈએ : જ્યારે બહારના પરિબળો તમારી વિરુદ્ધ કામ કરતા હોય ત્યારે, તમારે આંતરિક બળોને અત્યંત મજબૂત કરવા પડે છે. આથી સૌ પ્રથમ તો મારું શિસ્તબદ્ધ રુટીન મેં ગોઠવ્યું. દિવસના ૮ થી ૧૦ કલાક વાંચવાનું. નિયમિત બે ટાઈમ સાદો ખોરાક લેવાનો અને દૂધ પીવાનું. ઉપરાંત થોડું સંગીત સાંભળી રીલેક્સ થવાનું હું રાખતી. મારા માતા-પિતાનો સપોર્ટ જબરજસ્ત હતો, સાથે મારા શિક્ષકોનું વિષયો માટેનું માર્ગદર્શન પણ સારું એવું હતું, આમ બધાની સમગ્ર ઈફેક્ટ આવી અને બારમા ધોરણમાં પણ હું ટોપર રહી. પરીક્ષાની તૈયારીઓમાં મને યુટ્યુબ અને ઈન્ટરનેટની પણ ઘણી મદદ મળી.

ખાસ કરીને કાફીને તેના પિતાનો જબરજસ્ત સપોર્ટ રહ્યો. તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. ૬ વર્ષ ચાલેલી સર્જરીઓનો ખર્ચ ઊઠાવવા અને કાનૂની લડાઈ ચાલુ રાખવા માટે તેના પિતાએ હિસારમાં આવેલી તેમની પૂર્વજોની મિલકત વેચી દીધી. અને ચંદીગઢ સ્થળાતર કર્યું. ચંદીગઢ તરત નોકરી ના મળતા બે વર્ષ સુધી નાના મોટા કામો કર્યા, જેમાં શૌચાલયો સાફ કરવાનું પણ કામ કર્યું. ત્યારબાદ સચિવાલયમાં પટાવાળા તરીકે કોનટ્રેક બેઈઝ પર નોકરી મળી, જે અત્યારે ચાલું છે. આમ કાફી ભણી શકે માટે, પિતાનો ઘરની બહાર અને માતાનો ઘરની અંદર અથાગ પરિશ્રમ રહ્યો. જે બધાના સમગ્ર ફળસ્વરૂપે 'કાફી' બારમા ધોરણમાં પણ ટોપર રહી.

આગળ તે દીલ્હીની જેએનયુ યુનિવર્સિટીમાંથી પોલીટીકલ સાયન્સ સાથે બીએ અને એમએ કરવા માગે છે અને આગળ સીવીલ સરવીસની પરીક્ષા આપી, આઈએસ ઓફિસર થવા માગે છે. જેથી એસીડએટેક મહિલાઓ માટે કામ કરી શકે.

કાફી મહિલા અને યુવતીઓ જેઓ એસીડએટકનો ભોગ બને છે તેને સંદેશો આપતા કહે છે, 'જે લોકો એસીડએટકના સંઘર્ષમાંથી બહાર આવેલા હોય છે. તેમને સહાનુભૂતિની જરૂર હોતી નથી પરંતુ સંવેદના અને સમજણની જરૂર હોય છે જેથી તેઓ તેમના સપના પૂરા કરી શકે.'

ફક્ત બોફોર્સ નહીં, સમાજવાદી કાનૂન માટે પણ જાણીતો દેશ સ્વીડન

સ્વીડનને બોફોર્સના દેશ તરીકે આપણે જાણીએ છીએ. સ્વીડન તેના સમાજવાદી કાનૂન માટે જાણીતો છે. કામદાર બેકારો થાય કે વૃદ્ધ થાય



ત્યારે તેને બેનમૂન સગવડો મળે છે. પેન્શનર કે અપંગ માણસ ટેક્સીમાં ફરે તે સરકારી ખર્ચે ફરે છે. એક વૃદ્ધાને તેની પુત્રીને મળવા વિમાનમાં જવું હતું તો સરકારે વિમાનની ટિકિટ અપાવી. કામદાર બીમાર પડે તો સરકારી ઈન્શ્યોરન્સ કંપનીને ફોન કરી દે છે. 'હું આજે ઑફિસે જતો

હરતાં ફરતાં

વિક્રમ વકીલ

નથી.' કામદારને ઘેર બેઠાં પગાર મળી જાય છે. કોઈ પેન્શનર વૃદ્ધા સાથે તેનો પતિ જાય તો તેને પણ વિમાન કે ટેક્સીનો ખર્ચ મળે છે. આવી એક વૃદ્ધાનો પતિ ચોરેલી મોટરનો વેપાર કરતો હતો. પતિ પકડાઈ ગયા પછી જેલમાં તેની મુલાકાતે જવાનો ખર્ચ વૃદ્ધાને સરકાર આપે છે.

* * *

યીસ્ટથી પણ રોગોની સારવાર શક્ય

લીલી વનસ્પતિની ઓળખ અને તેના દ્વારા રોગોની સારવારની વાતથી તો અનેક લોકો પરિચીત



હશે, પરંતુ ફૂગ જેવી વનસ્પતિથી સારવાર થાય તેવું યીસ્ટનો ઈતિહાસ એવો છે કે એકવાર એક જાપાની બાઈ ચીનનાં કોઈ ગામમાં ગઈ હતી. ત્યાં તેણે જોયું કે ગામના ૪૦ ટકા લોકો ૯૦-૧૦૦ વર્ષના હતા. બાઈએ લોકોની ખાણીપીણી વિશે પૂછપરછ કરી તો તેને કંઈ વિશેષ લાગ્યુ નહીં, પરંતુ એક દિવસ સવારના તે ફરવા નીકળી તો મોટાભાગના ઘરોમાં કાળી ચ્હા જેવું કોઈ પીણું બધા પીતાં હતાં. તેણે એ લોકોને પૂછ્યું કે તે શું પીવે છે ત્યારે લોકોએ કહ્યું કે યીસ્ટની ચ્હા પીએ છીએ. એ જાપાનીઝ મહિલાને આ વાત કંઈક નવી લાગી એટલે તેણે પણ એ ચ્હા પીધી અને યીસ્ટ પર સંશોધન કરાવી જાપાનમાં જઈ તેનો પ્રયોગ કર્યો. તેના સંબંધી મિત્રોને યીસ્ટના ટુકડાઓ આપીને કહ્યું કે આ ટુકડાને એક કાચના વાસણમાં મૂકીને તેમાં ખાંડ નાખેલું કાળી ચ્હાનું પાણી નાખીને રાતભર મૂકી રાખજો અને બીજા દિવસે સવારે નયણા કોઠે એ પી લેજો. તમને એ ચ્હા કેવી લાગે છે અને તેની અસર શું જણાય છે તે મને કહેજો. ત્રીજા જ દિવસથી એ મહિલા પર મિત્રોના ફોન આવવા લાગ્યા. કોઈ કહે મને એનજી વધી હોય તેવું લાગે છે તો કોઈ કહે મારી કબજિયાત ઓછી થઈ રહી હોય તેવું લાગે છે. ત્યારબાદ તો ડાયાબીટીસ, બ્લડપ્રેશરની ફરિયાદ ધરાવતા લોકોને પણ તેમના રોગમાં સુધારો લાગવા માંડ્યો. એટલે એ મહિલાને વિશ્વાસ બેઠો કે આ વનસ્પતિમાં કંઈક ફાયદાકારક જરૂર છે. ત્યારબાદ તેમણે લેબોરેટરી ટેસ્ટ કરાવ્યા તો જાણવા મળ્યું કે યીસ્ટમાંથી વીટામીન બી ઉપરાંત બીજાં ચાર વિટામીનો મળી રહે છે.

* * *


મહાન સંશોધકોની તરંગી હરકતો

દૂધને પેશ્ચોરાઈઝ કરીને તેને ટકાઉ બનાવવાની વિધિ શોધનારા લૂઈ પેશ્ચયોર દૂધને જંતુમુક્ત કરી શક્યા પણ પોતે જંતુઓથી બહુ ડરતા કોઈ સાથે હસ્તધૂનન કરતા નહીં અને જમવા બેસે ત્યારે વારંવાર ડિશ અને કાચનાં ગ્લાસને લૂછ્યા કરતા. આલ્બર્ટ આઈન્સ્ટાઈન પણ ડરપોક હતા. તેઓ વિજ્ઞાન સિવાયની બાબતોથી મૂંઝાતા. આઈન્સ્ટાઈનને ઈઝરાયેલનું પ્રમુખપદ ઑફર થયું ત્યારે તેમણે કહ્યું, 'હું વિજ્ઞાનના પ્રોબ્લેમ ઉકેલી શકું, રાજકારણનો નહીં.' ગ્રેહામ ગ્રીન, થૉમસ આલ્વા ઍડિસન, જે.કે. ગેલબ્રેથ, બોબ ગેલડૉફ, એચ.જી. વૅલ્સ અને પી.જી. વૂડહાઉસ-એ તમામ

બરતરફી માટે સેક્ડ શબ્દ કઈ રીતે પ્રચલિત થયો?

બરતરફ કરાતી વ્યક્તિ માટે અંગ્રેજીમાં 'સેક્ડ' (SACKED) શબ્દ વપરાય છે. આ સેક્ડ શબ્દ કેમ વપરાતો હશે? સેક એટલે તો કોથળો એવો અર્થ થાય છે. ચીનના અમુક પ્રદેશમાં નાનીથી મોટી સાઈઝના કોથળા વપરાતા હતા. કેટલીક વખત પુરાણા ચીનમાં પત્ની બહુ કકળાટ કરે તો તેને કોથળામાં બાંધીને નદીમાં ફેંકી દેવાતી હતી. તે ઉપરથી સેક્ડ શબ્દ આવ્યો. તુર્કીમાં એક બોસ્ફોરસ નામનો જળમાર્ગ હતો તેમાં તુર્કી લોકો વણગમતી સ્ત્રીને કોથળામાં બાંધીને ફેંકી દેતા. યુરોપમાં પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં મજૂરોની તંગી હતી. ખેતીવાડીમા મજૂરોને એક વર્ષ માટે કોન્ટ્રેક્ટથી રાખતા. પછી જ્યારે તેમને નોકરીમાંથી કાઢી મુકાય ત્યારે ખેડૂત-માલિક તરફથી મજૂરને એક કોથળો ભરીને તેની ઘરવખરી કે સામાન પાછો અપાતો. એટલે યુરોપમાં એ રીતે કોઈને રુખસદ અપાય ત્યારે સેક્ડ શબ્દ વપરાય છે.

* * *



મહાનુભાવો નોબેલ પ્રાઈઝને લાયક હતા છતાં તેમના તરંગી સ્વભાવને કારણે તેમને નોબેલ પારિતોષિક મળ્યાં નથી.

* * *

રોમન છાપ સિક્કા

એક જમાનો હતો જ્યારે દર ત્રીજો વ્યક્તિ દેશવિદેશની ટપાલટિકિટો કે સિક્કાઓનો સંગ્રહ કરતો. માત્ર સિક્કા સંગ્રાહકોને જ નહીં, પણ ઈતિહાસમાં થોડોઘણો રસ ધરાવતા હોય તેવા લોકોને પણ રસ પડે તેવા આ સમાચાર છે. ઈંગ્લેન્ડના ઓક્સફર્ડ નગર નજીક



એક ખેતરમાં બ્રાયન મેલિન નામનો માણસ ખોદકામ કરી રહ્યો હતો. અચાનક જ તેના હાથમાં, બાળવાર્તાઓમાં વાંચવા મળતું હોય છે તેમ, સિક્કાઓનો ચરુ હાથ લાગ્યો. પૂરા ૫૦૦૦ સિક્કા હતા. તે અલબત્ત, તાંબાના હતા, પણ સોના કરતાંય વધારે મૂલ્યવાન હતા. બ્રાયનને નવાઈ એ જોઈને લાગી કે બધા સિક્કા એકબીજા સાથે ચોંટી ગયા હતા. તે ખૂબ જૂના છે એ તો પહેલી જ નજરે દેખાઈ આવતું હતું. બ્રાયને આંખેઆખો ઘડો પુરાતત્ત્વવિદોને સોંપી દીધો. સિક્કાઓના બારીક પરીક્ષણ પછી જે તારણ સામે આવ્યું એનાથી તેમની આંખો પહોળી થઈ ગઈ. આ સિક્કા પોણા બે હજાર વર્ષ જૂના છે. ચોક્કસ સાલ કહીએ તો ઈસવી સન ૨૫૦ થી ૨૭૦ વચ્ચેના છે. સિક્કા પર જેનો ભેદી ચહેરો અકાયેલો છે તે 'રોમન સમ્રાટ' ડોમિશિઅન્સનો છે. ઈતિહાસકારોની થિયરી પ્રમાણે ડોમિશિઅન્સે બ્રિટન અને ફ્રાન્સ પર તે જમાનામાં 'રાજ' કર્યું હતું. આવો જ સિક્કો ૧૦૦ વર્ષ અગાઉ કોઈ ફ્રેન્ચ માણસને મળી આવ્યો હતો, પણ એને બનાવટી ગણી લેવામાં આવેલો. ઈંગ્લેન્ડમાંથી મળી આવેલા આ સિક્કા પરથી ફલિત થઈ ગયું છે કે ફ્રેન્ચ માણસે જેન્યુઈન સિક્કો જ પેશ કરેલો. કહે છે કે ડોમિશિઅન્સ ખૂબ ઘમંડી અને વિદ્રોહી હતો. પોતાને સમ્રાટ ગણાવીને એણે આવા સિક્કા બનાવડાવ્યા હતા. રાજદ્રોહ કરવા બદલ તેનો દેશનિકાલ કરવામાં આવ્યો હતો. ઈસવી સન ૨૫૦થી ૨૭૦ દરમિયાન રોમન સામ્રાજ્યમાં ઘણી ઉથલપાથલ થઈ હતી અને એક પછી એક પાંચેક સમ્રાટો ગાદી પર બેઠા હતા. બ્રાયને શોધી કાઢેલા ડોમિશિઅન્સના સિક્કા અત્યારે બ્રિટિશ મ્યુઝિમમાં મૂકવામાં આવ્યા છે.

* * *

રહસ્યમય કાર્ડ (ટેરટ) દ્વારા સાપ્તાહિક રાશિ ભવિષ્ય

*** મકર રાશિના રાહુનું રાશિવાર ફળાદેશ ***

બુધવાર ૨૫ નવેમ્બરથી મંગળવાર ૧ ડિસેમ્બર સુધી



- કુંભ રાશિના ગોચરનો રાહુ ૫ ડિસેમ્બરનાં મકર રાશિમાં પ્રવેશે છે અને મકરરાશિમાં ૨૩ જૂન ૨૦૨૮ સુધી ગોચર પ્રમાણમાં રહેશે. ૨૫ જાન્યુઆરીથી ૨૬ જૂન ૨૦૨૭ દરમ્યાન ગુરુની પ્રતિકૃતિમાં રાહુ રહેશે. ક્રમશ : રાશિવાર મકર રાશિના રાહુનું સામાન્ય ફળાદેશ જોતા જણાવી શકાય કે મેષ રાશિની વ્યક્તિઓ માટે કર્મસ્થાનમાં દસમે પસાર થનાર રાહુ વ્યવસાય માટે તથા તમારા યશ-સન્માન માટે નોંધપાત્ર બનશે. તમારું વ્યક્તિત્વ બદલાશે. તમારી હાલની જે છાપ ઉભી કરેલી હશે તેમાં મોટો બદલાવ આવશે. ભાગ્ય પરિવર્તનની દ્રષ્ટિએ પુરુષાર્થ કરાવી મહેનતનું ફળ આપશે. અચાનક સત્તા મળે, નોકરિયાતવર્ગની વ્યક્તિઓને બઢતી સાથે સ્થાન પરિવર્તનનો યોગ ઉદ્‌ભવશે. વૃષ ભરાશિની વ્યક્તિઓ માટે ભાગ્ય સ્થાનમાં નવમે પસાર થનાર રાહુ મહત્ત્વકાંક્ષાઓની પૂર્તિ માટે સંજોગો નિર્માણ કરશે. વ્યક્તિગત જીવનમાં વિકાસ માટેની તક ઉભી કરશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અંગે વિદેશયાત્રાનો યોગ ઉદ્‌ભવે. ધાર્મિક કારણસર લાંબી મુસાફરી થશે તેમજ ધાર્મિક કાર્યો થઈ શકશે. આધ્યાત્મિક ઉન્નતિ થાય. અચાનક ભૌતિક સગવડતાઓ ઉભી કરાવશે. મિથુન રાશિથી મીન રાશિ માટે ક્રમશ : જોઈશું.

- ઈન્દ્રમંત્રી

મેષ (અ.લ.ઇ) :
The Star - ૧૭ સ્ટારનું કાર્ડ તમારા માટે હૃદયસ્પર્શી ઘટનાચાલુ સપ્તાહ દરમ્ય

યહી હે જિંદગી

અનુસંધાન

માટે મોટા તપેલામાં કેરીની છીણ અને ખાંડનું મિશ્રણ કરી રહી હતી.

'સોરી, તમને ડિસ્ટર્બ કર્યા...' ગિરીશભાઈ અને ગીતાબહેનની સામે જોઈને સૌમિલે ત્યાં કહ્યું એ જ કેસેટ ફરીથી વગાડી. એ પછી એ મૂળ વાત પર આવ્યો. 'અમારી દીકરી તેવીસ વર્ષની છે. બાજુની સોસાયટીમાં રહે છે એ અનિલભાઈના દીકરા માટે વાત આવી છે. એ વાત આગળ વધારીએ, એ અગાઉ જ્ઞાતિબંધુ તરીકે ખાનગીમાં તમારો સાચો અભિપ્રાય લેવા આવ્યા છીએ. અમારા માટે એ પરિવાર સાવ અજાણ્યો છે.'

'ભલા માણસ, પહેલાં બેસો તો ખરા...' ડાઇનિંગ ટેબલ પર પોતાની બાજુની ખુરસી તરફ ઇશારો કરીને સૌમિલ અને સ્મિતા સામે જોઈને ગિરીશભાઈએ કહ્યું. 'તમે છેક અમદાવાદથી આવ્યાં છો. જમવાનો સમય છે અને જમવાનું તૈયાર છે...'

ગીતાબહેન પણ હાથ ધોઈને ત્યાં આવી ગયાં હતાં. એમણે પણ આગ્રહ કર્યો.

'જમવાનું નહીં ફાવે, પ્લીઝ, અમે જમીને જ આવ્યા છીએ.' સૌમિલે આભારવશ અવાજે કહ્યું. 'માત્ર સાચી માહિતી માટે જ આવ્યા છીએ.'

એ દરમિયાન સ્મિતાનું ધ્યાન એમની દીકરી ઉપર જ કેન્દ્રિત થયેલું હતું. ફ્રીઝમાંથી ત્રણ હાફૂસ કેરી કાઢીને ચીવટપૂર્વક એની છાલ ઊતારીને એના ટૂકડા કરીને એણે કાચની બે પ્લેટમાં ગોઠવ્યા અને ત્યાં આવી. 'અંકલ, આન્ટી, પ્લીઝ...'

સૌમિલ અને સ્મિતા સામે પ્લેટ્સ મૂકીને એણે મીઠાશથી કહ્યું. 'કોઈ મહેમાન અમારે ત્યાંથી કંઈ લીધા વગર જાય એ સારું ના લાગે. આ પ્લેટ તમારે ખૂટાડવાની જ છે.'

સૌમિલ અને સ્મિતા હજુ અવઢવમાં હતા. 'તમે હરિભાઈના ભાણિયા છો એટલે અમારું આટલું માન તો રાખવું જ પડશે.' ગીતાબહેને કહ્યું. 'આ છોકરીએ આટલી મહેનત કરી, એને ખોટું લાગશે.'

એમના પ્રેમભર્યા આગ્રહ સામે સૌમિલ અને સ્મિતાએ હાર સ્વીકારી લીધી.

'ગિરીશભાઈ, મેં કરી એ વાત...' સૌમિલે યાદ કરાવ્યું.

'હાથમાં અન્નનો કોળિયો છે એટલે ખોટું નહીં બોલું...' ગિરીશભાઈએ સૌમિલ અને સ્મિતા સામે જોયું. 'અનિલભાઈ અને અલકાબહેનનો છોકરો હીરા જેવો છે. પથ્થરમાંથી પાણી કાઢે એવો હોંશિયાર છે. તમારી દીકરીને એ દુઃખી નહીં કરે...' સહેજ વિચારીને એમણે ઉમેર્યું. 'અમારી અને એમની વૈચારિક સમજમાં ફેર છે એટલે અનિલભાઈ અને અલકાબેન સાથે અમારે વધારે સંબંધ નથી.'

'અમને તો સંબંધ રાખવામાં કોઈ વાંધો નથી...' ગીતાબહેને સ્પષ્ટતા કરી. 'દુનિયામાં શું લઈને આવ્યા હતા ને શું લઈ જવાના ? અમારા મનમાં તો લગીરેય કડવાશ નથી, પણ એ લોકો જ સંબંધ નથી રાખતા એમાં અમે શું કરીએ ?...' ગીતાબહેને ઠાવકાઈથી ઉમેર્યું. 'હરિભાઈનું નામ આપીને તમે પૂછવા આવ્યા એટલે સાચું કહેવાની અમારી ફરજ. છોકરો ખરેખર સારો છે. મા-બાપ ભલે મારી સાથે નથી બોલતાં,પણ એ છોકરો ક્યારેક મળી જાય ત્યારે હસીને જેસીકૃષ્ણ કહે છે.'

સ્મિતા તો એકીટશે સામે બેઠેલી નમણી યુવતી સામે તાકી રહી હતી.

કેરી પતાવીને એમનો આભાર માનીને સૌમિલ અને સ્મિતા ઊભા થયા. પેલા ત્રણેય છેક કાર સુધી વિદાય આપવા આવ્યા.

'અંકલ, એક મિનિટ...' એ યુવતી દોડીને ઘરમાં ગઈ અને ફ્રીઝમાંથી ઠંડા પાણીની બોટલ લાવીને એણે સ્મિતાને આપી. 'રસ્તામાં જેવું તેવું પાણી પીવાને બદલે આ તમને કામમાં આવશે.'

ફરીવાર એમનો આભાર માનીને સૌમિલે કાર સ્ટાર્ટ કરી. એક્સપ્રેસ હાઈવે પર ચાલુ કારે જ સૌમિલે મોબાઈલ જોડ્યો. 'મામા, વડોદરાની વિઝિટ પતી ગઈ. સાથોસાથ પુત્રવધુની શોધ પણ પૂરી થઈ ગઈ. તમે ગિરીશભાઈને ફોન કરીને એ લોકોને આવતા રવિવારે આપણે ત્યાં બોલાવજો...' એણે હસીને ઉમેર્યું. 'અને હા, બેબી માટે મુરતિયો શોધવાનું કામ ચાલુ રાખજો.'

(શીર્ષક પંક્તિ : લેખક)

વહેતું જીવન

અનુસંધાન

ડૉ. અજયે પૂછ્યું, 'હવે શું કરવું? આ તો વારસદાર પણ નથી. છતાં અર્ધી મિલકતોનો માલિક બની જાય એ કેમ પોષાય?'

મિ. ચપટવાલાના મનમાં શેતાની વિચારો આવવાં માંડ્યા. તેમણે ડૉ. અજયને પૂછ્યું, 'તમારા બેન-બનેવી વચ્ચેના સબંધો કેવા હતા?'

પછી ઉમેશનો કાંટો કાઢી નાખવાની યોજના ફોન પર સમજાવી.

શરૂઆતમાં તો ડૉ. અજયે ના પાડી કે આવું કામ હું મારા બનેવી વિરુદ્ધ નહીં કરું, પરંતુ પછીથી મિલકતની લાલચમાં તેનું મગજ બહેર મારી ગયું અને યોજના મુજબ આબુ પોલીસ સ્ટેશન પહોંચી ગયા.

પોલીસ ઈન્સ્પેક્ટર મૃતદેહની કાયદેસરની કાર્યવાહી કરી બધી પૂછપરછ કરી રહ્યા હતા. ત્યાં પહોંચી ડૉ. અજયે ધડાકો કર્યો. 'ઇન્સ્પેક્ટર સાહેબ, મારી બહેનને ધક્કો મારીને તેના ભાગમાં આવતી મિલકત પડાવી લેવા મારા બનેવી ઉમેશકુમારે તેનું ખૂન કરેલ છે.'

ઉમેશ તેની પત્નીના અવસાનથી દુખી તો હતો જ, તેમાં તેમના સાળાના આવા આક્ષેપથી હતપ્રભ બની રહ્યો. તે ડૉ. અજય સામે એકીટશે જોઈ રહ્યો. તેને લીના પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો, તે તો સહુ જાણતાં હતા, તો આવો તો તેને વિચાર જ ક્યાથી આવે ? તેણે રડમસ ચહેરે જવાબ આપ્યો, 'સાહેબ, મારી પત્નીનો પગ લપસી પડતાં કુદરતી રીતે તેનું મોત થયું છે. મારા સાળાના આક્ષેપો બિનપાયાદાર છે, હું તદ્દન નિર્દોષ છું.'

ઈન્સ્પેક્ટર ચૌધરી વિચારમાં પડી ગયા. આ ઘટના બની ત્યારે સનસેટ પોઈન્ટની એકાંતવાળી ટોચ પર મોડી સાંજે કોઈ હાજર ન હતું, તેથી કોઈ આંખે દેખ્યા સાક્ષી હતા જ નહીં.

નવા સુધારેલા મહિલાના હિત માટે બનાવેલ કાયદા મુજબ લગ્નના પ્રથમ સાત વર્ષ દરમ્યાન પત્નીના અપ્રાકૃતિક મોત માટે જો પિયરવાળા લેખિતમાં ફરિયાદ આપે તો, તેને કોઈ આધાર પુરાવાની જરૂર નથી. પોલીસ પતિની ધરપકડ કરી કેસ ફાઇલ કરી શકે છે.

ઉમેશનો રડમસ માસૂમ ચહેરો જોઈ ઇન્સ્પેક્ટર ચૌધરીને તે ગુનેગાર લાગતો નહોતો. કાયદો કાયદાનું કામ કરી રહ્યો હતો. લીનાના ભાઈની લેખિત ફરિયાદ ઉપર તેમણે ઉમેશની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો. એક માહિનામાં કોર્ટમાં કેસ ચાલી જતાં કોર્ટે ઉમેશને પત્નીના ખૂન બદલ દોષિત ઠરાવી તેની મિલકતોનો ભાગ રદ્દ કરી દીધો અને સખત કેદ સાથે જન્મટીપની સજા સુનાવી.

અનાયાસે કરોડપતિ બનેલ ઉમેશ સુખના પર્વતની ટોચ પરથી દુઃખના દરિયાને તળિયે પહોંચી હાથકડી સાથે સાબરમતી જેલ તરફ જઈ રહ્યો હતો, ત્યારે તેનો સાળો ડો.અજય દૂર રોડ પર ઊભેલી બીએમડબ્લ્યુ ગાડીમાં મૂછમાં હસી રહ્યો હતો.

ન્યાયની દેવીની આંખો પર પાટા હજુ સુધી બંધાયેલા હતા. ભારતના બંધારણે સુધારેલ મહિલાઓના હિત માટેના કાયદા તલવારની બંને બાજુની ધારનું કામ કરી રહ્યા હતા.

ગુફતેગો

અનુસંધાન

આંટો મારવાનું ભૂલતા નથી. એટલે છેતરાવા ન ઇચ્છનાર મા-બાપોએ આંખો તો ખુલ્લી રાખવી જ જોઇએ. છેતરાવાના અનેક રસ્તાઓ છે, જેનાથી આપણે વાકેફ રહેવું જોઇએ.

૧. ઘણીવાર કુપાત્ર માણસને મનની વાત કરવાથી તે વ્યક્તિ પરિસ્થિતિનો લાભ લઇને બ્લેકમેઇલ કરવા સુધીની નીચતા દેખાડે છે.

૨. માનદ સેવાઓ પૂરી પાડનાર 'સેવકો' ઘણીવાર આબાદ રીતે છેતરી જતા હોય છે. વીજળીનું બીલ ભરવાનું હોય, બેંકમાં ડીપોઝીટ ભરવાની હોય, ઘર માટે ગ્રોસરી મંગાવવાની હોય ત્યારે આવા સેવકોની મદદ ઘણીવાર ભારે પડી જતી હોય છે. આવા સેવકો બે ત્રણ સારા કામ કરીને વિશ્વાસ પ્રાપ્ત કરી લે છે, પછી રફુચક્કર થઇ જાય છે. પછી આપણને પસ્તાવાનો વારો આવે છે.

૩. કોર્ટ કચેરીમાં કે બેંક બજારમાં કોઇની ગેરંટી આપીને મુશ્કેલીમાં મુકાતા લોકો પોતે ઘણીવાર પાયમાલ થઇ જતા હોય છે.

૪. હલકટ જ્યોતિષીઓ કે એકના ડબલ કરી આપવાના ધંધો કરતા ધુતારાઓ, આપણી ભલમનસાઈનો ભરપૂર લાભ લેતા હોય છે.

૫. પુત્ર કે પુત્રીને એક્સીડન્ટ થયાની બનાવટી ખબર આપી, સગાં-વહાલાંએ હોસ્પિટલમાંથી પૈસા મંગાવ્યાનું નાટક કરી છેતરી જતા બદમાસો વગેરે લોકો પણ સરળતાથી વિશ્વાસ મૂકવાની નબળાઈનો જ ભરપૂર લાભ લેતા હોય છે.

જો કે આ ચર્ચા પરથી એમ માનીને ચાલવાની જરૂર નથી કે કોઈએ કોઈનો વિશ્વાસ જ ન કરવો. આપણે માત્ર એટલું જ સમજવાની જરૂર છે કે આપણે ભોટમાં ખપીએ, ભોળવાઈ જઈએ, પ્રપંચ, દગો કે ચાલનો ભોગ બનીએ એટલી હદ સુધી આંખો બંધ રાખીને ન જીવવું જોઈએ.

વિશ્વાસ એ કુપાત્રને દાન કરવાની વસ્તુ નથી. શ્રદ્ધા આપણને છેતરી જવા માટેનો કોઈ હાથવગો પરવાનો નથી. એટલે જ આપણે થોડીક સાવધાનીથી આપણા જીવનમાં અકારણ આવતી આફતોની વણઝારને રોકવા માટે જરૂરી 'અવિશ્વાસ'નું શરણું શોધવું આવશ્યક છે. અહીં 'ચેતતા નર સદા સુખી'ની કહેવત લાગુ પડે છે.

રજનીગંધા

અનુસંધાન

તેણે ડરતાં ડરતાં પૂછ્યું :

'તો હવે તારી ઇચ્છા શું છે ?'

'તારો પ્રેમ ! એ નહીં મળે ત્યાં સુધી મને મુક્તિ નહીં મળે...'

એમ કહેતાં જ પેલી યુવતીનું શરીર અનિરુધ્ધને વીંટળાવા લાગ્યું ! અનિરુધ્ધને ભયંકર ડર લાગી રહ્યો હતો. તેનું ગળું સૂકાવા લાગ્યું... માથું ભમવા લાગ્યું... છાતી ઉપર જાણે મોટો બોજ હોય તેમ એના શ્વાસ રૂંધાવા લાગ્યા...

અનિરુધ્ધે જોર કરીને યુવતીના વીંટળાઈ રહેલા આકારને ધક્કો માર્યો! આકારે જોરથી ફૂંફાડો માર્યો ! તે ફરીથી વીંટળાયો ! અનિરુધ્ધે ફરી તેને હતું એટલું જોર ભેગું કરીને ધક્કો માર્યો... આ વખતે યુવતીનો આકાર હવામાં તરતો રહ્યો. તેમાંથી એક તીણો અવાજ આવ્યો : 'તું આમ નહીં માને... મારે બીજો રસ્તો અપનાવવો પડશે !'

'કયો રસ્તો ?'

'હું તારી પ્રીતીના શરીરમાં જ ઘૂસી જઈશ !'

આટલું કહેતાં જ આકાર હવામાં ઓગળી ગયો ! અને તરત જ પેલી ચાદર, જે હવામાં તરી રહી હતી તે બેડ પર પછડાઈ !

અનિરુધ્ધનું હૃદય હજી જોરજોરથી ધબકારા લઈ રહ્યું હતું... જો ખરેખર આ અતૃપ્ત આત્મા મારી પત્નીના શરીરમાં પ્રવેશી જશે તો ?

કલ્પના ધ્રુજાવનારી હતી...

■ ■ ■

પિયરથી પ્રીતી પાછી આવી ત્યારે અનિરુધ્ધે તેને આખી વાત કરી. પ્રીતી ફાટી આંખે વાત સાંભળતી રહી. પછી બોલી :

'એ પ્રતીક્ષા તો હોસ્ટેલમાં મારી બાજુની જ રૂમમાં રહેતી હતી ! અને મારી તો ખાસ બહેનપણી હતી ! એ વારંવાર તેના કોઈ પ્રેમીની કાલીઘેલી વાતો કરતી હતી.... તે પોતાના પ્રેમમાં કેટલી ગળાડૂબ છે તે સાંભળીને મને નવાઈ પણ લાગતી હતી ! પરંતુ એણે કદી એના પ્રેમીનું નામ જ નહોતું લીધું !!'

હવે અનિરુધ્ધ મુંઝવણમાં હતો. બન્ને રાત પડવાની રાહ જોતા રહ્યા...

■ ■ ■

મધરાતે બરોબર બે વાગ્યના ટકોરે પેલી ચાદર સળવળી ! અંદરથી પ્રતીક્ષાનો આકાર બહાર આવ્યો. તેણે પૂછ્યું :

'બોલો, શું નક્કી કર્યું છે, તમે ?'

અનિરુધ્ધે કહ્યું 'જો પ્રતીક્ષા, તું ગમે તે કરે, હું એક ક્ષણ માટે નહીં ભૂલી શકું કે જે શરીરને હું લપેટાઈ રહ્યો છું તેમાં પ્રીતી છે જ નહીં ! તો પછી તને જોઈએ છે એવો પ્રેમ મળશે જ ક્યાંથી ? તારો આત્મા અતૃપ્ત જ રહેશે !' 'ના !' પ્રતીક્ષા બોલી ઊઠી 'હું તૈયાર છું ! કેમકે મેં તારી પીડાને નજરોનજર જોઈ છે ! તારા દર્દને હું આજે પણ સમજી શકું છું. જો મને તે વખતે ખબર પડી હોત તો હું તારા માર્ગમાંથી ખસી જાત... પણ લે... હવે તું તારી ઇચ્છા પુરી કર !'

'મુરખ છોકરી !' આકારમાંથી તીવ્ર અવાજ આવ્યો : 'શું તને ભાન છે ? જો હું તૃપ્ત થયા વિના તારું શરીર છોડી જઈશ તો શું થશે ? તારા દિલની નસો ફાટી જશે ! તું હંમેશ માટે હાર્ટ પેશન્ટ બનીને એક જીવતી લાશ બની જઈશ !'

અનિરુધ્ધ ફફડી ઊઠ્યો. પણ પ્રીતી જરાય ડરી નહીં. તેણે કહ્યું : 'પ્રતીક્ષા, તારી પીડા શાંત થતી હોય તો હું મારી એ મામૂલી પીડા સહી લેવા તૈયાર છું !'

થોડી ક્ષણો માટે શાંતિ છવાઈ ગઈ. પછી પેલી ચાદર ધબ્બ કરતી પલંગ પર પડી ગઈ.

એક અવાજ આવ્યો :

'પ્રીતી ! મારા પ્રેમ કરતાં તારો પ્રેમ અત્યંત ઊંચો છે ! હવે વધારે કસોટીનો કોઈ અર્થ નથી. હું જાઉં છું...'

'પણ તારા આત્માની મુક્તિ ?'

'એક કામ કરજે...' હવે એ અવાજ શાંત હતો 'આ ચાદરને સ્મશાને લઈ જઈને પૂનમની રાત્રે સળગાવી દેજો...'

કહે છે કે એ પૂનમની રાત્રે સ્મશાનમાંથી થોડા આગના ભડકા દેખાયા હતા. અને દૂર દૂર સુધી કોઈ યુવતીની પીડાના પડઘા પડતા હોય એવી વિચિત્ર ચીસો સંભળાતી રહી હતી...

ઝાકળ બન્યું મોતી

અનુસંધાન

શિષ્યોએ સ્વીકારમાં ડોકું ધુણાવ્યું. લાઓ-ત્ઝે બોલ્યા, 'જુઓ, જીભ નમ્ર અને આમતેમ વળી શકે છે. એ મુખમાં રહે છે, પણ એને કોઈની સાથે ઝઘડો નથી. એની આજુબાજુ દાંતનો પહેરો હોય, તો ય એ દાંત સામે કદી દાંતિયા કાઢતી નથી. આવું શા માટે તે તમે જાણો છો ?'

શિષ્યોને કહ્યું, 'ના. ગુરુદેવ ! અમને જરા સમજાવો.'

લાઓ-ત્ઝેએ કહ્યું, 'દાંત એમના અક્કડ, કઠણ અને ગર્વિષ્ઠ સ્વભાવને કારણે પડી ગયા. દાંત એમ માનતા હતા કે તેઓ ઇચ્છે તેને ખાઈ જાય, ચાવી જાય અને ખતમ કરી શકે. વધુમાં દાંત એમ પણ માનતા હતા કે તેઓ અત્યંત મજબૂત અને કદી ઉખડે નહીં તેવા છે. એ ભલભલાને તોડી શકે, પણ એમને કોઈ પાડી શકે તેમ નથી. પરંતુ એકેએક દાંત પડી ગયા. જ્યારે વિનમ્રતા દર્શાવતી જીભ એવી ને એવી જ રહી.'

દાંતની માફક અક્કડ માનવીને ઘણીવાર ગુમાન ચડે છે અને તે તોછડો અને અભિમાની બની જાય છે. એના અહંકારમાંથી ક્રોધ જાગે છે અને ક્રોધ એના વિવેકના દીપકને ઓલવી નાખે છે. આ રીતે વ્યક્તિનો વિનાશ થવાનો હોય ત્યારે એનામાં અહંકારની વિપરિત બુદ્ધિ જાગે છે.

જો વ્યક્તિમાં નમ્રતા હોય તો એ બીજાના ગુણો જોઈ શકે છે. બીજાના સારા અંશો એને સમજાય છે. અહંકાર ચિત્તનું બારણું વાસી દે છે અને વ્યકિતની પ્રગતિનું ત્યાં પૂર્ણવિરામ આવી જાય છે. જ્યારે વિનમ્રતા એ બારણું ખુલ્લું રાખીને ભીતરમાં બીજાના હૃદયની સુવાસને આવકારે છે.

એક જ દે ચિનગારી

અનુસંધાન

હોય છે. કેવળ સ્વાર્થપૂર્ણ યાત્રા મનુષ્યને સુખશાન્તિનો માર્ગ દેખાડી શક્તી નથી. સ્વાર્થના મહોદધિમાં માણસની સદ્વૃત્તિઓ એવી રીતે વિલીન થઇ જાય છે.

ધિક્કારના બીજ વાવીને ધરતીને ધન્ય બનાવવાનું શક્ય નથી, ધિક્કારની પરણોગત કરીને જીવનને પણ ધન્યતા ન જ પ્રાપ્ત થાય.

કોઇના પ્રત્યે નફરત દાખવવી કે નજીવા કારણસર મનમાં પૂર્વગ્રહ બાંધવાથી સંબંધોમાં તિરાડ ઊભી થાય છે. પૂર્વગ્રહ એટલે બાંધેલો ખોટો મત. પક્ષપાતયુક્ત બુધ્ધિ કે મનોવલણ. અગાઉથી જ મનમાની રીતે બાંધેલું કે પકડી રાખેલું મંતવ્ય. સંબંધ, મૈત્રી, વેપાર વાણિજ્ય કે જાહેર જીવનમાં વિવિધ ક્ષેત્રો પૂર્વગ્રહના પ્રદૂષણને કારણે પરિત્રસ્ત છે. માણસ બધું છોડવા તત્પર હોય છે પણ પોતાની હઠ, વટ, જીદ, અહંકાર અને પકડી રાખેલો અસત્યભર્યો અભિપ્રાય છોડવા તૈયાર હોતો નથી.

માણસના મનની બે પ્રવૃત્તિઓ છે : સદ્વિચારોનું પાલન અને દુષ્ટ વિચારોનો મોકો મળે સંગ્રહ. સદ્વિચારો શુધ્ધ હોય છે એટલે એ વિધાયક હોય છે, જ્યારે દુર્વિચારો એ વિઘાતક હોય છે. માણસના મનને પ્રદૂષિત કરે છે. ન કરવા યોગ્ય કામો તરફ ગતિ કરાવે છે.

નકારાત્મક વિચારો એટલે કે દુવિચારો એ માત્ર પાપ નથી, પણ અનેક પાપોનું ઉદ્ભવસ્થાન છે.

સારાંશ એ જ કે શુધ્ધ રહેવા કે થવા માટે માણસ જૂના પૂર્વગ્રહયુક્ત વિચારો અને દુર્વૃતિઓનો ક્ષય કરે તો તે પોતે આપોઆપ શાંતિ અનુભવશે.

નવા વર્ષે મનને પૂર્વગ્રહ મુક્ત, વાસીપણાથી મુક્ત રાખી તરોતાજા બનવાનાં આ રહ્યા કેટલાક ઉપાયો.

૧. દરરોજ મનમાં ઊઠતી ધિક્કારની લાગણી, પૂર્વગ્રહયુક્ત વિચારસરણી ફગાવી દો અને સકારાત્મક દ્રષ્ટિકોણ કેળવો.

૨. માણસને નવા રૂપે, નવા દ્રષ્ટિકોણથી નિહાળો. દ્વેષ, ઈર્ષા કે નિંદાને જાકારો આપો.

૩. પ્રત્યેક કાર્ય ઈશ્વરે તમને સોંપેલી જવાબદારી છે, એમ સમજી કામને પતાવવા નહીં પણ દીપાવવાનો સંકલ્પ કરો.

૪. જીવનને વહેતું રાખો. સર્વજનોને તમારા પ્રેમના બિનશરતી અધિકારી બનાવો.

૫. નવા સ્વીકારવા જેવા વિચારોનું જતન અને માવજત કરો.

૬. તમારા દિમાગને સાંકડું ન રાખો, વિચારશીલ અને વિશાળ બનાવો.

૭. દરેક વ્યક્તિ તરફ સહાનુભૂતિ દર્શાવો. વેર સમાપ્ત કરવા માટે નમ્રતા અને મૈત્રીપૂર્ણ હાથ લંબાવવામાં કે માફી માગવામાં નાનમ માનશો નહીં.

૮. જીવન, જગત અને ઈશ્વર તરફ આદરભાવ કેળવો. તમારું નાનું મોટું કામ કરી આપનાર પ્રત્યેક ધન્યવાદની ભાવના કેળવો.

૯. જીદ, વટ, હઠ, અહંકાર અને માનસિક સંકીર્ણતા ત્યજી તમારામાં રહેલી માનવતાને ખીલવા દો.

સેલિબ્રેશન

અનુસંધાન

દરેક પેકેટ પર ઉત્પાદનની તારીખ, ઉપયોગ કરવાની છેલ્લી તારીખ, દૂધનો પ્રકાર અને અન્ય જરૂરી વિગતો છાપવામાં આવે છે.

પરંતુ દૂધની થેલી પેક થઈ ગઈ એટલે તેની જવાબદારી પૂરી થઈ જતી નથી. પાશ્ચ્યુરાઈઝ્ડ દૂધને પેકિંગ પછી પણ ઠંડકમાં રાખવું પડે છે. ડેરીના કોલ્ડ સ્ટોરેજથી લઈને વિતરણ વાહન અને દૂધના પાર્લર સુધી તેની ઠંડક જાળવવી જરૂરી છે. ત્યારબાદ જ તે ગ્રાહકના હાથમાં પહોંચે છે. ગ્રાહકે પણ દૂધ ખરીદ્યા પછી તેને સમયસર રેફ્રિજરેટરમાં રાખવું જોઈએ અને પેકેટ પર આપેલી સૂચનાઓનું પાલન કરવું જોઈએ. દૂધની ગુણવત્તા જાળવવામાં ઉત્પાદનથી લઈને ઘર સુધીની આ આખી ઠંડકની સાંકળ અત્યંત મહત્ત્વની છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના જણાવ્યા પ્રમાણે પાશ્ચ્યુરાઈઝ્ડ દૂધને ઠંડું રાખવું તેની સલામતી અને ગુણવત્તા જાળવવા માટે જરૂરી છે.

દૂધની આ આખી વ્યવસ્થા સમજ્યા પછી એક સવાલ થાય કે આટલા મોટા પાયે દૂધનું ઉત્પાદન, સંગ્રહ, પ્રોસેસિંગ અને વિતરણ કરવાની વ્યવસ્થા ભારતમાં ઊભી કેવી રીતે થઈ? તેનો જવાબ છે સહકારી દૂધ ચળવળ અને શ્વેત ક્રાંતિ.

ભારતના ડેરી ઉદ્યોગની વાત આવે ત્યારે ડો. વર્ગીસ કુરિયનનું નામ લીધા વિના આ સફર અધૂરી રહે. તેમને ભારતની શ્વેત ક્રાંતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે. ૨૬ નવેમ્બર, ૧૯૨૧ના રોજ જન્મેલા ડો. કુરિયને ખેડૂતોને દૂધના વ્યવસાયમાં સંગઠિત કરીને સહકારી મોડલને નવી ઊંચાઈ આપી હતી. ગુજરાતના આણંદથી શરૂ થયેલી સહકારી દૂધ ચળવળે દેશના ડેરી ક્ષેત્રની દિશા બદલી નાખી. વર્ષ ૧૯૭૦માં શરૂ થયેલી ઓપરેશન ફ્લડ યોજનાએ દૂધના ઉત્પાદન અને વિતરણને રાષ્ટ્રીય સ્તરે નવી ગતિ આપી. ભારત દૂધની અછત ધરાવતા દેશમાંથી વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશ તરીકે ઊભરી આવ્યું.

આ જ યાત્રામાં અમૂલનું નામ વિશ્વસ્તરે પ્રખ્યાત બન્યું. ગુજરાતના લાખો પશુપાલકોની મહેનત અને સહકારી વ્યવસ્થાના આધારે ઊભી થયેલી આ સંસ્થાએ સાબિત કર્યું કે ગામડાના નાના પશુપાલકને પણ યોગ્ય વ્યવસ્થા, ટેકનોલોજી અને બજાર મળે તો તે દેશના અર્થતંત્રમાં મોટું યોગદાન આપી શકે છે. આજે ગુજરાતની સહકારી દૂધ વ્યવસ્થા માત્ર દૂધ વેચવા પૂરતી સીમિત નથી. દૂધમાંથી માખણ, ઘી, પનીર, ચીઝ, દહીં, છાશ, આઈસ્ક્રીમ અને અનેક મૂલ્યવર્ધિત ઉત્પાદનો તૈયાર થાય છે. આમ, દૂધનું એક ટીપું પણ અનેક પ્રકારના વ્યવસાય અને રોજગારીનું માધ્યમ બને છે.

ભારતના ડેરી ક્ષેત્રની વિશાળતા સમજવા માટે એક આંકડો પૂરતો છે. કેન્દ્ર સરકારના ૨૦૨૫ના રાષ્ટ્રીય દૂધ દિવસ અંગેના અહેવાલ મુજબ દેશના ડેરી ક્ષેત્ર સાથે આઠ કરોડથી વધુ ખેડૂતો પ્રત્યક્ષ રીતે જોડાયેલા છે. છેલ્લા ૧૧ વર્ષમાં આ ક્ષેત્રમાં લગભગ ૭૦ ટકાનો વિકાસ નોંધાયો છે અને દેશના અર્થતંત્રમાં તેનો હિસ્સો આશરે પાંચ ટકા જેટલો છે. ખાસ વાત એ છે કે દૂધ ઉત્પાદન અને સંગ્રહની કામગીરીમાં મહિલાઓની ભૂમિકા પણ અત્યંત મહત્ત્વની છે. ગામડાંમાં અનેક પરિવારો માટે પશુપાલન મહિલાઓની આર્થિક સ્વતંત્રતાનું માધ્યમ બન્યું છે.

આજે દૂધની એક થેલી આપણા હાથમાં આવે છે ત્યારે તેની કિંમત માત્ર તેના વેચાણમૂલ્યથી નક્કી થતી નથી. તેની પાછળ પશુપાલકની વહેલી સવાર, પશુની સંભાળ, દૂધ મંડળીની તપાસ, ચિલિંગ સેન્ટરની ટેકનોલોજી, ટેન્કર ચાલકની મુસાફરી, ડેરીના કર્મચારીઓની ચોકસાઈ, પેકિંગ મશીનની કામગીરી અને દૂધ વિક્રેતાની મહેનત જોડાયેલી છે. આ દરેક કડીમાંથી એક પણ કડી નબળી પડે તો દૂધની ગુણવત્તા અને ગ્રાહક સુધી પહોંચવાની વ્યવસ્થા પર અસર થઈ શકે છે.

એટલે જ રાષ્ટ્રીય દૂધ દિવસ માત્ર દૂધ પીવાના પોષણલક્ષી મહત્ત્વને યાદ કરવાનો દિવસ નથી. આ દિવસ એ લાખો પશુપાલકો, ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓની મહેનતને સલામ કરવાનો પણ અવસર છે. આપણે દરરોજ ચા બનાવતી વખતે કે બાળકના ગ્લાસમાં દૂધ ભરતી વખતે કદાચ આ આખી સફર યાદ ન કરીએ, પરંતુ દૂધની દરેક થેલી પાછળ એક મોટું અર્થતંત્ર ધબકે છે. તબેલામાંથી શરૂ થયેલી આ સફર જ્યારે આપણા રસોડા સુધી પહોંચે છે ત્યારે તેની સાથે માત્ર દૂધ નહીં, પરંતુ લાખો પરિવારોની આશા, પરિશ્રમ અને દેશની સહકારી શક્તિ ને શ્રેય જાય છે...

ટોપ્સીટર્વી

અનુસંધાન

એવું મહેનતાણું પણ વસૂલ કર્યું હતું એમ કહેવાય છે. ઓલ્ગાએ અત્યાર સુધીમાં બે વાર લગ્ન કર્યા છે અને હાલ એને દસ વર્ષની એક પુત્રી છે. લવ થિયરી અને વ્હીસ્પરીંગ વીથ ઓલ્ગા નામે એણે ટીવી રિયાલિટી શો કર્યા છે જે વાસ્તવમાં પોર્ન ક્લીપ્સ છૂપાવવાના ભાગ રૂપે ટેલિવિઝન પર રજૂ થયા હતા એવો આક્ષેપ હવે થઈ રહ્યો છે.

પુટિન વધુ ઉશ્કેરાયા એનું એક કારણ એ પણ છે કે ઓલ્ગાએ ગયા વરસે મોસ્કોની શેરીઓમાં સંપૂર્ણ નગ્નવસ્થામાં પરેડ કરી હતી. એના આ પગલાએ ખળભળાટ મચાવી દીધો હતો. હજારો યુવાનોએ એ નેકેડ પરેડની વિડિયો ઊતારી હતી અને ટોળાને કાબુમાં રાખવા પોલીસના પગે પરસેવો ઊતર્યો હતો. એક તરફ યુક્રેન સાથેનું યુદ્ધ વણસી રહ્યું હોય ત્યારે યુવાનોને પાગલ કરવા માટેનું ઓલ્ગાનું આ પગલું પુટિનને કોઈ રીતે સ્વીકાર્ય નહોતું. ઓલ્ગાની લોકપ્રિયતા જોતાં પુટિન એની ધરપકડનું જોખમ લેવા માગતા નહોતા. જો કે એના પર કાયદેસરના કેસ લાદ્યા હોવા છતાં મિડિયા રિપોર્ટ મુજબ હજુ સુધી ઓલ્ગા સામે કોઈ પુરાવો ફરિયાદ પક્ષ (પુટિન વહીવટી તંત્ર) રજૂ કરી શક્યો નથી. અત્યારે તો ઓલ્ગા બેધડક બહાર ફરે છે. પણ એની સામેનો કેસ પુરવાર થશે તો એણે કમ સે કમ છ વર્ષ સખત મજૂરીની જેલની સજા ભોગવવી પડશે.

વેદના-સંવેદના

અનુસંધાન

હું મારા દર્દીનો માણસ છું. મને તમારી તપાસ કરવા દો.'

'દૂર રહો! નજીક આવશો તો સારું નહીં થાય. આ રેશ્મા નથી. આ સંતોષ મહાજન છે. એને કોઈ બનાવી નહીં શકે!'

મેં ફરી સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'મને તમારી તબિયતની ચિંતા છે. હું માત્ર બ્લડપ્રેશર માપવા માગું છું.' 'આવી તરકીબો મારી આગળ નહીં ચાલે!'

રેશ્માને સમજાવવાના મારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. તેની વાતોનું ભાષાંતર કરી રહેલા મરાઠીભાષી ભાઈએ તેની સાથે લાંબી વાતચીત કરી. સાંગલીમાં ક્યાં રહે છે, શું કામ કરે છે, કોને ઓળખે છે વગેરે અનેક પ્રશ્નો પૂછ્યા. રેશ્માએ દરેક પ્રશ્નનો જવાબ મરાઠીમાં આપ્યો. પરંતુ પછી જે માહિતી મળી તેણે આ ઘટનાને વધારે રહસ્યમય બનાવી દીધી. સાંગલીમાં રેશ્માએ જણાવેલા સ્થળે સંતોષ મહાજન નામનો એક યુવક ખરેખર રહેતો હતો અને છેલ્લા પાંચ વર્ષથી લાપત્તા હતો! હવે તો પરિવારજનોના મનમાં નવા પ્રશ્નો ઊભા થયા.

શું સંતોષ મહાજનનું મૃત્યુ થઈ ગયું હશે? શું તેનો આત્મા રેશ્માના શરીરમાં પ્રવેશી ગયો હશે? શું કોઈ અધૂરો બદલો લેવા માટે તે પાછો આવ્યો હશે? આવા અનેક પ્રશ્નો પૂછાતા હતા. ચર્ચાઓ ચાલતી હતી. તર્કો અને ધારણાઓ રજૂ થતાં હતાં.

એ સમયે મારી પાસે પણ દરેક પ્રશ્નનો સ્પષ્ટ જવાબ નહોતો. રેશ્માને મરાઠી ભાષાનું જ્ઞાન ક્યાંથી મળ્યું, સંતોષ મહાજન વિશેની માહિતી તેને કેવી રીતે પ્રાપ્ત થઈ અને

દિવસના મંત્ર, રાતના મંત્ર

શું મંત્રજાપ માટે સમય ખરેખર મહત્વનો છે?



મંત્રસાધનામાં ધ્વનિ અને ભાવ જેટલું જ મહત્વ 'કાળ' એટલે કે સમયનું આંકવામાં આવ્યું છે. ભારતીય પરંપરામાં સમય માત્ર ઘડિયાળના કાંટા નથી, પરંતુ પ્રકૃતિ, સૌરમંડળ અને મનુષ્યના જૈવિક ચક્ર (બાયોલોજિકલ ક્લોક) વચ્ચેનો એક લયબદ્ધ તાલમેલ છે. પ્રકૃતિમાં પ્રત્યેક પ્રહરે ત્રિગુણ-સત્વ, રજસ અને તમસ-નું પ્રમાણ બદલાય છે. આ જ કારણ છે કે દિવસના વિવિધ ભાગો અને ચંદ્રની કળાઓ સાથે ચોક્કસ મંત્રો અને સાધનાઓ જોડાયેલી છે.

૧. બ્રહ્મમુહૂર્તઃ સત્ત્વગુણ અને આત્મજ્ઞાનનો સમય

સમયગાળોઃ સૂર્યોદયના લગભગ દોઢ કલાક (૯૬ મિનિટ) પહેલાંનો સમય, સામાન્ય રીતે સવારે ૪ થી ૫.૩૦ વચ્ચે.

પ્રકૃતિ અને મનોસ્થિતિઃ આ સમયે વાતાવરણમાં શુદ્ધતા અને શાંતિ ચરમસીમાએ હોય છે. પ્રકૃતિમાં 'સત્વગુણ' સર્વોચ્ચ સ્તરે હોય છે અને માનસિક પ્રદૂષણ લઘુત્તમ હોય છે.

અનુકૂળ મંત્રોઃ ગાયત્રી મહામંત્રઃ સૂર્ય અને સવિતા દેવનું તેજ ગ્રહણ કરવા માટે આ સમય સર્વોત્તમ છે.

ઈષ્ટદેવના સ્મરણ અને ધ્યાનના મંત્રોઃ આત્મસાક્ષાત્કાર, ધ્યાન અને બુદ્ધિના વિકાસ માટેના વેદમંત્રો આ કાળમાં સૌથી ઝડપથી મનમાં સ્થિર થાય છે. મગજ આ સમયે ગાઢ ઊંઘમાંથી જાગૃત અવસ્થામાં પ્રવેશતું હોવાથી આલ્ફા અને થિટા તરંગો સક્રિય હોય છે, જેથી મંત્રની છાપ અર્ધજાગ્રત મન પર ઊંડી પડે છે.

બ્રહ્મમુહૂર્ત એટલે સૂર્યોદયના લગભગ દોઢ કલાક (૯૬ મિનિટ) પહેલાંનો, સામાન્ય રીતે સવારે ૪ થી ૫.૩૦ વચ્ચે સમય. આ સમયગાળામાં વાતાવરણમાં શુદ્ધતા અને શાંતિ ચરમસીમાએ હોય છે. પ્રકૃતિમાં 'સત્વગુણ' સર્વોચ્ચ સ્તરે હોય છે અને માનસિક પ્રદૂષણ લઘુત્તમ હોય છે

૨. સંધ્યાકાળ (ત્રિકાળ સંધ્યા): સંક્રાંતિ અને સંતુલન

સમયગાળોઃ પ્રાતઃ સંધ્યા (દિવસ અને રાત્રિનો સંગમ), મધ્યાહ્ન સંધ્યા (બપોરે ૧૨ વાગ્યે) અને સાયં સંધ્યા (સૂર્યાસ્તનો સમય).

પ્રકૃતિ અને મનોસ્થિતિઃ સંધ્યા એટલે બે વિરોધાભાસી સ્થિતિઓનું મળવું-અજવાળું અને અંધકાર. આ સમયે શરીરની પ્રાણશક્તિ બંને નાસિકાઓ (ઈડા અને પિંગળા) વચ્ચે સંતુલિત થઈને સુષુમ્ણા નાડીમાં પ્રવેશે તેવી કુદરતી શક્યતા રહે છે.

અનુકૂળ મંત્રોઃ સૂર્ય ઉપાસના અને સંધ્યાવંદન મંત્રોઃ અર્ઘ્ય આપવા અને માનસિક સંતુલન સાધવા માટે.

રક્ષણાત્મક મંત્રોઃ હનુમાન ચાલીસા, સંકટમોચન સ્તોત્ર કે શિવ ષડાક્ષરી મંત્ર. સાયંકાળે રજોગુણ અને તમોગુણનું મિશ્રણ શરૂ થતું હોવાથી મનને સ્થિર રાખવા સાયં સંધ્યાએ દીવો પ્રગટાવી નામસ્મરણ શ્રેષ્ઠ ગણાય છે.

૩. મધરાત્રીઃ ગૂઢ અને આંતરિક ઊર્જા

સમયગાળોઃ રાત્રે ૧૧.૩૦ થી ૧.૩૦ વચ્ચેનો સમય.

પ્રકૃતિ અને મનોસ્થિતિઃ આ સમયે બાહ્ય જગત સુષુપ્ત હોય છે અને ભૌતિક પ્રવૃત્તિઓ અટકી જાય છે. વાતાવરણમાં 'તમોગુણ' પ્રબળ હોય છે, પરંતુ સાધક માટે તમસ એ ઊંડી એકાગ્રતા અને શૂન્યતા તરફ જવાનું માધ્યમ બને છે.

અનુકૂળ મંત્રોઃ શિવ અને ભૈરવ ઉપાસનાઃ સંહારક અને પરિવર્તનકારી શક્તિઓની સાધના.

તાંત્રિક અને બીજમંત્રોઃ કુંડલિની જાગરણ, ગુપ્ત વિદ્યાઓ કે ઊંડા માનસિક અવરોધોને તોડવા માટે મધરાતનો સમય શાક્ત અને અઘોર પરંપરામાં પસંદ કરવામાં આવે છે. આ સમયે બાહ્ય વિક્ષેપ શૂન્ય હોવાથી અવાજ વગરનો માનસિક જાપ (અજપા જપ) ખૂબ પ્રભાવશાળી બને છે.

૪. અમાવસ્યા અને પૂનમઃ ચંદ્ર ચક્ર અને ચેતનાનો પ્રભાવ

ચંદ્ર માનવ મન અને જળતત્ત્વનો કારક છે (ચંદ્રમા મનસો જાતઃ). સમુદ્રમાં આવતી ભરતી-ઓટની જેમ માનવ શરીરમાં રહેલા જળ અને ભાવનાઓ પર આ તિથિઓની પ્રત્યક્ષ અસર થાય છે.

પૂર્ણિમા (ચંદ્રની પૂર્ણતા)ઃ આ સમયે ચેતના અને ભાવનાઓ ઊભરાય છે. મનની ઊર્જા ઉચ્ચ સ્તરે હોય છે.

સાધનાઃ શ્રીવિદ્યા, મહાલક્ષ્મી સાધના, ચંદ્ર મંત્ર અને સૌમ્ય વિષ્ણુ સહસ્રનામ જેવા મંત્રો માટે આ ઉત્તમ દિવસ છે. મનને શાંતિ, શીતળતા અને પૂર્ણતા તરફ લઈ જવા પૂર્ણિમાએ કરેલો જાપ માનસિક સ્વાસ્થ્ય માટે ઔષધિ સમાન કામ કરે છે.

અમાવસ્યા (ચંદ્રની શૂન્યતા)ઃ આ સમયે ચંદ્ર સંપૂર્ણ અદ્રશ્ય હોય છે, જે મનની ઊંડી શૂન્યતા અને અંતર્મુખી સ્થિતિનું પ્રતીક છે.

સાધનાઃ પિતૃતર્પણ, મોક્ષદાયક સાધનાઓ તેમજ કાલી અને રુદ્ર જેવા તીવ્ર મંત્રો માટે અમાવસ્યાનું વિશેષ મહત્વ છે. આ દિવસે નકારાત્મક ઊર્જા, ભય અને માનસિક ગ્રંથિઓનું વિસર્જન કરવા માટે મંત્રજાપ કરવામાં આવે છે.

શું સમયપાલન ખરેખર અનિવાર્ય છે?

સમયનું બંધન સાધકની સાધનાની કક્ષા પર આધાર રાખે છે. પ્રારંભિક અને મધ્યમ સાધકો માટે સમય અત્યંત મહત્વનો છે. જેમ યોગ્ય સમયે વાવેલું બીજ ઝડપથી ઊગે છે, તેમ બ્રહ્મમુહૂર્ત કે સંધ્યાકાળે કુદરતી વાતાવરણનો સહારો મળવાથી મન ઝડપથી એકાગ્ર થાય છે અને પરિણામ વહેલું મળે છે.

નિષ્કામ ભક્ત માટે જો ઉદ્દેશ્ય માત્ર ઈશ્વરપ્રેમ અને ચિત્તશુદ્ધિ હોય, તો કબીર, મીરાં કે નરસિંહ મહેતાની જેમ 'હર ઘડી, હર પળ' મંત્ર માટે ઉત્તમ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર જે સતત અનન્ય ભાવે સ્મરણ કરે છે, તેના માટે કાળના સીમાડા ઓગળી જાય છે.

સમય એ મંત્ર માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરી આપે છે, પરંતુ અંતિમ પ્રભાવ સાધકની શ્રદ્ધા, ઉચ્ચારણની શુદ્ધતા અને મનની એકાગ્રતા પર જ નિર્ભર કરે છે.

હું ડૂબી રહ્યો છું... મને બચાવો!



કલ્પના કરો કે તમે નદીના કિનારે ઊભા છો. અચાનક પગ લપસે છે અને તમે ઊંડા પાણીમાં પડી જાઓ છો. પાણીનો પ્રવાહ તમને ખેંચી રહ્યો છે. તમે હાથપગ મારતા ઉપર આવવાનો પ્રયાસ કરો છો, પરંતુ શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. ક્યારેક તો તમને એવું લાગે છે કે હવે તમે સપાટી સુધી પહોંચી જ નહીં શકો. બરાબર એ જ ક્ષણે તમારી આંખ ખુલી જાય છે. હૃદય ઝડપથી ધબકતું હોય છે અને તમે થોડા સમય સુધી એ ભયાનક અનુભવમાંથી બહાર આવી શકતા નથી.

સ્વપ્નલોક

પાણીમાં ડૂબી જવાનું કે પાણીની અંદર શ્વાસ માટે તરફડિયાં મારી રહ્યા હોય તેવું સપનું સ્વપ્ન ઘણાને આવે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આવાં સ્વપ્નોનો સંબંધ ઘણીવાર લાગણીઓના ભાર, તણાવ, અસહાયતા કે જીવનની કોઈ પરિસ્થિતિમાં ફસાઈ ગયાની લાગણી સાથે હોઈ શકે છે.

કદાચ આ સ્વપ્ન આપણને એટલું જ કહેવા માગે છે કે જીવનના પ્રવાહમાં તણાઈ જવાને બદલે ક્યારેક થોભો, શ્વાસ લો અને મદદનો હાથ સ્વીકારો. દરેક વખતે તરતા રહેવું જરૂરી નથી... ક્યારેક કિનારે પહોંચવા માટે દિશા બદલવી પડે છે

આ સ્વપ્નનો અર્થ શું હોઈ શકે?

સ્વપ્નોના અર્થઘટનમાં પાણી ઘણીવાર લાગણીઓનું પ્રતીક માનવામાં આવે છે. શાંત પાણી મનની શાંતિ સૂચવી શકે છે, જ્યારે તોફાની કે ઊંડું પાણી લાગણીઓની ગૂંચવણ અથવા અનિશ્ચિતતાનું પ્રતીક બની શકે છે. આ એક સંભવિત મનોવૈજ્ઞાનિક અર્થઘટન છે, કોઈ વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલો નિયમ નથી.

જો તમે વાસ્તવિક જીવનમાં કામના ભાર, પારિવારિક જવાબદારીઓ, સંબંધોની મુશ્કેલીઓ કે આર્થિક ચિંતાઓથી ઘેરાયેલા હો, તો ડૂબી જવાનું સ્વપ્ન તમારી અંદર અનુભવાતી લાચારીનું પ્રતિબિંબ હોઈ શકે છે. જાણે પરિસ્થિતિ તમારા નિયંત્રણની બહાર જઈ રહી હોય અને તમે તેમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી ન શકતા હો.

ક્યારેક આ સ્વપ્ન દબાવી રાખેલી લાગણીઓ સાથે પણ જોડાયેલું હોઈ શકે છે. કદાચ તમે કોઈ વાતથી દુઃખી છો, ગુસ્સે છો કે ચિંતિત છો, પરંતુ કોઈની સામે વ્યક્ત કરી શકતા નથી. આવી લાગણીઓ મનમાં એકઠી થતી રહે અને સ્વપ્નમાં પાણીના પ્રવાહ કે ડૂબી જવાની છબી તરીકે પ્રગટે, એવું અર્થઘટન કરવામાં આવે છે.

સ્વપ્નનાં વિવિધ પ્રકારો

ઊંડા સમુદ્રમાં ડૂબી જવુંઃ ચારે તરફ પાણી જ પાણી છે અને કિનારો દેખાતો નથી. આ અજાણ્યા ભવિષ્ય, અનિશ્ચિતતા અથવા જીવનમાં નિયંત્રણ ગુમાવ્યાની લાગણી સાથે જોડાયેલું હોઈ શકે છે.

નદીના તેજ પ્રવાહમાં તણાઈ જવુંઃ પાણીનો પ્રવાહ તમને પોતાની સાથે ખેંચી જાય છે. તમે રોકાવા માગો છો, પણ રોકાઈ શકતા નથી. આ જીવનની એવી પરિસ્થિતિ દર્શાવી શકે છે જેમાં ઘટનાઓ તમારી ઇચ્છા કરતાં વધુ ઝડપથી આગળ વધી રહી હોય.

પાણીની અંદર શ્વાસ ન લઈ શકવોઃ તમે સપાટી પર આવવા માટે તરફડો છો, પરંતુ શ્વાસ લઈ શકતા નથી. આ દબાણ, ગૂંગળામણ કે પોતાની વાત વ્યક્ત ન કરી શકવાની લાગણીનું પ્રતીક હોઈ શકે છે.

કોઈને ડૂબતું જોવુંઃ સ્વપ્નમાં કોઈ નજીકની વ્યક્તિ પાણીમાં ડૂબી રહી છે અને તમે તેને બચાવી શકતા નથી. આ તેના માટેની ચિંતા, જવાબદારીની લાગણી અથવા કોઈની મદદ ન કરી શકવાની લાચારી દર્શાવી શકે છે.

ડૂબ્યા પછી બચી જવુંઃ તમે પાણીમાં ડૂબો છો, પરંતુ આખરે બહાર નીકળી આવો છો. આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવવાની આશા, સંઘર્ષ કરવાની શક્તિ કે નવી શરૂઆતની ઇચ્છા સાથે જોડાયેલું હોઈ શકે છે.

સ્વચ્છ અને ગંદા પાણીમાં ડૂબવુંઃ સ્વચ્છ પાણીમાં ડૂબવાનો અનુભવ અને કાદવવાળા કે ગંદા પાણીમાં ફસાવાનો અનુભવ અલગ લાગણીઓ જગાવી શકે છે. ગંદું પાણી ક્યારેક ગૂંચવણ, અણગમતી પરિસ્થિતિ કે માનસિક અસ્વસ્થતાનું પ્રતીક બની શકે છે.

ડૂબી જવાનું સ્વપ્ન આવવાથી વાસ્તવિક જીવનમાં ડૂબી જવાની કે કોઈ અનિષ્ટ થવાની આગાહી થતી નથી. સ્વપ્નને ભવિષ્યવાણી માનવાને બદલે પોતાની અંદરની લાગણીઓ સમજવાની એક તક તરીકે જોવું વધુ યોગ્ય છે

આ સ્વપ્નમાંથી શું શીખી શકાય?

આ સ્વપ્નનો સૌથી ઉપયોગી સંદેશ કદાચ એ છે કે દરેક મુશ્કેલીનો સામનો એકલા હાથે કરવાનો પ્રયત્ન જરૂરી નથી. શું તમે જીવનમાં એટલી બધી જવાબદારીઓ ઉપાડી લીધી છે કે હવે શ્વાસ લેવાની પણ ફુરસદ નથી? શું કોઈ સંબંધ, કામ કે પરિસ્થિતિ તમને માનસિક રીતે ગૂંગળાવી રહી છે? શું તમે તમારી લાગણીઓ વ્યક્ત કરવાને બદલે અંદર જ દબાવી રાખો છો?

આવા પ્રશ્નો પર વિચાર કરવો ઉપયોગી બની શકે છે. જો સ્વપ્ન વારંવાર આવે, તો તેની સાથે જોડાયેલી લાગણીઓ અને જીવનમાં ચાલી રહેલી ઘટનાઓની નોંધ રાખી શકાય છે. વારંવાર આવતાં ભયાનક સ્વપ્નો ઊંઘને અસર કરતા હોય તો નિષ્ણાતની સલાહ પણ લઈ શકાય.

એક વાત ખાસ યાદ રાખવી- ડૂબી જવાનું સ્વપ્ન આવવાથી વાસ્તવિક જીવનમાં ડૂબી જવાની કે કોઈ અનિષ્ટ થવાની આગાહી થતી નથી. સ્વપ્નને ભવિષ્યવાણી માનવાને બદલે પોતાની અંદરની લાગણીઓ સમજવાની એક તક તરીકે જોવું વધુ યોગ્ય છે.

કદાચ આ સ્વપ્ન આપણને એટલું જ કહેવા માગે છે કે જીવનના પ્રવાહમાં તણાઈ જવાને બદલે ક્યારેક થોભો, શ્વાસ લો અને મદદનો હાથ સ્વીકારો. દરેક વખતે તરતા રહેવું જરૂરી નથી... ક્યારેક કિનારે પહોંચવા માટે દિશા બદલવી પડે છે.

Health is Wealth

દિવેલના અસરકારક પ્રયોગો

એરંડિયાનો પાક વર્ષા ઋતુમાં થાય છે. એના મૂળિયા, છાલ, પાંદડા, બિયાં તથા તેનું તેલ પણ ઉપયોગી છે. આ બધું જ ઔષધી બનાવવાના ઉપયોગમાં આવે છે. ઘરેલુ ઉપચાર માટે તે અતિ ઉપયોગી છે. તેના વૃક્ષ સમસ્ત ભારતમાં ઉગે છે. એરંડા બે પ્રકારના હોય છે. સફેદ તથા લાલ.

પેટમાં વાયુ ભરાવવાને કારણે દુખાવો થાય ત્યારે એરંડિયુ લાભ કરે છે. બે ચમચી એરંડિયાને ગરમ દૂધમાં ભેળવી પીવાથી ફાયદો કરે છે

ધોળો એરંડો તીખો, તીક્ષ્ણ, ગરમ, મધુર, કટુ, જડ, સ્વાદુ છે. તથા વાયુ કોઢ, બદ, ગુલ્મ, બરોળ, આમપિત્ત, પ્રમેહ, ઉષ્ણતા, વાતરક્ત, મેદ અને અંડવૃધ્ધિનો નાશ કરે છે.

રાતો એરંડો તૂરો, રસકાળે તીખો, લઘુ અને કડવો છે. તથા વાયુ, કફ, દમ, ઉધરસ, કૃમિ, રક્તદોષ, પાંડુ, અરૂચિનો નાશ કરે છે. બંનેનાં પાંદડા વાતપિત્તને વધારનાર અને મુત્રકૃચ્છનો નાશ કરે છે.

વળી રક્તદોષ તથા પિત્તને વધારે છે. એનાં બિયાંના ગોળા અગ્નિદીપક, અતિ ઉષ્ણ, તીખા, મીઠા, ખારા, સ્નિગ્ધ, મલભેદક અને લઘુ છે. તથા ગુલ્મ, શૂળ, કફ, યકૃત, વાતોદરનો નાશ કરે છે. એરંડા તેલ એટલે કે એરંડિયુ મધુર, ઉષ્ણ, ગુરુ, રૂચિકર, સ્નિગ્ધ અને કડવું છે તથા બદ, ઉદરરોગ, ગુલ્મ, વાયુ, કફ, સોજો, વિષમજવર અને કમર, પીઠ, પેટ ગુદાના શૂળનો નાશ કરે છે.

એરંડાના ફાયદા



મલાવરોધ : કબજિયાત દૂર કરવામાં એરંડિયુ રામબાણ ઈલાજ છે. રાત્રે સુતી વખતે બે ચમચી એરંડિયુ પીવાથી મળ સાફ આવે છે.

વાયુ : પેટમાં વાયુ ભરાવવાને કારણે દુખાવો થાય ત્યારે એરંડિયુ લાભ કરે છે. બે ચમચી એરંડિયાને ગરમ દૂધમાં ભેળવી પીવાથી ફાયદો કરે છે.

હરસ : હરસ બહાર નીકળી ગયા હોય તો નિયમિત એરંડિયુ લગાડવાથી સૂકાઈ જાય છે. ઉપરાંત દુખાવામાં પણ રાહત થાય છે. કબજિયાતની તકલીફ રહેતી હોવાને કારણે પણ હરસ થાય છે. કબજિયાત દૂર કરવાથી હરસને કારણે મળ ત્યાગ વખતે તકલીફ થશે નહિ.

સાંધાનાં સોજો

સાંધામાં સોજો આવી જાય તો એરંડાના પાન પર થોડું એરંડિયુ અથવા સરસવ તેલ લગાડી ગરમ કરી સોજા પર લગાડી શકાય. ઉપરાંત સોજાના સ્થાન પર કપડું બાંધી દેવું. નિયમિત આ પ્રયોગ કરવાથી દુખાવા તથા સોજામાંથી રાહત મળશે.

યોનિ શૂલ : રૂના પુમડાંને એરંડિયામાં પલાળી રાતના સુવાના સમયે યોનિમાં રાખવાથી શૂલમાં લાભ થાય છે. આવશ્યક્તાનુસાર થોડા દિવસ સુધી નિયમિત પ્રયોગ કરવો.

પાયોરિયા : એરંડિયું પાયોરિયાને દૂર કરે છે. એરંડિયામાં થોડું કપૂર ભેળવી નિયમિત સવાર-સાંજ પેઢા પર ઘસવાથી પાયોરિયામાં લાભ થાય છે.

નેત્ર : આંખમાં માટી, કચરો, ધુમાડાથી તકલીફ થાય તે સમયે એરંડિયાનું એક ટીપું આંખમાં નાખવાથી રાહત થાય છે.

એડીની ત્વચા ફાટવી : પગની એડીની ત્વચા ફાટે ત્યારે એરંડિયુ લાભ કરે છે. એરંડિયુ લગાડ્યા પૂર્વે પગને ગરમ પાણીથી ધોવા અથવા તો પાંચ મિનિટ સુધી હુંફાળા પાણીમાં ડુબાડી રાખવા, ત્યાર બાદ એરંડિયું લગાડવાથી ફાયદો થાય છે.

વાયુ વિકાર : વાયુ વિકારથી થતા પેટના વિકાર, કમરનો દુખાવામાં રાહત કરે છે. એરંડાના બિયાની પેશી ૧૦ ગ્રામ વાટી તેમાં પા લીટર દૂધ તથા તેના કરતાં અડધુ પાણી તેમાં ભેળવી પાણી બળી જાય અને દૂધ રહે ત્યાં સુધી ઉકાળવું ત્યાર બાદ તેમાં સાકર ભેળવી સાંજે પીવું.

સ્તનની નીપલ ફાટે ત્યારે : સ્ત્રીઓના સ્તનની નીપલ ફાટે ત્યારે તેના પર એરંડિયું લગાડવાથી લાભ થાય છે. દિવસમાં ત્રણ ચાર વખત લગાડવું અને આવશ્યક્તાનુસાર ત્રણ ચાર દિવસ સુધી પ્રયોગ કરી શકાય. સ્તનની નીપલ અંદરની તરફ હોય તો એરંડિયાથી માલિશ કરવાથી ફાયદો જણાશે.

જખમ : માર લાગવાને કારણે ઘામાંથી રક્ત વહેતું હોય તો એરંડિયું લગાડી પાટો બાંધવાથી લાભ થાય છે.

જાણો તલના તેલના ઔષધીય ઉપયોગો

(લેખ-૧)

તલને સંસ્કૃતમાં તિલા અને અંગ્રેજીમાં સિસેમ કહેવાય. સફેદ અને કાળા એમ બે પ્રકારના તલ બજારમાં ઉપલબ્ધ છે. પ્રોટીન અને કેલ્શિયમ જેવા તત્ત્વોનું પ્રમાણ કાળા તલમાં વધુ હોઈ એ ગુણવત્તાની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે.

આહારશાસ્ત્રની દૃષ્ટિએ અન્ય તેલોની સરખામણીએ તૈલેષુ તિલોઘ્તમ શ્રેષ્ઠમ્ એટલે કે તેલોમાં તલનું તેલ શ્રેષ્ઠ મનાય છે. શિયાળાની ઋતુમાં તલનું તેલ રોજ ખાવા લાયક છે. તલ અને તલના તેલના પારાવાર ઔષધીય ઉપયોગોમાંથી કેટલાક-

આરોગ્ય સંપદા
વિસ્મય ઠાકર

ધમનીઓની કઠણાઈ (એથરોસ્ક્લેરોસીસ) : તબીબી તપાસ દ્વારા ક્યારેક દર્દીને જાણ થાય છે કે, એમની ધમનીઓ કઠણ થઈ ગઈ છે. લોહીનું પરિવહન કરતી આ ધરમનીઓ કઠણ થઈ જવાથી લોહીનું દબાણ ઊંચું થાય છે. જેને કારણે હૃદય પર બોજો આવી પડતા ક્યારેક છાતીમાં ભીંસ જેવી નાની સમસ્યાથી શરૂ થઈ હૃદય રોગના હુમલા જેવી ગંભીર બાબત સર્જાતી હોય છે. હાઈ બ્લડપ્રેશરનાં દર્દીઓ, હાર્ટ એટેકના દર્દીઓ, સ્ટ્રોકના દર્દીઓ અને જેમની ધમનીઓ કઠણ થઈ બરાબર કામ નથી કરી રહી એવા એથરોસ્ક્લેરોસીસના દર્દીઓ આ બધાને ખોરાકમાં તલના તેલના ઉપયોગની ભલામણ કરું છું.

તલના તેલમાં લીનોઇક એસિડ હોવાથી તે ધમનીઓને બળ આપનાર છે. એટલું જ નહિ પણ ધમનીઓની લવચિકતા વધારનાર છે. તલના તેલની એક બીજી ખાસિયત વાગ્ભટ્ટે કહી છે તે કૃશાનાં બૃહણયાલં સ્થૂલાનાં કર્ષણાય - એટલે તલનું તેલ પાતળા માણસને જાડો અને જાડા માણસને પાતળો કરવાનો ગુણ ધરાવે છે. તે વિષે ક્યારેક વિસ્તારથી. પણ આજે સ્થૂળ, મેદસ્વી કે વધુ વજનવાળી વ્યક્તિઓ માટે તલનું તેલ પરમ પથ્ય છે એટલો જ આશય છે.

સડતા દાંત- પેઢા : પાયોરિયા એવી સમસ્યા છે કે જેમાં દાંત અને પેઢાનો સડો થવાથી અવાળા સૂજીને ફૂલી જતાં હોય છે તેમાં પરૂનો ભરાવો થવાથી સખત પીડા રહેતી હોય છે. મોઢામાંથી સતત દુર્ગંધ આવતી હોય છે કેટલાક દર્દીઓના કિસ્સામાં રુટ-કેનાલ જેવી ટ્રીટમેન્ટ કર્યા પછી પણ મોઢાની દુર્ગંધ દૂર થતી નથી. આ પ્રકારની સમસ્યાઓ માટે તલના તેલનો કોગળાનો પ્રયોગ સૂચવું છું. સવારે દાતણ-બ્રશ કર્યાપછી મોઢામાં તલનું તેલ ભરવું અને કોગળા કરતા હોઈએ તેમ ફેરવવું. ક્ષમતા અનુસાર બેથી પાંચ મિનિટ આ ક્રિયા કરી તલનું તેલ થૂંકી દેવું. બેથી ત્રણ મહિના સુધી આ પ્રયોગ ચાલુ રાખવો. જો આમ કરવું અનુકૂળ ન આવે તો બ્રશ પછી પેઢા પર હળવા હાથે તલના તેલની માલિશ કરવી.

સ્થૂળ, મેદસ્વી કે વધુ વજનવાળી વ્યક્તિઓ માટે તલનું તેલ પરમ પથ્ય છે

પેઢાની બંને તરફ માલિશ કરવી. તમાકુ- ગુટકાના વ્યસનથી પેઢા નબળા પડી ગયા હોય, દાંત હલતા હોય, જડબા ખૂલતા ન હોય (જૉ લોક) તેવી વ્યક્તિઓ માટે પણ ઉપરનો પ્રયોગ અકસીર છે. પેઢામાંથી લોહી પડતું હોય તેવી વ્યક્તિઓએ પ્રયોગ લાંબા સમય સુધી કરવા જેવો છે.

સ્વરભંગ (અવાજ બેસી જવો), હોઠ ફાટવા, જીભ પર મોઢામાં વારંવાર ચાંદા પડવા જેવા લક્ષણોવાળી વ્યક્તિએ ખાસ કરીને તલના કોગળાનો પ્રયોગ લાભદાયક છે.

તલ અને તલના તેલના અન્ય કેટલાક ઔષધો આવતા લેખમાં.





કાકુરો


3841 | ૨૫ નવેમ્બર, ૨૦૨૬

	3	19		14	12	
11			12			4
3			6 19			
	11				8	
	12	23 10				4
24				3		
6						

નિયમો : 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે.
રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઊભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઊભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિ.
રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.
-ભાવના શુકલ

	3	19		14	12	
11	2	9	12	3	9	4
3	1	2	6 19	2	3	1
	11	8	2	1	8	3
	12	23 10	9	8	6	4
24	9	8	7	3	2	1
6	3	2	1			3

એરાઉન્ડ ધ વર્ડ્સ - રીટા શાહ



આડી ચાવી

૧. ..... કરતા પાઘડી મોટી (૨)
૨. ન જાણ્યું ..... કે કાલે સવારે શું થવાનું છે ? (૫)
૪. મોર ..... કરીને નાચે છે (૨)
૫. બેડા ..... કરો મા (૨)
૭. ..... ચૂક્યો સો વર્ષ જીવે (૨)
૮. લાકડાંનો ભૂકો (૩)
૯. સાંચને કદીયે ..... ન આવે (૨)
૧૦. ગર્વ, અહંકાર (૨)
૧૧. ..... તેવી અસર (૩)
૧૩. ..... રોકડા ને તેર ઉધાર (૨)
૧૫. સીતાજીના પુત્રો, ... અને કુશ (૨)
૧૭. ખ્રિસ્તી ધર્મોપદેશક (૩)
૧૯. નમેલું (૨)
૨૦. હરે ..... હરે કિષ્ણા (૨)
૨૨. વા ફરે, ... ફરે, ફરે નદીના પૂર (૩)
૨૩. કણ કણ કરતા ..... થાય (૨)
૨૪. ગાદી તકિયા વગેરેનું ઉપલું પડ (૨)
૨૫. પૃથ્વી (૨)
૨૬. ગાઢ રીતે ઊંઘવું તે (૫)
૨૭. જનની જણ તો ..... જણ કાં દાતા કાં શૂર (૨)

ઊભી ચાવી

૧. ..... જપવી, વારંવાર યાદ કરવું (૨)
૨. કોઠીએ મુઠ્ઠી ..... તો ઘરમાં ડાહી નાર (૨)
૩. ..... નંદજીના લાલ, રાસ રમતા મારી નથણી (૩)
૪. ચલણી નાણું (અ.) (૩)
૫. ..... વલોવવું ને ઘી માટે રાહ જોવી (૨)
૬. ગુરૂ ..... દોનો ખડે, કિસકો લાગુ પાય (૨)
૭. ..... ગજબની વાત છે (૩)
૮. પ્રાણ જાય પણ ..... ન જાય (૩)
૧૦. જાનવરોના ખેલ બતાવનાર (૩)
૧૧. જાગ મુસાફિર ભોર ભઈ અબ રૈન કહાં જો ..... હૈ (૩)
૧૨. એક તેલી બી (૨)
૧૪. મેદ, ચરબી (૨)
૧૬. પાણીનું વાયુ સ્વરૂપ (૩)
૧૮. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ..... (૩)
૧૯. એક સેમ્પલ મોકલી આપો (૩)
૨૧. નવું નવું જાણવાની ઈચ્છા થયા કરે (૩)
૨૨. મરનારની મિલકતનો હકદાર (૩)
૨૩. પહેલવાન, કુસ્તીબાજ (૨)
૨૪. ધંધામાં નુકસાન થયું (૨)
૨૫. લોહી (૨)

ઊભી ચાવી : (૧) ૨૬ (૨) ૨૫ (૩) ૨૪ (૪) ૨૩ (૫) ૨૨ (૬) ૨૧ (૭) ૨૦ (૮) ૧૯ (૯) ૧૮ (૧૦) ૧૭ (૧૧) ૧૬ (૧૨) ૧૫ (૧૩) ૧૪ (૧૪) ૧૩ (૧૫) ૧૨ (૧૬) ૧૧ (૧૭) ૧૦ (૧૮) ૯ (૧૯) ૮ (૨૦) ૭ (૨૧) ૬ (૨૨) ૫ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૧
આડી ચાવી : (૧) ૧૭ (૨) ૨૪ (૩) ૨૩ (૪) ૨૨ (૫) ૨૧ (૬) ૨૦ (૭) ૧૯ (૮) ૧૮ (૯) ૧૭ (૧૦) ૧૬ (૧૧) ૧૫ (૧૨) ૧૪ (૧૩) ૧૩ (૧૪) ૧૨ (૧૫) ૧૧ (૧૬) ૧૦ (૧૭) ૯ (૧૮) ૮ (૧૯) ૭ (૨૦) ૬ (૨૧) ૫ (૨૨) ૪ (૨૩) ૩ (૨૪) ૨ (૨૫) ૧
૨૬૬

ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૩૧૫
૨૫ નવેમ્બર, ૨૦૨૬

		૫					૬	
		૬		૫				૮
૩			૯	૮			૭	
			૮			૭	૫	
૨		૮	૧		૭	૯		૬
	૭	૯			૨			
	૩			૭	૯			૪
૬				૧		૫		
	૨					૧		

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩=૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

૬	૭	૯	૫	૨	૪	૩	૮	૧
૩	૮	૫	૭	૯	૧	૪	૨	૬
૪	૧	૨	૩	૮	૬	૭	૯	૫
૫	૨	૭	૮	૬	૯	૧	૪	૩
૮	૬	૩	૪	૧	૭	૫	૯	૨
૯	૪	૧	૨	૫	૩	૬	૭	૮
૭	૫	૪	૬	૩	૨	૯	૧	૮
૨	૯	૬	૧	૭	૮	૮	૩	૪
૧	૩	૮	૯	૪	૫	૨	૬	૭

૨૫ નવેમ્બર, ૨૦૨૬ ના ગુજરાત સમાચાર સુડોકુનો ઉકેલ

આચરકુચર

ઉંમર નાની ઝડપી વિકાસ

ગાભા... ડૂચા
કચરા... પોતાં
રદ્દી... ભંગાર.. પસ્તી
છાલ.. છોતરાં.. ફોતરાં
વધ્યું.. ઘટ્યું...
એંઠવાડ.. થીગડું
નીકળ.. ભાગ...
સુવ્વર.. બદમાશ
ઝૂંપડપટ્ટીમાં રહેતા, બોલો
૩-૪ વરસનાં આ
ટેણીયાને આટલાં બધાં
શબ્દો આવડી ગયાં !

આજા રે પરદેશી....

આજે
હા
આજે
'શુભ-લાભ'
બન્ને ચોઘડિયાં


Charged... Active
થયા
વૃધ્ધ મા-બાપ / દાદા-દાદી
ઘરડાઘરમાંથી
સહૃદયે લેવા
એમના પૌત્રો પૌત્રી U.S.A. થી
આવ્યા !

તમનેય ગમશે

*** ઓથ લેવી પડે પથ્થરની,**
મને માન્ય નથી.
'શૂન્ય' છું, ઠીક છું,
ઈચ્છા નથી ઈશ્વર લાગું
'શૂન્ય' પાલનપુરી
*

*** કેવું સામ્ય !**
દરેક માણસની 'અંતિમ સવારી'
ઈંધણ (ખીન) મુક્ત હોય છે
ઠાઠડી (નનામી) તાબૂત (કોફીન) કે જનાજો !
*

હાઈકુ
વાવ્યા શ્રધ્ધા બી
સિંચન લાગણીનું
સબંધ-છોડ !



હાઈકુ

ગીધ-સમડી
કરે છે બહિષ્કાર
શબ-નેતાનું !
* * *
ધરપકડ
ગણિકાની, ચોરીમાં
મંગળસૂત્ર.
* * *

આ દરિયો કોનો ?

ઉછળતાં મોજાઓએ ફીણ
ઉડાડતા કહ્યું... અમારો... અમારો
દૂ...ર કિનારાનાં સીક્યુરીટી ગાર્ડ
ખડકોએ ખોંખારો ખાધો મોટો...
અલ્યા મોજાઓ... દાવો તમારો ખોટો
સખણાં તો રહેતા નથી
ક્યારેક ભરતી ક્યારેક ઓટો !
માછલાં યુનિયને ચીફ ગેસ્ટમાં
શાર્ક... અતિથિવિશેષ વ્હેલને
સમર્થનમાં બોલાવ્યા... પણ
ગઠબંધન ન થયું...
શંખ, છીપલા, પરવાળા ગમ ખાઈ ગયા દાવો કરતા...
મોતી સાથે મરજીવા જોઈ...
બ્રેકીંગ ન્યુઝ :- નદીઓ મનાઈહુકમ લાવી છે !

'રણ' વિસ્તાર

* આ રણ પોલીટીક્સમાં - બંધા... રણ
* પઈણ્યા પછી 'ઘરવાળા'ને... શ... રણ
- હથિયાર/સાધન... એ... રણ
* મહાભારતમાં/પાયથાગોરસમાં... કરણ
* રામાયણમાં મારીચ બ્રાન્ડ... હરણ
* પરીક્ષાનાં ટેન્શનમાં રાતનું... જાગરણ
* છૂટાછેડામાં વચ્ચે ફસાયું... ભરણપોષણ
* કાવ્યની અસલ કન્યા ચારણકન્યા

ખાના ખજાના

(દરેકમાં બે)

વસ્ત્ર-પરિધાન	શહેર/દેશ	Organ
	મે	
ણ		
		T
ણી		T
	મે	

toes
ઠેરકેરુ
ળીળાકોહીળી
Wrist
કોરુકેરુક
ાકેરુકેરુ

દિલીપ શાહ

PQR

P પ્રફુલ્લા, સરોજ અને નીલીમા એ ત્રણ સાહિત્યકૃતિઓ ત્રણ સાહિત્યકારોની ધારી. દરેક કૃતિમાં 'તા' કોમન છે, ત્રણેય સાહિત્યકારોની અટક પણ ત્રણ અક્ષરી છે.

Q કમલેશ જોશી, પરેશ પટેલ અને પ્રવીણચંદ્ર વ્યાસે અલગ અલગ મૂવી ચાર અક્ષરી ધાર્યા. દરેક મૂવીમાં 'ર' કોમન છે. (દેવઆનંદ, મહેમૂદ, શમ્મી કપૂર)

R ચીંટુ અને મોન્ટુ એ બે અલગ અલગ અવિભાજ્ય સંખ્યાઓ ધારી એ બન્ને સંખ્યાનો સરવાળો ઘનમૂળ અને વર્ગમૂળ બન્ને આપી શકશે.

R Q 61, 3
ઠેરકેરુક, ઠેરકેરુ, ખાકેરુક, ાકેરુકાકેરુ, ાકેરુકેરુક, ાકેરુકેરુ, ાકેરુકેરુ, ાકેરુકેરુ,

શબ્દ નિર્માણ

(સંખ્યા જરૂરી)

અમદાવાદી વિસ્તાર - નવરંગપુરા

* આસોનો લાં....બો તહેવાર
* પાકિસ્તાન મહિલા પ્રમુખ
* અથાણું
* પ્રભુનો મહાથાળ
* ગુરુશિષ્ય
* સંત મહારાષ્ટ્રના
* મૂવી
* જૈન મંત્ર
* હૈદ્રાબાદમાં
* એક જાતનો જુગાર

ાખાખ-ખાખ
ેરાાખ-ાખ્ય,
ેરાક-ખાખ,
ખાાક,
-ખ્ય-ાખ્ય, ાખાા
-ક્ય્ય, ેરાક
-ક્ય્ય, ાાખ
ેરાાક,
-ખાખાઉ, ેરાક
-ખ્ય, ાખાેરાક-ખાખ

કીટીપાર્ટી


કેટ

ગગન વિહારી → રોકેટ

- ગળામાં લટકે
- બેંક * ધાબળો
- રેમ્પ ઉપર
- વસ્તુ-કિંમત
- અસહકાર લડતમાં
- કફનને ના હોય
- ઢોરઢાંખર
- ..... કૈફ
- બેડમીન્ટન
- બાથરૂમે
- મૂવી
- પડીકું
- ટોપલી


ેરાક
ાખાખ, ાખાેરાક
ેરાક, ાખાેરાક
ાખાેરાક, ાખાેરાક
ેરાક, ાખાેરાક
ેરાક, ાખાેરાક
ેરાક, ાખાેરાક

સંતાકૂકડી



ેરાક, ાખાેરાક, ાખાેરાક, ાખાેરાક, ાખાેરાક, ાખાેરાક, ાખાેરાક, ાખાેરાક, ાખાેરાક

English Corner



Umbrella, Spinach, Thigh, Tempo, Swan Pig, Kiwi

ખૂટતો અંક

(A) 15229, 16347, 134 _____ ?

(B) 2345 = 48
7867 = 196
5225 = ?

(C) 632


6 3 2	3 7 8	3 4 7
4 4 4	9 8 2	8 6 1
?	7 7 6	6 6 4

(A) 51 13 x 4 - 1
(B) 40 (5+5) x (2+2)
(C) 238 13 સરવાળા ખાનાનો ફેરફાર.

કૌન બનેગા અક્ક... લ પતિ ?















બોલીવુડની આ ઘટનાઓને ક્રમબધ્ધ કરો.
અ આર.કે. સ્ટુડિયો સ્થાપના
બ પડદા પર ગીત હવા હવાઈ
ક આલમ આરાની રીલીઝ
ડ આશા ભોંસલેની વિદાઈ

(૧) કોઈ 'ખાન' આ મૂવીમાં નહિ.
અ દોસ્તી બ દીલ એક મંદિર
ક ધર્માત્મા ડ સન ઓફ ઈન્ડિયા

(૨) સંગમના કોઈ ગીતમાં આ સીંગર નહિ.
અ રફી સાહેબ બ મુકેશ
ક કિશોરકુમાર ડ મહેન્દ્ર કપૂર

(૩) વો ભૂલી દાસ્તાઁ ... આ ગીતકારનું આ પણ ગીત
અ દુનિયામેં હમ આયે હય તો
બ ઈસ ભરી દુનિયામેં કોઈ ભી...
ક તેરી દુનિયાસે દૂ...ર, ચલે હોકે
ડ યે દુનિયા ગોલ હૈ, ઉપરસે...

(૪) દિવ્યેશકુમાર, બોલો 'કુમાર' શેમાં આગળ-પાછળ નહિ ?
અ લવસ્ટોરી હીરો
બ ચાર ચાર પત્નીવાળા સીંગર
ક જબ-વી-મેટ સંગીતકાર
ડ ધીરે ધીરે પ્યારકો બઢાના હૈ... સીંગર

(૫) મૈં હૂઁ તેરી બંસી, તૂ હૈ મેરા કાના
આ જુગલબંધી કરનાર પડદા પર
અ મહેમૂદ-શુભા ખોટે બ નંદા
ક મહેમૂદ-અરૂણા ઈરાની ડ કિશોરકુમાર- કુમકુમ

(૬) ચીનોય શેઠનો રહેમાનનો મેન ફાઈડે વક્તમાં
અ રણજીત બ મદનપુરી
ક ડેની ડ પ્રેમ ચોપરા

(૭) 'ફૂલ ખીલે ગુલશન ગુલશન' શોની સૂત્રધાર
અ સીમી બ તબસ્સુમ
ક આશા પારેખ ડ માધુરી દીક્ષિત

(૮) યે તો કહો, કૌન હો તુમ ? ઈન્કવાયરી કોની-કોને ?
અ રાજેન્દ્ર કુમાર-સાયરા બાનુ
બ રાજ કપૂર-પદમીની
ક શશી કપૂર-નંદા
ડ સંજીવ કુમાર-નૂતન

(૯) ડી.આર, વિધાન સુધારો
અ કાગઝ કે ફૂલ (સીનેમાસ્કોપમાં)
બ ૪૦ બાબા ૧ ચોર પ્રોડયુસર કામીની કૌશલ
ક C.I.D. (૧૯૫૬) માં સાઈડ હીરોઈન વહીદા રહેમાન
ડ ધૂલકા ફૂલ-નિર્દેશક બી.આર. ચોપરા

થોડામાં ઘણું

- અમદાવાદની જૂની L.N. નો અર્થ લક્ષ્મી નારાયણ * અલંકાર જૂની સરસ્વતી, લીબર્ટી - એટલે પરિમલ. કલ્પના મીન્સ, સીનેમા- ડી...ફ્રાન્સ (હેં!)

Ans
ાેરકેાેક ેરકેાક ડ (૭)
ખ (૭) ખ (૭) ખ (૬) ખ (૫) ક (૪)
ખાકેરુક ેરકેાક ખ (૯) ક (૨) ખ (૧)
૬ ,૫ ,ખ ,ક : ખાક

અગર કોણ કરશે ! મગર કોણ કરશે !
એ નખરા તમારા વગર કોણ કરશે ?
'શયદા'

ગુજરાત સમાચાર
શતદલ
બુધવાર ૨૫-૧૧-૨૦૨૬
ટેકનોવર્લ્ડ 11

જેમિનાઈ નોટબુકમાં હવે પાર વગરની ટેક્સ્ટબુક્સ ઉમેરી શકાય છે - મફત

આર્ટિફિશિયલ અને અસલી ઈન્ટેલિજન્સનો સુમેળ

Gemini Notebook

આપણે સૌ હવે વાતવાતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત ચેટબોટની મદદ લેવા લાગ્યા છીએ. તેની સાથે બોલીને વાતચીત કરીએ, ટાઇપ કરીને કંઈક પૂછીએ કે ઈમેજ-વીડિયો વગેરે બનાવવામાં તેની મદદ લઈએ... પણ આ બધો, એઆઈનો ઘણો સીમિત ઉપયોગ છે. ખરી મજા, એઆઈની તેજ ગતિ અને આપણી કુશાગ્ર, આગવી બુદ્ધિનો સુમેળ સાધવામાં છે. આપણે જુદા જુદા વિષયોનું ખરેખર ડીપ નોલેજ મેળવવું હોય ત્યારે તો ખાસ.

આપણો વર્ષોનો અનુભવ છે - કોઈ મુદ્દા વિશે ઇન્ટરનેટ પર જાતે કંઈક સર્ચ-રિસર્ચ કરવા જઈએ તો વધુ પડતી માહિતી મળે. એમાંથી ખરેખર કામની, મુદ્દાની વાતો તારવવી બહુ મુશ્કેલ હોય છે.


ગૂગલની 'જેમિનાઈ નોટબુક' નામની એક એઆઈ-પાવર્ડ સર્વિસ આ કામ સહેલું બનાવી આપે છે. હવે તેમાં સોર્સ તરીકે સ્કૂલ/કોલેજ માટેની ભારતીય ટેક્સ્ટબુક્સ મફતમાં ઉમેરવાની સગવડ મળી છે. તમે ખરેખર વિદ્યાર્થી હો કે આજીવન વિદ્યાર્થી હો તો આગળની વાતો જાણવા જેવી છે!

> એઆઈનો સાચો ઉપયોગ તેની પાસેથી ફટાફટ જવાબો મેળવી લેવામાં નથી. એવી આદત પડશે આપણી બુદ્ધિ બુઠ્ઠી થતી જશે.

> ખરી સ્માર્ટનેસ એઆઈને નિશ્ચિત સોર્સ અને પ્રોમ્પ્ટ આપીને, કોઈ ચોક્કસ મુદ્દાની ઊંડી સમજ મેળવવામાં છે.

> જેમિનાઈ નોટબુકમાં આવું જ કંઈક થઈ શકે છે. હવે તેમાં આપણે સ્કૂલ-કોલેજની ટેક્સ્ટબુક્સ પણ ઉમેરી શકીએ છીએ.

પહેલાં સમજીએ જેમિનાઈ નોટબુક વિશે



એઆઈ ટૂલ્સ તરીકે આપણને ચેટજીપીટી અને જેમિનાઈનો સારો પરિચય છે. ગૂગલનું 'જેમિનાઈ નોટબુક' (જેનું અગાઉ નામ હતું નોટબુકએલએમ) નામનું એક પણ એઆઈ ટૂલ છે, પરંતુ એ થોડું અલગ છે.

ચેટીજીપીટી કે જેમિનાઈ જેવી સર્વિસમાં મુખ્ય ફોકસ ચેટબોટ સાથે વાતચીત કરીને જવાબ મેળવવા પર છે (એ એથી ઘણું વધુ કરી શકે છે, પણ આપણો ઉપયોગ સીમિત હોય છે!), જ્યારે જેમિનાઈ નોટબુકમાં મુખ્ય ફોકસ રિસર્ચ પર છે, એ પણ આપણે આપ્યા હોય તેવા જ સોર્સમાંથી.

અન્ય એઆઈ ટૂલ્સમાં પણ કંઈક આ પ્રકારની સગવડ હોય છે, પણ તે, આપણે આપેલા સોર્સ મટિરિયલ ઉપરાંત, આપણે ઇચ્છીએ તો તેના ટ્રેનિંગ ડેટા, તેની સાથેની આપણી અગાઉની વાતચીતની મેમરી તથા ઇન્ટરનેટ વગેરે બધાના આધારે જવાબો આપે છે. જ્યારે જેમિનાઈ નોટબુક ફક્ત આપણે તેને આપેલા સોર્સ મટિરિયલના આધારે જ જવાબો આપે છે તથા તેમાંથી ઘણી જુદી જુદી રીતે રિસર્ચ કરવાની તક આપે છે.

જેમિનાઈ નોટબુકનો આપણે એપ (Gemini Notebook, Google LLC) અથવા વેબસાઇટ (https://notebook.google.com/) પર ઉપયોગ કરી શકીએ છીએ. બંનેમાં આપણે પોતાના ગૂગલ એકાઉન્ટથી લોગ ઇન કરવું જોઈશે. જેમિનાઈ નોટબુકનાં મુખ્ય ચાર પાસાં છે.

૧) નોટબુક: ગૂગલના ફ્રી પ્લાનમાં આપણે પોતાની પસંદના વિવિધ વિષયોની કુલ ૧૦૦ નોટબુક્સ ક્રિએટ કરી શકીએ.

૨) સોર્સિસ: દરેક નોટબુક માટે આપણે અલગ રેફરન્સ મટિરિઅલ સોર્સ તરીકે ઉમેરી શકીએ. આપણે ઇમેજ અપલોડ કરીને, બોલીને, ટેક્સ્ટ કોપી-પેસ્ટ કરીને, વેબમાં સર્ચ કરીને, વેબસાઇટનાં એડ્રેસ આપીને, ગૂગલ પ્લે બુક્સ ઉમેરીને, ટેક્સ્ટબુક્સ ઉમેરીને કે ગૂગલ ડ્રાઇવની ફાઇલ્સ સ્વરૂપે વિવિધ સોર્સ ઉમેરી શકીએ. ફ્રી પ્લાનમાં એક નોટબુકમાં આવા ૫૦ સોર્સ ઉમેરી શકાય.

૩) ચેટ: દરેક નોટબુકમાં આપણે ઉમેરેલા સોર્સિસનો એક ઓવરવ્યૂ તૈયાર થાય છે, જે આપણે ચેટ સેક્શનમાં જોઈ શકીએ. અહીં આપણે, અન્ય એઆઈ સર્વિસની જેમ, જેમિનાઈ નોટબુક સાથે ચેટ કરીને વિવિધ પ્રશ્નોના, ફક્ત આપણે ઉમેરેલા સોર્સિસમાંથી જવાબો જાણી શકીએ.

૪) સ્ટુડિયો: જેમિનાઈ નોટબુકનો આ સૌથી મહત્ત્વનો ભાગ છે. તેમાં આપણે પોતે ઉમેરેલા સોર્સિસના આધારે, આપણને જોઈએ તેવા પ્રશ્નોના ઓડિયો/વીડિયો ઓવરવ્યૂ, માઇન્ડ મેપ, પ્રેઝન્ટેશન, ફ્લેશકાર્ડ, ક્વિઝ, ઇન્ફોગ્રાફિક, રિપોર્ટ્સ વગેરે ફોર્મેટમાં જવાબો મેળવી શકીએ છીએ.

જેમિનાઈ નોટબુકનો સ્માર્ટ ઉપયોગ કરવા માટે સૌથી પહેલાં તો આપણી પાસે પોતાના ટોપિક અનુસાર તેમાં કેવા સોર્સ ઉમેરવા જોઈશે તેની સ્પષ્ટ સમજ હોવી જોઈએ. હવે આ કામ થોડું સહેલું બન્યું છે. જેમિનાઈ નોટબુકમાં આપણે ભારતીય સ્કૂલ/કોલેજ અને હાયરસ્ટડીઝ માટે ઉપલબ્ધ હજારો ટેક્સ્ટબુક સોર્સ તરીકે ઉમેરી શકીએ છીએ - બિલકુલ મફત!


હા, સચોટ જવાબો ક્યાંથી મળશે એ જાણવું જરૂરી છે, તેમ તેમાંથી શું અને કઈ રીતે જાણવું છે એની પણ એકદ સ્પષ્ટ સમજ જોઈશે!

નોટબુકમાં ફ્રી ટેક્સ્ટબુક્સ કેમ ઉમેરશો


જેમિનાઈ નોટબુકમાં હવે આપણે અનેક વિષયની ટેક્સ્ટબુક્સ મફતમાં ઉમેરી શકીએ. તેના આધારે, એઆઈની મદદથી જોઈતા સવાલોના જવાબ મેળવો.




જેમિનાઈ નોટબુક એપમાં જાઓ. તેમાં સર્વિસનો ઓવરવ્યૂ મેળવ્યા પછી, નવી નોટબુક ક્રિએટ કરવા અને સોર્સિસ ઉમેરવાનો વિકલ્પ મળશે.




આપણે જે તે નોટબુક કયા હેતુથી ક્રિએટ કરી છે એ કહી શકાશે. તેનાથી આપણી પોતાની સ્પષ્ટતા પણ કેળવાશે.




ધારો કે આપણે અંગ્રેજી ભાષાનાં વિવિધ પાસાં સમજવા એક નોટબુક ક્રિએટ કરી. હવે તેમાં ઉપયોગી થાય તેવ વિવિધ સોર્સ ઉમેરવા જોઇશે.




ઉપર બતાવ્યા મુજબ, નોટબુકમાં આપણે જુદા જુદા ઘણા પ્રકારના સોર્સિસ ઉમેરી શકીએ. તેમાંથી 'ટેક્સ્ટબુક્સ' પસંદ કરો.




જુદા જુદા અનેક ટોપિક, સ્કૂલ/કોલેજ લેવલ તથા કંટ્રી મુજબ ટેક્સ્ટબુક્સ મફત ઉમેરી શકાય. આપણે 'ઇન્ડિયા' સિલેક્ટ કરીએ.



એ પછી લેવલ (સ્કૂલ/હાયર એજ્યુકેશન) સિલેક્ટ કરી, ટોપિકમાં જાઓ. અહીં માની લો કે આપણે 'લેંગ્વેજિસ એન્ડ રાઇટિંગ' ટોપિક પસંદ કર્યો.




અત્યારે ભારતના ફક્ત એક પ્રકાશકની ટેક્સ્ટબુક્સ ઉપલબ્ધ છે, પરંતુ આપણા ફિલ્ટરિંગ મુજબ, અનેક બુક્સમાંથી જોઈતા સોર્સ પસંદ કરો.




આપણે સોર્સ તરીકે પસંદ કરેલી ટેક્સ્ટબુક આખી વાંચી નહીં શકીએ, પણ તેના આધારે અનેક સવાલોના, અનેક રીતે જવાબો મેળવી શકીશું.

એ જ ટેક્સ્ટબુક્સના આધારે સવાલ-જવાબ

આપણે પસંદ કરેલી ટેક્સ્ટબુક્સમાંથી શું પૂછવું અને તેના કેવા ફોર્મેટમાં જવાબો મેળવીએ તો સારું, એ નક્કી કરવા 'અપની ઇન્ટેલિજન્સ' જોઈશે!




ગમે ત્યારે આ નોટબુક ઓપન કરી, તેમાં આપણે ઉમેરેલા સોર્સિસનો ઓવરવ્યૂ ચેટ સેક્શનમાં જોઈ શકીશું. વાત ગુજરાતીમાં પણ થઈ શકે!



ચેટ સેક્શનમાં જ આપણે કહી શકીએ કે 'બિઝનેસ કમ્યુનિકેશન માટે જરૂરી ટોપ ૫ સ્કિલ્સ જણાવ'. તેનો આપણા સોર્સિસમાંથી જવાબ અપાશે.



ફક્ત ટેક્સ્ટ ચેટિંગને બદલે, સ્ટુડિયો સેક્શનમાં જઈને આપણે જુદી જુદી રીતે, આપણા પ્રશ્નોના વિગતવાર જવાબો મેળવી શકીએ.



જેમ કે, 'ટોપ ૫ કમ્યુનિકેશન' સ્કિલ્સનો જ માઇન્ડ મેપ બનાવવાનું કહીએ, તો ઉપર મુજબનો માઇન્ડ મેપ મળી જાય - ફટાફટ!

એક ખાસ પહેલ, આપને માટે!

શ્રેયાર્થ યુનિવર્સિટી TECHNO QUIZ

ટેકનોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!

પ્રશ્ન-૧. ગૂગલ જેમિનાઇ નોટબુક સર્વિસનું અગાઉ શું નામ હતું?
(૧) નોટબુકએલએલ (૨) નોટબુકએલએમ (૩) નોટબુકએફએમ

પ્રશ્ન-૨. હાલમાં જેમિનાઇ નોટબુકમાં, ફ્રી પ્લાનમાં કેટલી નોટબુક્સ ક્રિએટ કરી શકાય છે? (૧) ૧૦ (૨) ૧૦૦ (૩) ૫૦૦

પ્રશ્ન-૩. જેમિનાઇ નોટબુકમાં આપણે સોર્સિસમાંથી, ચેટ કે સ્ટુડિયોમાં ઓડિયો-વીડિયો ઓવરવ્યૂ કે ક્વિઝ તૈયાર કરીએ તે પછી તે કયા સેક્શનમાં સેવ થાય છે?
(૧) સોર્સિસ (૨) ચેટ
(૩) સ્ટુડિયો

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

તા. ૦૪-૧૧-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

કેશરવાની ઓમપ્રકાશ, માયા બી. સાનપુરિયા, ભૂપેન્દ્ર મકવાણા

તા. ૧૮-૧૧-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

પ્રતીક સી. પટેલ, હરેશભાઈ એમ. ધારવા, રાધિક વીઠલાણી

તા. ૧૮-૧૧-૨૦૨૬ ક્વિઝના જવાબો

પ્રશ્ન-૧. ચેટજીપીટીમાં લોક કરેલી ચેટ ક્યાં જોવા મળે છે?
- ડાબી પેનલમાં પ્રોજેક્ટ્સમાં

પ્રશ્ન-૨. ગૂગલ ડ્રાઇવમાં આપણે પોતાની એક ફાઇલ કે ફોલ્ડર માટે વધુમાં વધુ કેટલા શોર્ટકટ ક્રિએટ કરી શકીએ? - ૫૦૦

પ્રશ્ન-૩. ભારતમાં ટેલિકમ્યુનિકેશન્સ તથા બ્રોડકાસ્ટ સંબંધિત બાબતોનું નિયમિત કરતી સ્વાયત્ત સંસ્થા ટ્રાઇનું આખું નામ શું છે?- ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.

ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઈફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...

ફોટોઝમાં મળી ઉપયોગી સુવિધા

તતમે લાંબા સમયથી પોતાના સ્માર્ટફોનથી લીધેલા ફોટોગ્રાફ્સ સાચવવા માટે ગૂગલ ફોટોઝ સર્વિસનો ઉપયોગ કરતા હો તો તેના એક 'ફીચર'થી તમે અકળાતા હશો! ગૂગલ ફોટોઝમાં ફોટો એડિટિંગ ટૂલ્સની મદદથી આપણે પોતાના ફોટોગ્રાફમાં ઘણા બધા સુધારા કરી શકીએ છીએ, પણ આપણી સ્પેસના ભોગે.

ગૂગલ ફોટોઝમાં જોઈતો ફોટોગ્રાફ ઓપન કરી, તેને માટે 'એડિટ' ટૂલ્સ ઓપન કરીને આપણે ફોટોગ્રાફમાંથી વણજોઇતા ભાગ દૂર કરવા, ફોટોગ્રાફમાં બ્રાઇટનેસ કે કોન્ટ્રાસ્ટ એડજસ્ટ કરવાં, ફોટોગ્રાફને જોઈતી રીતે કોપ કરવો ફોટોગ્રાફની ક્લેરિટી સુધારવી કે ફોટોગ્રાફ પર કોઈ ટેકસ્ટ ઉમેરવી વગેરે ઘણાં બધાં એકશન આપણે લઈ શકીએ છીએ.

ફોટો એડિટ કરવાની આ સુવિધા ઘણી કામની છે. આ બધું આપણે જુદા જુદા ટૂલ્સની મદદથી પોતાની મરજી મુજબ કરી શકીએ અથવા (એઆઈ)ની મદદથી એક-બે ક્લિકમાં પણ કરી શકીએ.



તકલીફ એ છે કે આ રીતે જ્યારે પણ ગૂગલ ફોટોઝમાં કોઈ ફોટોને એડિટ કરીએ અને એ એડિટ સેવ કરીએ ત્યારે દરેક વખતે એપની સિસ્ટમ એડિટ થયેલા ફોટોગ્રાફની નવી કોપી ક્રિએટ કરીને તેને એપમાં સેવ કરે છે! પરિણામે આપણા ફોનમાં લગભગ એકસરખી ઇમેજિસની એકથી વધુ ઇમેજિસ ડુપ્લિકેટ સ્વરૂપે જગા રોકે છે.

હવે ગૂગલ ફોટોઝની સિસ્ટમ આ ફીચરમાં સુધારો લાવી રહી છે.

તેના પરિણામે આપણે જ્યારે પણ કોઈ ઇમેજને એડિટ કરીશું ત્યારે એ ફેરફારો વધારાની કોપી ક્રિએટ કર્યા વિના સેવ કરી શકીશું. સારી વાત એ છે કે આ રીતે ફેરફારો પછી ઇમેજ સેવ કર્યા પછી પણ આપણે એડિટ્સમાં હજી પણ ધાર્યા ફેરફારો કરી શકીશું.

જેમ કે આપણે કોઈ ફોટોગ્રાફમાં ફિલ્ટર એપ્લાય કરીએ કે બ્રાઇટનેસ એડજસ્ટ કર્યા પછી એ ફેરફારો સેવ કરી લઈએ, તો એ પછી ગૂગલ ફોટોઝની સિસ્ટમ આપણે કરેલા છેલ્લા ફેરફારો યાદ રાખશે અને પછી આપણે જ્યારે ઇચ્છીએ ત્યારે ફરી એડિટર ઓપન કરીને ફોટોગ્રાફમાં જરૂરી નવા ફેરફારો કરી શકીશું.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર :
technoworld.gs@gmail.com
લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

રામકથાનું રંગબેરંગી વિશ્વ : સુનો તો ગંગા યે ક્યા સુનાયે, મેરે તટ પર વો લોગ આયે....

અનાવૃત
જય વસાવડા


''સામાન્ય રીતે કાવ્યના બે વિભાગ પાડી શકાય. કોઈ કાવ્ય એકલા કવિની કથા હોય છે, જયારે કોઈ જનસમૂહની કથા હોય છે. બીજા પ્રકારના મહાકવિ એવા હોય છે, જેમની રચના દ્વારા એક સમગ્ર દેશ, એક સમગ્ર યુગ પોતાના હૃદયને, પોતાની અનુભૂતિને વ્યકત કરી તેને મનુષ્યમાત્રની ચિરંતન મિલકત બનાવી દે છે. સમગ્ર દેશની સરસ્વતી એમના દ્વારા પ્રગટ થાય છે. રામાયણ - મહાભારત તો જાણે જાહનવી અને હિમાચલની માફક ભારતના જ છે. વ્યાસ અને વાલ્મિકિ તો નિમિત્તમાત્ર છે. નામ ખાતર નામ છે. બાકી કવિ પોતાના જ કાવ્યના અંતરાલમાં લુપ્ત થઈ ગયો છે.

આધુનિક કોઈ કાવ્યમાં આટલી વ્યાપકતા જણાતી નથી. (નવી રચનાઓમાં) ભાષાનું ગાંભીર્ય, છંદનું મહાત્મય અને રસની ગંભીરતા ગમે તેટલા હોય, પણ તે દેશનું ધન નથી, પુસ્તકાલયનું ભૂષણ માત્ર છે. હું એટલું તો નક્કી કહી શકું કે ભારતવર્ષે રામાયણ - મહાભારતમાં પોતાનું કંઈ પ્રગટ કરવું બાકી રાખ્યું નથી. અને તેથી જ સૈકા પર સૈકા વહી ગયા છે. છતાં રામાયણ - મહાભારતનો સ્ત્રોત ભારતવર્ષમાં લેશમાત્ર પણ ક્ષીણ થતો નથી. ગાંધીની દુકાનની માંડીને રાજાના પ્રાસાદ (મહેલ) પર્યંત સર્વત્ર તેમને સરખું સન્માન મળે છે. ધન્ય છે તે કવિ યુગલને (વ્યાસ - વાલ્મીકિ) જેમની વાણી સો સો પ્રાચીન શતાબ્દીનો કાંપ સતત લઈ આવી ભારતવર્ષની ચિત્તભૂમિને આજ પણ ફળદ્રુપ કરે છે.

આ જોતાં, રામાયણ - મહાભારતને કેવળ મહાકાવ્ય કહે ચાલશે નહિ. એ ઘટનાઓનો ઈતિહાસ નથી. કારણ કે, તેવો ઈતિહાસ તો અમુક સમયને અવલંબીને હોય છે. રામાયણ - મહાભારત તો ભારતવર્ષનો ચિરકાલનો (સંસ્કૃતિનો) ઈતિહાસ છે. અન્ય ઈતિહાસો કાળે કાળે બદલાયા છે. પણ આ ઈતિહાસ બદલાયો નથી... આ જ કારણથી રામાયણ - મહાભારતની સમીક્ષા અન્ય કાવ્યની સમીક્ષાથી ભિન્ન ધોરણે કરવી જોઈએ.

રામાયણ તે નરચંદ્રમાની કથા છે. મનુષ્ય જ પોતાના ગુણે કરીને દેવતા થયો છે. મનુષ્યનો જ અંતિમ આદર્શ સ્થાપવા માટે ભારતના કવિએ મહાકાવ્ય રચ્યું છે. રામાયણની ખાસ ખૂબી એ છે કે તેણે એક ગૃહસ્થીને જ અત્યંત મોટી કરી બતાવી છે. આવા પ્રકારના વ્યકિત-વ્યકિત પરત્વેના અને મુખ્યત્વે કરીને ગૃહસંબંધો કોઈ પણ દેશના મહાકાવ્યમાં વર્ણનને યોગ્ય વિષય મનાયા નથી. આથી કેવળ કવિનો નહિ, પણ ભારતવર્ષનો પરિચય થાય છે. ગૃહ અને ગૃહસ્થાશ્રમ એ ભારતવર્ષને કેવા મહત્વના છે, એ આ વાત પરથી સમજાશે.

હું માત્ર આટલી જ વાત જણાવવા માંગુ છું કે રામચરિત્રની કથાને વાચકવર્ગ કેવળ કવિનું કાવ્ય માનવું નહિ, તેને ભારતવર્ષનું રામાયણ સમજવું. એટલું સ્મરણમાં રાખવાનું છે કે, કોઈ ઐતિહાસિક ગૌરવવાર્તા નહિ, પણ પરિપૂર્ણ મનુષ્યનું આદર્શ ચરિત્ર સૂણવાની ભારતવર્ષે આકાંક્ષા કરી હતી. ભારતવાસીને રામ, લક્ષ્મણ, સીતા જેટલા સત્ય લાગે છે, તેટલા તેના ઘરના માણસો પણ તેને સત્ય લાગતા નથી.''



ગુરુદેવ અને નોબેલ પ્રાઈઝ વિજેતા એકમાત્ર ભારતીય કવિ રવિન્દ્રનાથ ટાગોરે ૧૯૦૩માં 'રામાયણના પાત્રોની સમાલોચના' ગ્રંથની પ્રસ્તાવનામાં જે ભૂમિકા બાંધી હતી, એનું આ રિવિઝન છે. રામકથા ભારતના ઈતિહાસનું અભિન્ન અંગ છે, પણ એ એક ગ્રંથમાં સમાઈ શકતું નથી એની કેવી સુંદર છણાવટ છે અહીં ! શિક્ષિત એને કહેવાય જે જડતા બાજુએ મુકીને એક મૂળમાંથી નીકળેલી અવનવી શાખા જેવા સર્જનનું સ્વાગત કરે ! સનાતનની ધારામાં એટલે જ કોઈ એક પુસ્તક કે નિયમને સાર્વત્રિક ફાઈનલ ઓથોરિટી માનવાનો ધારો નથી. આજકાલ શુધ્ધતાના નામે જે આવા હઠાગ્રહો ફૂટી નીકળ્યા છે એ મધ્યયુગના અબ્રાહમિક ધર્મો અને પરંપરાની અક્કલ વગરની નકલ માત્ર છે.

જેણે જ્ઞાન માત્ર ઓનલાઈન લિંકમાંથી લીધું છે ને કદી લાયબ્રેરીમાં બેઠા નથી કે રઝળપાટ કરી નથી એમને તો એ પણ ખબર નથી કે ભારતમાં ને ભારતની બહાર પણ કેટકેટલા રામાયણ છે, ને રામકથાના કેવા કેવા વર્ઝન્સ બનતા રહ્યા છે. આમે એક ફિલ્મની સ્ટોરી પણ બીજા દિવસે દોસ્તોને સંભળાવો. એમાં બે ચાર વાકયો / પ્રસંગોમાં ફેરફાર થઈ જાય છે. તો હજારો વર્ષો પહેલાં રચાયેલી કોઈ કૃતિમાં કેટલા પરિવર્તનો આવતા જાય ! પ્રાચીન ભારતમાં મનગમતા પાત્રોને લઈ પોતપોતાના દૃષ્ટિકોણથી વાત મૂકવાનો/ટીકા કરવાનો/જાતીયતાનો છોછ નહોતો. (ધાર્મિક લાગણી દુભાવાના પ્રતિબંધો તો અર્વાચીન ભારતની ખાસિયત છે!) માટે કેટલાય પુરાણોમાં એકબીજાથી વિરોધાભાસી લાગે એવી રીતે રામકથા કહેવાઈ છે. (સેમ્પલ: શિવને લગતા પુરાણ મુજબ હનુમાન શિવપુત્ર છે). વળી રામકથાના રસને લીધે ભાસથી ભવભૂતિ, કાલિદાસથી ભોજ સુધીના અનેક સમર્થ સંસ્કૃત શબ્દશિલ્પીઓએ એમાં પોતપોતાના રંગો ભેળવીને એની જુદી જુદી 'રિમેક' કરી છે. એ ઉપરાંત વળી સમયાંતરે 'રામચરિતમાનસ'ની જેમ જે-તે સ્થળકાળના આગવા (અને એકબીજાથી અલગ) રામાયણો બનતાં ગયા છે.

પુસ્તક લખાય એવો વિષય છે પણ એક ઉદાહરણ લઈએ. શ્યામ બેનેગલે ભારત એક ખોજ બનાવતી વખતે જેનું સલીમ ઘાઉસ રામ, પલ્લવી જોશી સીતા અને ઓમ પૂરી રાવણ તરીકે લઈને નાટ્યરૂપાંતર કરેલું એ મહાકવિ જ કહેવાતા ભાસના પ્રાચીન એવા સંસ્કૃત પ્રતિમાનાટકના પાંચમાં અંકમાં સીતાહરણ માટે આવેલ રામ જોગીના વેશમાં રામને પણ મળે છે ! એમાં વનમાં આશ્રમમાં રામ અને સીતા મહારાજ દશરથના શ્રાદ્ધ વિશે ચિંતા કરી રહ્યા છે. રામને લાગે છે કે કંદમૂળ ને એવું ધરાવી શ્રાદ્ધ કરીશું તો પિતાના આત્માને વનવાસની ઘટના યાદ આવતા પીડા થશે. એ વખતે સંન્યાસીના વેશમાં રાવણ અતિથિ તરીકે આવે છે. સીતાના સતીત્વના રામ સમક્ષ વખાણ કરે છે.

રાવણ પોતાનો પરિચય કાશ્યપ ગોત્રના બ્રાહ્મણ અને 'પ્રચેતસ શ્રાદ્ધકલ્પ'ના જ્ઞાતા તરીકે આપે છે. રામ શ્રાદ્ધમાં પિતૃઓને શેનાથી તૃપ્ત કરવા તે પૂછે છે. રાવણ વિવિધ શાસ્ત્રોક્ત દ્રવ્યો જણાવીને કહે છે કે પ્રભાવથી પ્રાપ્ત થાય તેવું પણ એક દ્રવ્ય છે. રામ કહે છે મારી પાસે તપ અને ધનુષ્ય બંને હાજર છે. જો તપ થાકી જશે તો ધનુષ્ય અને ધનુષ્ય થાકી જશે તો તપ તે કાર્યસિદ્ધ કરશે. ત્યારે રાવણ હિમાલયના સાતમા શિખર પર રહેતા 'કાંચનપાર્શ્વ' નામના સોનેરી પડખાવાળા મૃગ વિશે જણાવે છે. રાવણ અવનવા શાસ્ત્રોના શ્લોકો સંભળાવે છે. રામ હિમાલય એ મૃગ માટે જવા તૈયાર થાય છે ત્યાં માયાવી મૃગ દેખાતા સીતાને સન્યાસી રાવણના ભરોસે મૂકી ધનુષની પ્રત્યંચા ચડાવે છે. રામને ધનુષ્ય સાથે દોડતા જોઈ રાવણ મનમાં તેમના પરાક્રમની પ્રશંસા કરે છે કે 'અહો બળ! અહો વીરતા! અહો સામર્થ્ય! અહો વેગ! 'રામ' એવા નાના અક્ષરો વડે આ આખું જગત વ્યાપ્ત થયું છે તે ખરેખર યોગ્ય જ છે.'

પછી રાવણ એકલી સીતાને પોતાનો અસલી પરિચય આપી જાતે જ પોતાની પ્રશંસા કરવા લાગે છે. ગભરાટ અને ગુસ્સાની મિશ્ર લાગણીમાં સીતા શ્રાપ આપે છે તો રાવણ ગુમાનથી કહે છે કે 'આકાશમાં વેગથી ઊડતો હોવા છતાં જે હું સૂર્યના કિરણોથી નહોતો દાઝ્યો, ને શ્રાપના શબ્દો શું દઝાડશે!' પછી જનસ્થાનના તપસ્વીઓને પડકાર ફેંકીને સીતાહરણ કરે છે, એ પડકાર સાંભળી કેવળ જટાયુ વહારે આવે છે.

મતલબ, માનસ તો પછી આવ્યું, ભારતમાં તો સંસ્કૃતમાં જ અલગ અલગ રીતે રામની કથા કહેવાતી રહી છે. કોઈ પ્રતિબંધ કે આલોચના વિના !

બૌદ્ધકાળના દશરથ જાતકમાં રામ અયોધ્યાના નહીં, વારાણસીના રાજકુમાર છે. સીતાને રામની સહોદરી બહેન બતાવી દેવામાં આવ્યાં છે. 'અનામક જાતક'માં તો મામાના આક્રમણની તૈયારીઓના સમાચાર મળતાં જ રામ સ્વેચ્છાએ વન ચાલ્યા જાય છે. દશરથ જાતકમાં રાવણ અને તેની વિરુદ્ધ યુદ્ધનો કોઈ પ્રસંગ જ નથી. અનામક જાતકમાં તો રાણીનું હરણ એક દુષ્ટ નાગ કરે છે. દશરથ જાતકમાં રામ વનવાસથી પાછા ફરીને સીતાને પોતાની અગ્રમહિષી બનાવે છે તેવું વિચિત્ર વિધાન ક્યાંકથી આવી ગયું છે, એ તો આપણી સામાન્ય સમજમાં પણ કોઈ કાળે સ્વીકાર્ય બને એવું નથી ને એટલે જ ભૂલાઈ ગયું એ આપોઆપ.

પ્રાપ્ય માહિતી મુજબ જૈન રામાયણમાં રામ અંતે દીક્ષા લઈ સંસારત્યાગ કરે છે. એના એક પ્રસંગમાં રાજા સિંહોદર પોતાની ૩૦૦ પુત્રીઓ અને રાજા વજ્રકર્ણ પોતાની આઠ પુત્રીઓ લક્ષ્મણને વિવાહ માટે આપે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'માં લક્ષ્મણની ૧૬,૦૦૦ રાણીઓ બતાવવામાં આવી છે. જેમાં આઠ મુખ્ય પટરાણીઓ છે- વિશલ્યા, રૂપવતી, વનમાલા, કલ્યાણમાલા, રત્નમાલા, જિતપદ્મા, અભયવતી અને મનોરમા. તેમનાથી ૨૫૦ પુત્રો હોવાનું પણ વર્ણન છે. વિમલસૂરિના 'પઉમચરિયં'માં પણ એક પાઠાંતરમાં લક્ષ્મણની ૧૭,૦૦૦ પત્નીઓ બતાવવામાં આવી છે, જ્યારે તેના બીજા પાઠમાં ૧૬,૦૦૦નો ઉલ્લેખ છે. જૈન રામાયણોમાં જૂના વાસુદેવ વહીન્દી મુજબ લક્ષ્મણ રાવણને મારે છે. કારણ કે જૈન કથાનાયક તરીકે રામ હિંસા ના કરી શકે!

આદિવાસી રામાયણ આનાથી બિલકુલ અલગ છે. તેમાં રામ કોઈ મહેલના રાજા નથી, પરંતુ વન અને ગામ સાથે જોડાયેલા પોતાના ભાઈ જેવા લાગે છે. આ જ રીતે રામની બહેન શાંતાનો ઉલ્લેખ પણ બધી જગ્યાએ એકસરખો નથી. તુલસીદાસજીની રામચરિતમાનસમાં શાંતાનો કોઈ ઉલ્લેખ નથી. વાલ્મીકિ રામાયણમાં પણ એનું નામ સીધી રીતે નથી, માત્ર એટલો જ અછડતો ઈશારો છે કે શૃંગી ઋષિ દશરથના જમાઈ છે. અધ્યાત્મ રામાયણ અને આનંદ રામાયણમાં શૃંગી ઋષિએ પુત્રપ્રાપ્તિ માટેનો પુત્રકામેષ્ટિ યજ્ઞ મહારાજ દશરથને કરાવેલો.

દક્ષિણના કંબન ઋષિકવિ તો કબૂલે જ છે કે આ કથા અનેક રૂપે અનેક રીતે કહેવાતી રહી છે. કંબન પોતાની વિનમ્રભાવે રૂપક પણ આપે છે : રામકથા સંપૂર્ણ કહેવાના પ્રયાસની સરખામણી એ બિલાડી સાથે કરે છે જે દૂધના અથાગ સમુદ્રને પીવાનો પ્રયાસ કરી રહી હોય ! પ્રદેશના હિસાબે પણ ભેદ છે- દક્ષિણની કંબન રામાયણમાં કથાનું કેન્દ્ર રામ કરતા રાવણ પર વધુ છે. તેને ત્યાં એક મહાન વિદ્વાન અને શક્તિશાળી રાજા તરીકે દર્શાવવામાં આવ્યો છે. કંબન રામાયણના અરણ્યકાંડમાં શૂર્પણખા આગલા દિવસે પાછી આવે છે. તે જુએ છે કે સીતા એકલાં છે અને લક્ષ્મણ ત્યાં ઉપસ્થિત નથી. તેનો વિચાર છે કે સીતાને પકડીને ક્યાંક છુપાવી દેવાય અને પછી સ્વયં તેમનું રૂપ ધારણ કરી લેવાય. તે સીતાને પકડવા માટે આગળ વધે છે. લક્ષ્મણ તેને જોઈ લે છે અને રોકે છે.

શક્તિભદ્રના પ્રાચીન 'આશ્ચર્ય ચૂડામણિ' નાટકમાં શૂર્પણખા પહેલાં સુંદર સ્ત્રીનું રૂપ લઈને લક્ષ્મણ અને પછી રામની સામે પ્રણય-નિવેદન કરે છે. અસ્વીકૃત થવા પર તે પોતાના રાક્ષસી રૂપમાં આવે છે અને લક્ષ્મણ સાથે સંઘર્ષ કરે છે. પરંતુ પછીથી, જ્યારે રાવણ સીતાનું અપહરણ કરી ચૂક્યો હોય છે, ત્યારે શૂર્પણખા સીતાનું રૂપ ધારણ કરીને રામને ભ્રમિત કરવા આવે છે. મારીચ રામનું રૂપ ધારણ કરે છે! પાછળથી ચૂડામણિની અલૌકિક શક્તિથી તેનું વાસ્તવિક રૂપ પ્રગટ થાય છે. આ નાટકમાં શૂર્પણખા દ્વારા સીતા પર હુમલો કરવાનો પ્રસંગ નથી. બલ્કે તે સીતાના અપહરણની યોજનામાં સ્વયં ભાગ લે છે.

ભુશંડી રામાયણથી ચંપૂ રામાયણ જેવા અટપટા રામાયણો રચાયા છે. કોઈમાં હનુમાન રામના ભાઈ છે, કોઈમાં સીતા મંદોદરીની દીકરી છે! બૌદ્ધ ભિખ્ખુઓના ફેલાવા સાથે એ બધા અગ્નિ એશિયાના ઈન્ડોનેશિયાથી ચીન-જાપાન સુધી પહોંચ્યા. લોકવાર્તાની જેમ એમાં કેટલુંય ફરી ગયું. થાઈલેન્ડ- મ્યાનમારમાં તો રાજાઓના નામ રામ હતાં ! ક્યાંક છાયાસીતા છે તો ક્યાંક મહીરાવણ છે, ક્યાંક મકરધ્વજ છે તો ક્યાંક રાવણે નથી લખ્યું (કોણે લખ્યું એ નામ ખોવાઈ ગયું!) એવું શિવતાંડવ સ્તોત્ર છે. હજુ તો વાલ્મીકિ રામાયણનાં ઉત્તરકાંડ બાબતે એટલી શાસ્ત્રીય ચર્ચાને મતભેદ છે કે આખો જુદો લેખ થાય! એટલે તુલસીદાસજીએ એ વાત પડતી મૂકી છે.

ગુજરાતીઓને કદાચ ખબર પણ નથી કે આવા અડાબીડ જંગલ વચ્ચે શકય એટલું ગાળીચાળી મુળ શુદ્ધ વાલ્મીકિ રામાયણ પ્રગટ કરવાનું કામ આપણા વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીએ ૧૯૫૪માં શરૂ કર્યું, અને દેશ-વિદેશના વિદ્વાનોના વિચારવિમર્શ પછી ૨૪ વર્ષે સંશોધિત આવૃત્તિના ૭ તોસ્તાન ગ્રંથો પ્રગટ થયા હતાં. ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટ ઓફ બરોડાએ પાંચ હજાર પાનાના સાત કાંડો એ વખતે ફકત અઢીસો રૂપિયામાં વેંચ્યા હોવા છતાં, કોઈ વાંચતુ નથી !

શિક્ષિત એને કહેવાય જે જડતા બાજુએ મુકીને એક મૂળમાંથી નીકળેલી અવનવી શાખા જેવા સર્જનનું સ્વાગત કરે ! સનાતનની ધારામાં એટલે જ કોઈ એક પુસ્તક કે નિયમને સાર્વત્રિક ફાઈનલ ઓથોરિટી માનવાનો ધારો નથી.

(મંદિરોમાં તકતી મુકવા માટે કરોડો ખર્ચનારા ગુજરાતી ધનકુબેરોએ આવા જ્ઞાનયજ્ઞમાં કાણી કોડીનું ય દાન આપ્યું નહોતું !) બે હજાર જેટલી રામાયણની હસ્તલિખિત પોથીઓમાં ચકાસી ૮૬ અધિકૃત, જૂની પોથીઓ વડોદરા એકઠી કરવામાં આવી હતી. ૪૫ પોથી દેવનાગરીમાં હતી. દુનિયાની સૌથી જૂની હસ્તલિખિત પોથી ઈ.સ. ૧૦૨૦ની કાઠમંડુ (નેપાળ)ની હતી.

એમાંથી જે એકસમાન નીકળે એ જુદુ તારવ્યું, બાકીનાની શૈલી-વ્યાકરણ સાહિત્યિક, સાંયોગિક અને ઐતિહાસિક સંદર્ભમાં ચકાસણી થઈ. અક્ષરેઅક્ષર પર ઝીણવટપૂર્વક કામ કરીને વાલ્મીકિ રામાયણનો મુળ પાઠ અને એમાં થયેલા ફેરફારોની નોંધો સહિત આ લગભગ સત્તાવાર રામાયણ પ્રકાશિત થયું છે. (વિજય પંડ્યાએ એનો ગુજરાતી અનુવાદ કર્યો છે). એનું મહાત્મ્ય કેવળ ધાર્મિક નથી એ સંસ્કૃત ભાષા, નામ, ક્રિયાપદ, વિશેષણ અને જે તે કાળની અસરોનો પણ દસ્તાવેજ છે. ૨૩૦૦-૨૪૦૦ વર્ષ પહેલાં પાણિનીના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ ગ્રંથમાં વર્ણવાયેલા નિયમો બહારના

|| અનુસંધાન પાના નં.૦૮ પર

રોબર્ટ થર્મનનું બૌદ્ધ દર્શન : યોગ અને ધ્યાનથી પ્રાણ અને ચેતનાનું પરિવર્તન

■ 'I invite you to embrace a new reality. It is not a matter of religion - It is a matter of fact, a matter of science, a matter of experiment and a matter of awareness.

હું તમને એક નવી વાસ્તવિકતા સ્વીકારવા માટે નિમંત્રણ આપું છું. આ કોઈ ધર્મની બાબત નથી - આ હકીકતની, વિજ્ઞાનની, પ્રયોગની અને જાગૃતિની બાબત છે.'

■ 'The World is what the individual makes it. When we break through into the liberty of the heart, mind and spirit in the process of enlightenment, we free others at the same time.

દુનિયા એવી જ બને છે જેવી વ્યકિત તેને બનાવે છે. જયારે આપણે જ્ઞાન પ્રાપ્તિની પ્રકિયામાં હૃદય, મન અને આત્માની સ્વતંત્રતા મેળવીએ છીએ, ત્યારે આપણે તે જ સમયે અન્ય લોકોને પણ મુક્ત કરીએ છીએ.'

■ 'We recognise that this moment is everything. The seed of our being, all our future states, the product of all our past states, is now here in this moment and this moment begins to become more and more infinite."

આપણે સમજીએ છીએ કે આ વર્તમાન ક્ષણ જ સર્વસ્વ છે. આપણા અસ્તિત્વનું બીજ, આપણી ભવિષ્યની તમામ અવસ્થાઓ એ ભૂતકાળના તમામ અનુભવોનો સાર અત્યારે આ ક્ષણમાં જ સમાયેલો છે અને આ ક્ષણ ધીમે ધીમે અનંત બનતી જાય છે.

- Robert Thurman
(રોબર્ટ થર્મન)

પશ્ચિમી જગતમાં તિબેટીયન બૌદ્ધધર્મના અગ્રગણ્ય વિદ્વાન, લેખક રોબર્ટ થર્મન ચૌદમા દલાઈ લામાના આજીવન મિત્ર હતા. તેમનું જીવન અને દર્શન આધુનિક યુગ માટે અત્યંત પ્રેરણાદાયી છે. ૩ ઓગસ્ટ ૧૯૪૧ના રોજ ન્યૂયોર્ક શહેરમાં જન્મેલા થર્મનના જીવનમાં ૧૯૬૧માં હાર્વર્ડ યુનિ.માં અભ્યાસ દરમિયાન એક મોટો વળાંક આવ્યો, જ્યારે એક અકસ્માતમાં તેમણે

ગોચર-અગોચર
દેવેશ મહેતા

પોતાની ડાબી આંખ ગુમાવી અને ત્યારબાદ જીવનના ઊંડા અર્થની શોધમાં તેઓ ભારત આવ્યા. ભારતમાં તિબેટીયન લામાઓને અંગ્રેજી શીખવતા શીખવતા તેઓ બૌદ્ધ તત્ત્વદર્શન તરફ આકર્ષાયા અને ૧૯૬૫માં ૧૪મા દલાઈ લામાના હસ્તે દીક્ષા લઈને તિબેટીયન બૌદ્ધ પરંપરાના પ્રથમ અમેરિકન ભિક્ષુ બન્યા.

૧૯૬૭માં અમેરિકા પરત ફરીને તેમણે ગૃહસ્થ જીવન અપનાવ્યું. હાર્વર્ડમાંથી સંસ્કૃત અને ભારતીય વિદ્યાઓમાં પી.એચ.ડી. કર્યું અને દાયકો સુધી કોલંબિયા યુનિવર્સિટીમાં જે સૌગખાપા પ્રોફેસર ઓફ ઈન્ડો-તિબેટીયન બુદ્ધિસ્ટ સ્ટડીઝ તરીકે અધ્યાપન કર્યું. દલાઈ લામાના આગ્રહથી તેમણે ૧૯૪૭માં તિબેટીયન સંસ્કૃતિના જતન માટે 'તિબેટ હાઉસ યુ.એસ.'ની સ્થાપના કરી અને ૨૦થી વધુ પુસ્તકો લખ્યા જેના યોગદાન બદલ ભારત સરકારે તેમને પ્રતિષ્ઠિત 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. વિખ્યાત 'ટાઈમ' મેગેઝિને ૧૯૯૭ના ૨૫ સર્વાધિક પ્રભાવશાળી અમેરિકનોમાં એમની પસંદગી કરી હતી, પ્રખ્યાત હોલીવુડ અભિનેત્રી ઉમા થર્મનના પિતા એવા આ મહાન વિદ્વાને ૧૬ જૂન ૨૦૨૬ના રોજ ૮૪ વર્ષની વયે ન્યૂયોર્કના વુડસ્ટોક ખાતે અંતિમ શ્વાસ લીધા.

ડૉ. રોબર્ટ થર્મન તિબેટીયન વજ્રયાન તંત્રને કોઈ રહસ્યમય ધાર્મિક ક્રિયાકાંડને બદલે મન અને શરીરને રૂપાંતરિત કરવાનું એક વ્યવહારુ આંતરિક વિજ્ઞાન (Inner Science) છે એવું માનતા હતા. તેમના મત પ્રમાણે જે રીતે આધુનિક વિજ્ઞાન બાહ્ય ભૌતિક જગતની તપાસ કરે છે તેવી રીતે બૌદ્ધ યોગ ધ્યાન અને પ્રાણાયામ માનવીય ચેતનાનું રૂપાંતરણ અને ઊર્ધ્વીકરણ કરે છે. તે કહે છે - 'ભારત અને તિબેટની આધ્યાત્મિક વિદ્યાઓ દ્વારા વિકસિત થયેલી અહિંસા, આશાવાદ અને બિનશરતી (unconditional) કરુણાની આ પરંપરા એક શાંત આંતરિક ક્રાંતિ (Inner Revolution) છે જેની શરૂઆત ૨૫૦૦ વર્ષ પહેલાં બુદ્ધે દુ:ખના અંતની સમજ સાથે કરી હતી.'



રોબર્ટ થર્મનના બૌદ્ધ દર્શન અને આધ્યાત્મિક ચિંતનનો મુખ્ય આધાર પ્રેમ, કરુણા, જાગૃતિ અને માનવ કલ્યાણ છે. તે કહે છે કે જીવનનો સાચો અર્થ માત્ર પોતાના સુખની શોધમાં નથી, પરંતુ બીજાના જીવનમાં પણ સુખ, શાંતિ અને આનંદનું નિર્માણ કરવામાં છે. બૌદ્ધ દર્શનમાં પ્રેમને મૈત્રી કહેવામાં આવે છે. મૈત્રી એટલે કોઈની પાસેથી કંઈક મેળવવાની આશા રાખ્યા વિના તેના સુખની કામના કરવી. સામાન્ય રીતે આપણે પ્રેમને લાગણી, સંબંધ કે આસકિત સાથે જોડીએ છીએ, પરંતુ સાચો પ્રેમ વ્યકિતને બાંધતો નથી, તેને સ્વતંત્રતા આપે છે. આસકિતમાં અધિકાર ભાવ હોય છે, જ્યારે નિ:સ્વાર્થ પ્રેમમાં સ્વીકાર, સમજણ અને સમર્પણ હોય છે. સાચો પ્રેમ એ નથી કે સામેની વ્યકિત આપણા પ્રમાણે જીવે, પરંતુ તે પોતાની રીતે સુખી અને સ્વતંત્ર જીવન જીવી શકે તેવી ભાવના રાખવી.

પ્રેમની સાથે કરુણા બૌદ્ધ જીવન દર્શનનું બીજું મહત્વનું તત્ત્વ છે. કરુણા એટલે બીજાના દુ:ખને માત્ર જોવું નહીં. પરંતુ તેના દુ:ખને સમજવું અને તે દુ:ખ દૂર થાય તેવી આંતરિક ઈચ્છા રાખવી. જ્યારે આપણે કોઈ વ્યકિતના દુ:ખને તેની દ્રષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણા મનમાંથી ક્રોધ, દ્વેષ અને અહંકાર ધીમેધીમે ઓછા થવા લાગે છે. ઘણી વખત જે વ્યકિત આપણને દુ:ખ આપે છે તે પોતે પણ અજ્ઞાન, ભય, અસલામતી કે આંતરિક અશાંતિથી પીડાતી હોય છે. આ સમજણનો અર્થ અન્યાય સહન કરવાનો નથી, પરંતુ અન્યાયનો વિરોધ પણ પ્રેમ અને વેરભાવ વિના કરી શકાય છે તે શીખવાનો છે.

ડૉ. રોબર્ટ થર્મનના મતે ભારતીય હઠયોગ અને તિબેટીયન વજ્રયાન તંત્ર એક જ પ્રાચીન ભારતીય આધ્યાત્મિક પરંપરાના બે જોડિયા પાસા છે. જે ૮મી થી ૧૧મી સદી દરમિયાન મહાસિદ્ધો દ્વારા સાથે વિકસ્યા હતા. બંને પરંપરાઓ શરીરની સૂક્ષ્મ નાડીઓ, ચક્રો અને પ્રાણ ઊર્જા પર કામ કરીને મનની ચંચળતાને શાંત કરે છે. પરંતુ જ્યાં હઠયોગ આત્મા અને પરમાત્માના મિલન પર ભાર મૂકે છે ત્યાં વજ્રયાન 'અનાત્મ' અને 'શૂન્યતા'ના સિદ્ધાંત પર ચાલીને સર્વ જીવોના કલ્યાણ માટે બુદ્ધત્વ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખે છે.

બૌદ્ધ દર્શનમાં ધ્યાનને મનને શાંત કરવાની એક સામાન્ય ક્રિયા કરતાં ઘણું મોટું સ્થાન આપવામાં આવ્યું છે. ધ્યાન એટલે પોતાનાં મનને ઓળખવાની, વિચારોને સમજવાની અને પોતાની અંદર રહેલી અજાગૃતિને દૂર કરવાની પ્રકિયા. જ્યારે આપણે શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ ત્યારે મન ધીમેધીમે વર્તમાન ક્ષણમાં સ્થિર થવા લાગે છે. ધ્યાન મનમાં ઊભા થતા વિચારો, ક્રોધ, ઈર્ષ્યા, ભય અને આસકિતને દબાવવાને બદલે તેને જાગૃતિપૂર્વક જોવાનું શીખવે છે. આ જાગૃતિ આપણને દરેક પરિસ્થિતિમાં તરત પ્રતિક્રિયા આપવાને બદલે સમજદારીપૂર્વક પ્રતિભાવ આપવાની શકિત આપે છે. ધ્યાન દ્વારા આપણે સમજીએ છીએ કે સુખ અને દુ:ખ બન્ને જીવનના અસ્થાયી અનુભવો છે અને કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. મહાયાન બૌદ્ધ પરંપરામાં બોધિચિત્તનો વિચાર અત્યંત મહત્વનો છે. બોધિચિત્ત એટલે માત્ર પોતાના કલ્યાણ માટે નહીં, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના કલ્યાણ માટે જાગૃતિ અને બુદ્ધત્વ પ્રાપ્ત કરાવની પવિત્ર ભાવના.

થર્મન વજ્રયાન તંત્રની સમજ આપતા કહે છે - 'તંત્ર એ મન અને વિશ્વને અજ્ઞાનની અવસ્થામાંથી જ્ઞાન અને બોધની અવસ્થા તરફ પરિવર્તિત કરવાની એક સાધનાત્મક પદ્ધતિ છે.' તેમના મતે તંત્રમાં કલ્પના શકિત, શૂન્યતાનું જ્ઞાન અને ચિત્તના પુન:નિર્માણનું વિશેષ મહત્વ છે. વજ્રયાન તંત્રમાં સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર, અતિ સૂક્ષ્મ શરીર, નાડી, પ્રાણ-વાયુ, બિંદુ અને પ્રભાસ્વર ચિત્તનો અભ્યાસ અને સાધના છે. હઠયોગમાં આસન, પ્રાણાયામ, મુદ્રા, બંધ, નાડીશોધન, ધ્યાન અને સમાધિની સાધના કરવાની હોય છે.